પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૫-૦૩-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૭૦ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# લંકા પાસે ઈરાની યુદ્ધ જહાજને અમેરિકાએ ડુબાડયું

## યુદ્ધ જહાજ પર સવાર ૧૮૦ ઈરાની સૈનિકો પૈકીના ૮૦નાં મોત : શ્રીલંકાએ ૩૯ને બચાવી લીધા, અન્યોની શોધખોળ

નવી દિલ્હી, તા. ૫

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે છઠ્ઠો દિવસ છે. આજે ઈરાન પર અમેરિકી હુમલાના ૧૦૦ કલાક પૂરા થયા છે. અત્યાર સુધીમાં આ યુદ્ધમાં ૧ હજારથી વધુ લોકો માર્યા ગયા છે. જયારે, ઈઝરાયલ-અમેરિકાએ મળીને ૧૭ ઈરાની જહાજો ડુબાડ્યા.

ઈરાને વળતો પ્રહાર કરતા મિડલ ઈસ્ટના ૯ દેશોમાં બનેલા અમેરિકી બેઝ પર હુમલો કર્યો. આ દરમિયાન ઈઝરાયલે લેબનોનના ત્રિપોલી શહેરમાં આવેલા પેલેસ્ટિનિયન શરણાર્થી કેમ્પ પર હુમલો કર્યો છે. રિપોર્ટ અનુસાર, આ હુમલો બેદાવી રેફ્યુજી કેમ્પમાં થયો હતો, જેને ઉત્તરી લેબનોનનો સૌથી મોટો પેલેસ્ટિનિયન શરણાર્થી કેમ્પ માનવામાં આવે છે.

આ દરમિયાન ઈરાને ઈઝરાયલને કડક ચેતવણી આપી છે. એક ઈરાની સૈન્ય અધિકારીએ કહ્યું કે જો અમેરિકા અને ઈઝરાયલ, ઈરાનમાં સત્તા પરિવર્તનનો પ્રયાસ કરશે, તો ઈરાન ઈઝરાયલના ડિમોના ન્યુક્લિયર સેન્ટરને નિશાન બનાવી શકે છે.

ઈરાની ન્યૂઝ એજન્સી જીદ્નછ અનુસાર, અધિકારીએ કહ્યું કે આવી કોઈપણ કાર્યવાહીની સ્થિતિમાં દક્ષિણ ઈઝરાયલમાં આવેલા આ પરમાણુ કેન્દ્ર પર હુમલો કરી શકાય છે.અમેરિકાએ ભારતથી પરત ફરી રહેલા એક ઈરાની યુદ્ધ જહાજ IRIS દેના પર શ્રીલંકા નજીક હુમલો કરીને તેને ડુબાડી દીધું છે. હુમલામાં અત્યાર સુધીમાં ૮૭ ઈરાની નૌસૈનિકો માર્યા ગયા છે. આ માહિતી શ્રીલંકા સરકારે આપી છે.અમેરિકી સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે જણાવ્યું કે હિંદ મહાસાગરમાં અમેરિકી સબમરીને ઈરાની જહાજને ટોર્પિડોથી નિશાન બનાવીને ડુબાડી દીધું. શ્રીલંકાની



નેવીએ ૩૨ ઘાયલ નૌસૈનિકોને બચાવીને તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા છે.

જહાજ પર લગભગ ૧૮૦ નૌસૈનિકો સવાર હતા. ગુમ થયેલા લોકોની શોધ માટે સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. આ ઈરાની યુદ્ધ જહાજ ગયા મહિને ભારતના વિશાખાપટ્ટનમમાં આયોજિત ૨૦૨૬ ઈન્ટરનેશનલ ફ્લીટ રિવ્યુમાં ભાગ લઈને પરત ફરી રહ્યું હતું.

શ્રીલંકાના અધિકારીઓએ અલ જઝીરાને જણાવ્યું કે બુધવારે સવારે લગભગ ૬ થી ૭ વાગ્યાની વચ્ચે (ભારતીય સમય મુજબ) મદદ માટે મેસેજ મોકલવામાં આવ્યો હતો. આ જહાજ દક્ષિણ શ્રીલંકાના ગાલે શહેરથી લગભગ ૪૦ નોટિકલ માઈલ (લગભગ ૭૫ કિલોમીટર) દૂર હતું.દુબઈમાં પાંચ દિવસથી ફસાયેલા મુસાફરો પોતાના ઘરે પરત ફરી રહ્યા છે. આયર્લેન્ડ, બલ્ગેરિયા અને ઓસ્ટ્રેલિયા સહિતના ઘણા સ્થળોએ ફ્લાઈટ્સ શરૂ થઈ ગઈ છે.


દુબઈ એરપોર્ટ્સે સોમવારે સાંજથી મર્યાદિત સંખ્યામાં ફ્લાઈટ્સ ફરી શરૂ કરી, જેમાં અગાઉથી બુકિંગ કરાવનારાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું.અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે ઈરાન સામે યુદ્ધના કારણે પહેલાં આ ક્ષેત્રમાં એરપોર્ટ બંધ થઈ ગયા હતા અને ફ્લાઈટ્સ રદ થઈ ગઈ હતી, જેના કારણે હજારો આંતરરાષ્ટ્રીય મુસાફરો ફસાઈ ગયા હતા.સંયુક્ત આરબ અમીરાતમાં આવેલું દુબઈ, મિડલ ઈસ્ટનું સૌથી મોટું પર્યટન અને વ્યાપાર કેન્દ્ર છે. તેનું હવાઈમથક દુનિયાના સૌથી વ્યસ્ત હવાઈમથકોમાંનું એક છે અને તે અમીરાત એરલાઈનનું મુખ્ય કેન્દ્ર છે.

# ઈરાન સાથેના યુદ્ધમાં ટ્રમ્પે ખુદની પીઠ થાબડી

## ટ્રમ્પે ખુદજ પોતાને ૧૦માંથી ૧૫ માર્કસ આપી દીધા

નવી દિલ્હી, તા. ૫

ઈરાન પર ચાલુ હુમલા વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે એક મોટું નિવેદન કર્યું છે કે ઈરાન સામે અમેરિકાનું અભિયાન આશા કરતા બહેતર રહ્યું છે ત્યાં સુધી કે ટ્રમ્પે આ અભિયાનમાં ખુદને ૧૦માંથી ૧૫ માર્કસ આપી દીધા છે!



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકન સેનાના પ્રદર્શનની જોરદાર પ્રશંસા કરી છે. તેમણે દાવો કર્યો છે કે યુદ્ધના છઠ્ઠા દિવસે અમેરિકા અત્યંત મજબૂત સ્થિતિમાં છે અને ઈરાની નેતૃત્વ તેમજ તેમની મિસાઈલ ક્ષમતા ઝડપથી નબળી પડી રહી છે.વ્હાઈટ હાઉસમાં ટેકનોલોજી કંપનીઓના વડાઓ સાથેની વાતચીત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, "અમે યુદ્ધના મોરચે ખૂબ જ સારું કરી રહ્યા છીએ. જ્યારે મને કોઈએ પૂછ્યું કે તમે ૧૦ માંથી આ સ્થિતિને કેટલું રેટિંગ આપશો, તો મેં કહ્યું - ૧૫". ટ્રમ્પના મતે, યુદ્ધ શરૂ થયાના એક અઠવાડિયાથી પણ ઓછા સમયમાં અમેરિકાએ આશા કરતા વધુ પ્રગતિ હાંસલ કરી છે.યુદ્ધના છઠ્ઠા દિવસે સમુદ્રી મોરચે પણ એક મોટી ઘટના બની છે. અહેવાલો મુજબ, અમેરિકન સબમરીને શ્રીલંકાના દરિયાકાંઠા પાસે ઈરાનના એક મોટા યુદ્ધજહાજને ડૂબાડી દીધું છે. પેન્ટાગોને સ્પષ્ટ કર્યું છે કે આ સૈન્ય અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાની મિસાઈલ ક્ષમતાઓને તોડી પાડવાનો અને તેમના સૈન્ય માળખાને નુકસાન પહોંચાડવાનો છે.ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાની નેતૃત્વના અનેક મહત્વના ચહેરાઓ અત્યારે અમેરિકાના નિશાના પર છે અને તેમના પર સતત દબાણ બનાવવામાં આવી રહ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલ અત્યારે સમન્વય સાથે આક્રમક સૈન્ય અભિયાન ચલાવી રહ્યા છે, જેના કારણે ઈરાનનો ડ્રોન અને મિસાઈલ સ્ટોક ઝડપથી ખતમ થઈ રહ્યો હોવાનું માનવામાં આવે છે.મધ્ય પૂર્વમાં આ સંઘર્ષ હવે પ્રાદેશિક સ્થિરતા માટે મોટો પડકાર બની ગયો છે. ઈઝરાયેલે છેલ્લા ૫ દિવસમાં ઈરાન પર ૫૦૦૦ થી વધુ બોમ્બ ઝીક્યા છે, જેના કારણે તેહરાન સહિત આખા દેશમાં તબાહીના દ્રશ્યો છે. બીજી તરફ, નાટો (NATO) પણ આ જંગમાં કૂદવાની તૈયારીમાં હોય તેવા સંકેતો મળી રહ્યા છે.

# યુદ્ધના સંકટને પગલે પ્રોપર્ટી બજારમાં છવાયેલી મંદી

## ભારતીય અમીરોએ દુબાઈમાં રોકાણ કરવાનું માંડી વાળ્યું

નવી દિલ્હી, તા. ૫

પશ્ચિમ એશિયામાં સંકટ વચ્ચે ભારતીય અમીરોએ દુબઈના રિયલ એસ્ટેટથી હાલમાં અંતર રાખી દીધુ છે. ઘણા ભારતીય અમીરોએ દુબઈમાં પ્રોપર્ટી ખરીદેલી છે. નાઈટ ફ્રાન્કના મુજબ ૨૦૨૪માં દુબઈમાં થયેલા પ્રોપર્ટીના વેચાણમાં થયેલા પ્રોપર્ટીના વેચાણમાં ભારતીયોની ભાગીદારી ૬ ટકા હતી.

જે ૨૦૨૫માં ૧૦ ટકા થઈ ગઈ. યુએઈમાં પ્રોપર્ટી સાઉથ મુંબઈ અને ગુરૂગ્રામની તુલનામાં સસ્તી હોય છે. અને ત્યાં ભાડુ પણ સારૂ મળે છે. પરંતુ હાલમાં ઈરાને જે રીતે તબાહી મચાવી છે તેનાથી તેની એક સુરક્ષિત ઠેકાણા તરીકે તેની છબી ખરાબ થઈ છે.

એક અહેવાલ મુજબ છેલ્લા અનેક વર્ષથી દુબઈમાં અનેક જાણીતા બિલ્ડર્સ ભારતીય ગ્રાહકોને ટાર્ગેટ કરી રહ્યા છે તેમાં એમાર ડેમેક સોભા, ડાન્યુબ, નખીલ અને દુબઈ હોલ્ડીંગ સામેલ છે. દુબઈમાં પ્રોપર્ટીની કિંમત ૨.૫થી ૩ કરોડ રૂપિયાથી શરૂ થાય છે અને તેનું સારૂ એવું ભાડુ પણ મળી જાય છે તે સાઉથ મુંબઈ અને ગુરૂગ્રામની તુલનામાં સસ્તુ છે. અનેક ભારતીય કંપનીઓએ પણ યુએઈમાં પોતાનો બિઝનેસ શરૂ કર્યો છે અને ત્યાં પ્રોજેક્ટ ડેવલપ કરી રહ્યા છે.

ફન્ડા મેન્ટલસ મજબૂત ડેન્યુબ ગ્રુપના ફાઉન્ખ અને ચેરમેન રિજવાન લાજન દુબઈને લઈને ગ્રાહકોની ચિંતાને ઝાઝુ મહત્વ નથી આપતા તેઓ કહે છે- હાલ રિયલ એસ્ટેટ માર્કેટમાં ફંડામેન્ટલ સ્ટ્રકચરલ શિફટથી વધુ સેન્ટીમેન્ટસનો વધુ પ્રભાવ જોવા મળી રહ્યો છે.

હાલ એ કહેવું મુશ્કેલ છે કે લાંબા સમયે તેની શું અસર થશે. આ પ્રકારના ઘટનાક્રમથી અસ્થાયી અનિશ્ચિતતા હોઈ શકે છે પરંતુ ઓવર ઓલ ફંડામેન્ટલ્સ મજબૂત બનેલા છે.ડિસ્કાઉન્ટની આશા

અનેક રિયલ એસ્ટેટ કંપનીઓના અધિકારીઓએ કહ્યું હતું કે હાલના સંકટનું કારણ બાયર્સ (ખરીદનાર) શોર્ટ ટર્મમાં કેટલાક ડિસ્કાઉન્ટની આશા રાખી રહ્યા છે, પણ લાંબા ગાળામાં તેના પર કોઈ અસર નહી પડે.

# બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર હવે રાજયસભાના સદસ્ય બનશે

## બિહારના રાજકારણમાં છવાયેલી ભારે ઉત્તેજના

નવી દિલ્હી, તા. ૫

બિહારના CM નીતિશ કુમાર રાજયસભામાં જઈ રહ્યા છે. તેમણે એક્સ પર આ જાહેરાત કરી. તેમણે લખ્યું, "જયારથી મેં મારી સંસદીય કારકિર્દી શરૂ કરી હતી, ત્યારથી મને બિહાર વિધાનસભાના બંને ગૃહો અને સંસદના બંને ગૃહોના સભ્ય બનવાની ઈચ્છા હતી. આ મુજબ, હું આ ચૂંટણીમાં રાજયસભાના સભ્ય બનવાની ઈચ્છા રાખું છું." તેમણે વધુમાં કહ્યું- બિહારની નવી સરકારને મારો પૂર્ણ સહયોગ રહેશે.

અટકળો લગાવવામાં આવી રહી છે કે નીતિશ કુમાર ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીન સાથે પોતાની ઉમેદવારી નોંધાવશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહે તેવી શકયતા છે. અમિત શાહ આજે બપોરે ૧૨ વાગ્યે પટના પહોંચશે.

આ તરફ ઝસ નીતિશના રાજયસભા માટે ઉમેદવારીની ખબરો વચ્ચે JDU કાર્યકર્તાઓ CM હાઉસ પહોંચવા લાગ્યા છે. કાર્યકર્તાઓનું કહેવું છે કે, નીતિશ કુમાર બિહારના છે. તેમને ક્યાંય જવા નહીં દઈએ. અમે અમારા પ્રાણ આપી દઈશું. CM હાઉસની બહાર કાર્યકર્તાઓ રડી રહ્યા છે.આ તરફ, બુધવારે સાંજે ૬ વાગ્યે CM આવાસ પર એક મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી હતી. આમાં ત્નદ્વેંના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા અને મંત્રી વિજય ચૌધરી હાજર રહ્યા હતા.

બેઠક દરમિયાન વિજય ચૌધરીએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે અંતિમ નિર્ણય નીતિશ કુમારે લેવાનો છે.

# નેપાળમાં ચૂંટણીને પગલે બોર્ડર બંધ : ૬૦ ગુજરાતીઓ ફસાયા

## નેપાળમાં ૨૭૫ બેઠકો પર શાંતિપૂર્ણ મતદાન

નવી દિલ્હી, તા. ૫

નેપાળમાં સામાન્ય ચૂંટણી માટે મતદાન શરૂ થઈ ગયું છે. આ ચૂંટણીઓ પર વિશ્વના ઘણા દેશોની નજર છે, કારણ કે સપ્ટેમ્બર ૨૦૨૫માં યુવાનોના હિંસક પ્રદર્શનો પછી આ પ્રથમ સામાન્ય ચૂંટણી છે.

ત્યારે તત્કાલીન વડાપ્રધાન કેપી શર્મા ઓલીની સરકાર પડી ગઈ હતી. ઓલીના રાજીનામા પછી નેપાળના પૂર્વ મુખ્ય જસ્ટિસ સુશીલા કાર્કીના નેતૃત્વમાં વચગાળાની સરકાર બની, જે હવે ચૂંટણી કરાવી રહી છે.આ ચૂંટણીમાં કાઠમંડુના પૂર્વ મેયર બાલેન શાહ, કેપી શર્મા ઓલી અને ગગન થાપાને વડાપ્રધાન પદના મુખ્ય દાવેદાર માનવામાં આવી રહ્યા છે.નેપાળમાં ચૂંટણીના કારણે દેશની બોર્ડર બંધ કરી દેવામાં આવેલી છે. ભારત-નેપાળની સૌનોલી બોર્ડર બંધ કરી દેવામાં આવતા ૬૦ જેટલા ગુજરાતીઓ હાલ ત્યાં ફસાયેલા છે. તેઓ નેપાળથી આજે ભારત આવવાના હતા, પરંતુ ચૂંટણીના કારણે બોર્ડર બંધ કરવામાં આવી છે જેના કારણે તેઓ બોર્ડર પર ફસાઈ ગયા છે. ૨૪ જેટલા લોકોની આજે ગુજરાત(અમદાવાદ) આવવા માટેની ફ્લાઈટ છે, પરંતુ નેપાળની બોર્ડરથી ભારતમાં એન્ટ્રી આપવામાં આવી રહી નથી. જેના કારણે બોર્ડર નજીક હોટલમાં તેઓ ફસાઈ ચૂક્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# નાગપુરમાં હોળીનો રંગ ઉડતા મહિલાએ ઉકળતુ પાણી છોકરા પર રેડી દીધું

## બાળકોની હોળીમાં ઉશ્કેરાયેલા નાનીના કૃત્યથી છોકરાની હાલત ગંભીર

નવી દિલ્હી, તા. ૫

મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના કોરાડી વિસ્તારમાં હોળી પર એક ચોંકાવનારી ઘટના બની. ચાર વર્ષનો બાળક ઓમ હરીશ વાંગે તેના ઘરની બહાર રંગની પિચકારી સાથે હોળી રમી રહ્યો હતો. રમતા-રમતા તેણે નાની પર રંગની પિચકારી મારી હતી. આ નાની એવી ઘટનાએ આનંદના તહેવારને ભયાનક ઘટનામાં ફેરવી દીધો.

નાની પર રંગની પિચકારી મારતા મહિલા ગુસ્સે થઈ ગઈ અને તેણે ૪ વર્ષના પૌત્ર પર ઉકળતા ગરમ ??પાણીની ડોલ રેડી દીધી. ભુલકાની ભુલ એટલી હતી કે તેણે માત્ર રમતા-રમતા પિટકારીથી નાની પર રંગ છાંટ્યો હતો. આ અમાનવીય કૃત્યના સીસીટીવી ફૂટેજ હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ ઘટના નાગપુર જિલ્લાના કોરાડી વિસ્તારમાં બની હતી.

રમતા-રમતા ભુલકાએ નાની પર રંગની પીચકારી મારી હતી

મળતી માહિતી મુજબ, ૪ વર્ષનો ઓમ હરીશ વાંગે ઘરની બહાર તેની પાણીની પીચકારી સાથે હોળી રમી રહ્યો હતો. તે દરમિયાન, તેની દાદી, સિંધુ ઠાકરે ગરમ પાણીની ડોલ લઈને જઈ રહી હતી. માસુમ ઓમે તેની પાણીની પીચકારીથી તેની નાની પર થોડો રંગ છાંટી દીધો. દાદી એટલી ગુસ્સે થઈ ગઈ કે તેણે ઉકળતા પાણીની આખી ડોલ માસૂમ બાળક પર રેડી દીધી.

લાગ્યો અને પીડાથી કણસવા લાગ્યો. તેની ચીસો સાંભળીને નજીકના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા અને તરત જ તેના પર ઠંડુ પાણી રેડ્યું, પરંતુ ત્યાં સુધીમાં બાળકનું શરીરનો નીચેનો ભાગ ગંભીર રીતે દાઝી

અનુસંધાન પાના ૭ પર

# ઉત્તર અને મધ્ય ભારતમાં ૩૫ ડીગ્રી સાથે આકરો ઉનાળો

## રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં ૩૮ ડીગ્રી તાપમાન

નવી દિલ્હી, તા. ૫

દેશભરમાં હવામાને ફરી એકવાર અલગ-અલગ રંગો બતાવવાનું શરૂ કરી દીધું છે. ઉત્તર અને મધ્ય ભારતના ઘણા રાજ્યોમાં તીવ્ર ગરમી પડવા લાગી છે, જ્યારે પહાડી વિસ્તારોમાં પશ્ચિમી વિક્ષોભની અસરથી આગામી દિવસોમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. માર્ચની શરૂઆત સાથે જ મેદાની વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઉપર ચાલી રહ્યું છે.

મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનના મોટાભાગના શહેરોમાં દિવસનું તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે. રાજસ્થાનના બાડમેરમાં મહત્તમ તાપમાન ૩૮°C થી વધુ નોંધાયું હતું.

મધ્ય પ્રદેશમાં મંગળવારે રાજ્યના ૨૫ થી વધુ જિલ્લાઓમાં પારો ૩૩ ડિગ્રીથી વધુ નોંધાયો હતો. સૌથી વધુ તાપમાન ધારમાં ૩૫.૯°C રહ્યું. જ્યારે છત્તીસગઢમાં મહત્તમ તાપમાન ૩૬.૫C રાજનાંદગાંવમાં નોંધાયું હતું.બીજી તરફ હિમાચલ પ્રદેશ

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં ધૂળેટી પર્વ બન્યો ગોજારો ડૂબી જવાથી ૨૫ બાળકો, યુવકોના મોત

## કોતપુરની સાબરમતિ નદીમાં ત્રણ અને કીમ નદીમાં ત્રણ યુવકો ડૂબી મર્યા

અમદાવાદ, તા. ૫

તહેવારોની ઉજવણી દરમિયાન સાવધાની અને શિસ્ત ન જળવાય તો આનંદનો પ્રસંગ માતમમાં ફરી જતા સમય લાગતો નથી. આ વાતને સાચી ઠરાવતી અલગ અલગ ઘટનાઓ ગુજરાતમાં ઘટી હતી, જેમાં ૨૫ કરતા વધુ બાળક અને યુવકે જીવ ગુમાવ્યા હતા. સુરત, અરવલ્લી,મહીસાગર, અમરેલી અને અમદાવાદ ગ્રામ્યમાં બનેલી ઘટનાઓમાં ધૂળેટી રમ્યા બાદ ન્હાવા માટે નદી-તળાવમાં પડેલા બાળકો-કિશોરો અને યુવાનો ડૂબી જતા ધૂળેટીનું પર્વ બેરંગ બની ગયું હતું.

અરવલ્લી જિલ્લામાં બે પિતરાઈ ભાઈ જૈમિન ડામોર અને રાયચંદ ડામોર રંગોથી રમ્યા બાદ તળાવમાં ન્હાવા પડ્યા હતા અને ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. માલપુર તાલુકાના નવા જાંબુ ફળી ગામના રહેવાસી બન્ને બાળકો પાંચમા અને છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા હતા. ઘટનાની જાણ થતાં મોડાસા ફાયર બ્રિગેડે બન્નેના મૃતદેહ બહાર કાઢ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના સીતાપુર ગામ નજીક આવેલા ઝોલાસર તળાવમાં ધૂળેટી રમ્યા બાદ ન્હાવા પડેલા પાંચ બાળકો ડૂબી રહ્યા હતા, જેમાંથી બેને બચાવી લેવાયા હતા, પરંતુ ત્રણના મોત થયાનું સૂત્રોએ જણાવ્યું હતું. હાંસલપુર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. જ્યારે સુરતના માંગરોળ તાલુકાના પાનસરા ગામ પાસે કીમ નદીમાં નહાવા પડેલા ત્રણ મિત્ર પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. મૃતકોની ઓળખ સંજય ધનજી માંગુકિયા, ચંદ્રભૂષણ સિંહ અને હેપ્પી સિંહ તરીકે થઈ હતી. સ્થાનિક લોકો અને ફાયર બ્રિગેડે તેમના મૃતદેહ

અનુસંધાન પાના ૭ પર

# ક્રુડ તેલનો જંગી જથ્થો તત્કાળ પુરા પાડવા રશિયાની ભારતને ઓફર

## ક્રુડ તેલ ભરેલા ટેન્કર્સ ભારતની નજીક જ હોવાનો રશિયાનો દાવો

નવી દિલ્હી, તા. ૫

ભારતમાં આગામી દિવસોમાં સર્જાઈ શકેલી ક્રુડતેલ-કટોકટીની ચિંતામાં ફરી એક વખત રશિયા મદદે આવે તેવા સંકેત છે. અમેરિકી દબાણ હેઠળ ભારતે રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદી ઘટાડી દીધી હતી પણ હોર્મુસની ખાડી અને જળમાર્ગ બંધ થવાથી ભારતનો ક્રુડતેલ-ગેસ પુરવઠો ખોરવાઈ શકે છે.

આ સ્થિતિમાં રશિયાએ ભારતને અપાતા ક્રુડતેલના પુરવઠો વધારવા ખાત્રી આપી છે. રશિયાએ જાહેર કર્યુ છે કે, તે ભારતને ૯.૫ મીલીયન બેરલ ક્રુડતેલ પુરુ પાડવા તૈયાર છે. આ ક્રુડતેલ સાથેના ઓઈલ ટેન્ડર ભારતીય સમુદ્રી ક્ષેત્રની નજીક છે અને તે અઠવાડિયામાં ભારત પહોંચી શકે છે.

માનવામાં આવે છે કે, આ કાર્ગો ચીન જઈ રહ્યા છે પણ તે ભારત તરફ ડાયવર્ટ કરવા અમો તૈયાર છીએ. ભારતની રિફાઈનરીઓ રોજના ૫.૬ મિલિયન બેરલ ક્રુડતેલ સપ્લાય પ્રોસેસ કરે છે. આમ કટોકટી સમયે રશિયા મદદ કરવા તૈયાર છે.

પ્રતાપ દર્પણ

PRATAP DARPAN



# પ.પૂ. શ્રી મહંતસ્વામી મહારાજના હસ્તે અભૂતપૂર્વ ભાગવતી દીક્ષા મહોત્સવ સંપન્ન

## ડોક્ટર, આર્કિટેક્ટ અને ૧૩ એન્જિનિયરો સહિત ૩૩ યુવાનોએ સ્વીકાર્યો ત્યાગનો માર્ગ

સુરત, તા.૫

આજે સવારે BAPS સ્વામિનારાયણ સંસ્થાના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજની પાવન નિશ્રામાં વધુ એક ઐતિહાસિક 'ભાગવતી દીક્ષા (સંત દીક્ષા) મહોત્સવ' અત્યંત ભક્તિભાવપૂર્વક સંપન્ન થયો. આ ઐતિહાસિક પ્રસંગે ૩૩ નવયુવાન સુશિક્ષિત પાર્ષદોને પ.પૂ. મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે સંત દીક્ષા પ્રદાન કરવામાં આવી હતી. આ ૩૩ યુવાનોએ બે વર્ષ પૂર્વે પાર્ષદી દીક્ષા પ્રાપ્ત કરી હતી.

આજે દીક્ષિત થયેલા આ ૩૩ યુવાનો ભૌતિક અને શૈક્ષણિક રીતે અત્યંત સમૃદ્ધ બેકગ્રાઉન્ડ ધરાવે છે. જેમાં ૧૩ એન્જિનિયર્સ, ૧૧ ગ્રેજ્યુએટ્સ, ૩ માસ્ટર્સ ડિગ્રી ધારક, ૧ ડોક્ટર, ૧ આર્કિટેક્ટ અને અન્ય ઉચ્ચ અભ્યાસ ધરાવતા ૪ યુવાનોનો સમાવેશ થાય છે. આ નવદીક્ષિત સંતોમાં કેનેડામાં ઉછરેલા ૪ હ્રદૈ યુવાનોનો પણ સમાવેશ થાય છે. તેઓએ પોતાની ઉજ્જવળ કારકિર્દી અને ભૌતિક સુખોને તિલાંજલિ આપીને ભારતીય સંસ્કૃતિની મહાન ત્યાગ પરંપરા સહર્ષ અપનાવી છે. આ યુવાનોનું સમર્પણ આજના ભૌતિકવાદી યુગમાં સમાજ માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડે છે. દીક્ષા મહોત્સવનો પ્રારંભ આજે વહેલી સવારે ૬ વાગ્યે વૈદિક મહાપૂજા વિધિથી થયો હતો. દીક્ષા સમારોહ અંતર્ગત વરિષ્ઠ સંતોએ નવદીક્ષિતોને કંઠી, ઉપવસ્ત્ર અને પાઘ ધારણ કરાવી હતી તેમજ ભાલ અને બંને હાથે ચંદનની અર્ચા કરી હતી. ત્યારબાદ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે નવદીક્ષિત સંતોને 'અક્ષરમ્ અહં પુરુષોત્તમ દાસોસ્મિ' (અર્થાત્: હું અક્ષર છું અને પુરુષોત્તમનો દાસ છું) નો ગુરુમંત્ર આપી આશીર્વાદ પાઠવ્યા હતા. આ ઐતિહાસિક સભામાં દીક્ષાર્થી પાર્ષદોના પિતાશ્રીઓને સંસ્થાના વરિષ્ઠ સંતો દ્વારા અને માતાઓનું વરિષ્ઠ મહિલા અગ્રણીઓ સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બે

અનુસંધાન પાના ૭ પર

# લીગલ એડ દ્વારા એડવોકેટ મયુર આર. પટેલે દંપતીને અપાવ્યો ન્યાય

## સ્વ-અર્જિત મિલકત પર કબજો કરનાર સામે વરિષ્ઠ દંપતિની કાનૂની જીત

સુરત, તા.૫

તાલુકા કાનૂની સેવા સમિતિ હેઠળ એડવોકેટ મયુર આર. પટેલ દ્વારા એક વરિષ્ઠ નાગરિક દંપતીને નોંધપાત્ર ન્યાય અપાવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે. સુરત શહેરના અડાજણ વિસ્તારમાં રહેતા શ્રી આઈવન ઈમેન્યુઅલ રાઠોડ (ઉંમર ૭૫ વર્ષ) અને શ્રીમતિ ફ્રેનીબેન આઈવન રાઠોડ (ઉંમર ૭૪ વર્ષ)એ તેમની સ્વ-અર્જિત માલિકીની રહેણાંક મિલકતમાં પુત્ર, પુત્રવધૂ તથા પૌત્ર દ્વારા ગેરકાયદેસર કબજો કરી માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાની રજૂઆત સાથે "Maintenance and Welfare of Parents and Seniro Citizens Act, ૨૦૦૭" ની કલમ ૪, ૫ અને ૨૩ હેઠળ અરજી દાખલ કરી હતી.

અરજદારો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું કે તેમણે જીવનભરની બચતમાંથી ખરીદેલી મિલકતમાં તેમના પુત્ર તથા પરિવારજનો બળજબરીપૂર્વક રહેતા હતા અને વયોવૃદ્ધ દંપતીની સુરક્ષા, શાંતિ અને આરોગ્ય માટે જોખમ ઊભું કરી રહ્યા હતા. વધુમાં તેઓ કોઈપણ પ્રકારનું ભરણપોષણ કે સંભાળ આપતા ન હતા. લીગલ એડ મારફતે એડવોકેટ મયુર આર. પટેલે સમગ્ર દસ્તાવેજી પુરાવા, અગાઉ થયેલા કોર્ટના હુકમો અને કાયદાકીય જોગવાઈઓના આધારે દલીલો રજૂ કરી હતી. મામલાની ગંભીરતા અને વરિષ્ઠ નાગરિકોની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ માનનીય સત્તાવાર અધિકારીશ્રીએ અરજદારોના હિતમાં માસીક ૫૦૦૦/- તેમજ અન્ય અનુકૂળ હુકમ ફરમાવી, વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા અને કલ્યાણ સુનિશ્ચિત કરવા દિશાનિર્દેશ આપ્યો છે. આ નિર્ણય વરિષ્ઠ નાગરિકોના

અનુસંધાન પાના ૭ પર





# નાનાવરાછા ગામમાં શ્રી ગેબીનાથ પરિવાર દ્વારા શ્રી શિવ મહાપુરાણ કથા

## કથાકાર શ્રી ભુપતગીરી બાપુએ શિવ પુરાણનું રસપાન કરાવ્યું

સુરત, તા.૫

નાના વરાછા ગામ શ્રી ગેબીનાથ મહાદેવ પરિવાર દ્વારા આયોજિત શિવ મહાપુરાણ જ્ઞાનયજ્ઞ નો તારીખ ૦૪/૦૩/૨૬ ને બુધવારના રોજ જેકીશન વાટિકા ના હોલમાં શિવ મહાપુરાણ કથા જ્ઞાન યજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ. સુંદર મજાની શોભાયાત્રા અને પોથીયાત્રા કાઢીને તમામ ભાવિક ભક્તો શિવમય બન્યા. કથા નો પ્રારંભ દિપક પ્રાગટ્ય વિધિ પૂજ્ય સંત શ્રી અખિલેશ દાસ બાપુ (મહંત શ્રી રામજી મંદિર ખાખી અખાડા નાના વરાછા). પૂજ્ય સંત શ્રી બળદેવદાસ બાપુ , મહંત શ્રી ભુપત દાસ બાપુ ગિરનાર આશ્રમ, ગેબીનાથ મહાદેવ મહંત શ્રી ગુણવંત બાપુ, તથા નામી અનામી સંતો ના હસ્તે કથા નો પ્રારંભ કરવામાં આવેલ. શિવ કથાકાર શ્રી ભુપતગીરી બાપુ (રૂપાવટી વાળા) કથાનો સુંદર મજાનો પ્રારંભ કરાવેલ. શિવકથાનો મુખ્ય હેતુ વ્યસન મુક્ત અભિયાન છે. જીવ અને શિવને સાથે જોડીને લોકોને ખરા માર્ગ ઉપર લાવવા એ જ ભુપત ગીરી બાપુ નો આશય છે. આ કથા ને સફળ બનાવવા ગેબીનાથ મહાદેવ મિત્ર મંડળ ખૂબ જ મહેનત કરી રહ્યું છે ત્યારે તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

# શનિવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉમરપાડાના મહેમાન બનશે

## આદિવાસી ખેડૂતો માટે રૂ.૯૨૭ કરોડની 'તાપી-કરજણ લિંક પાઇપલાઇન યોજના'નું લોકાર્પણ

સુરત, તા.૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી ૭મી માર્ચના રોજ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના કેવડી ગામેથી આદિવાસી પંથકની જીવાદોરી સમાન 'તાપી-કરજણ લિંક પાઈપલાઈન ઉદવહન સિંચાઈ યોજના'નું લોકાર્પણ કરશે. રૂ.૯૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી યોજના થકી વર્ષોથી સિંચાઈના પાણીની અછત ભોગવતા ઉમરપાડા અને ડેડિયાપાડા તાલુકાના ૭૩ ગામોના હજારો ખેડૂતોને સિંચાઈ મળવાથી સીધો લાભ મળશે. આ ઐતિહાસિક લોકાર્પણ કાર્યક્રમ પૂર્વે આજરોજ જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજયમંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ અને માંગરોળના ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવાએ સાદડપાણી સ્થિત પમ્પિંગ સ્ટેશન નં-૪ અને કાર્યક્રમ સ્થળની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે એન્જિનિયરિંગ કામગીરી અને કાર્યક્રમની પૂર્વ તૈયારીઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ યોજનાથી સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ૫૧ ગામોની ૩૫,૯૫૦ એકર અને નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ૨૨ ગામોની ૧૭,૮૦૦ એકર મળી કુલ ૭૩ ગામોની આશરે ૫૩,૭૫૦ એકર (૨૧,૭૫૦ હેક્ટર) જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થશે.

પાઈપલાઈનના પથરેખામાં આવતા ૧૦૦થી વધુ હયાત ચેકડેમો અને ૩૫-૪૦ કોતરોને આ યોજના દ્વારા ભરવાનું આયોજન છે, જેનાથી વિસ્તારના બોર રિચાર્જ થશે અને ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવશે. અંદાજે રૂ.૯૨૭ કરોડના ખર્ચે તૈયાર થયેલી આ યોજના અહીંના આદિવાસી પરિવારોની સમૃધ્ધિના નવા દ્વાર ખોલશે.

ઉમરપાડા અને ડેડિયાપાડાનો વિસ્તાર ડુંગરાળ હોવાથી નહેર દ્વારા પાણી પહોંચાડવું અશક્ય હતું. આ યોજના અંતર્ગત ઉકાઈ જળાશયમાંથી લિફ્ટ ઈરિગેશન (ઉદ્વહન) દ્વારા ઊંચાઈવાળા વિસ્તારોમાં સિંચાઈનું પાણી પહોંચાડવામાં આવશે. આ યોજનાના લોકાર્પણથી આદિવાસી ખેડૂતો હવે વર્ષની ત્રણેય સિઝનમાં પાક લઈ શકશે, જેનાથી સ્થળાંતર અટકશે અને સ્થાનિક સ્તરે રોજગારી તેમજ આર્થિક સદ્ધરતા વધશે. રાજ્ય સરકારના આ ભગીરથ પ્રયાસને કારણે ઉમરપાડા અને ડેડિયાપાડાનો પંથક નવપલ્લવિત થશે.



# વાહન ચોર રાજેન્દ્ર વસાવાને હાઈવે પરથી ઝડપી પડાયો

## પોલીસે રીઢા ચોર પાસેથી કાર, રિક્ષા અને 3 બાઈક કબજે લીધી

અંકલેશ્વર, તા.૫

ભરૂચ જિલ્લામાં સક્રિય વાહનચોરોની ટોળકી પર લગામ કસતા પાનોલી પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. સુરતના અરેઠના હરિયાલ ગામના કુખ્યાત વાહનચોર રાજેન્દ્ર વસાવાને નેશનલ હાઈવે નંબર ૪૮ પરથી દબોચી લેવામાં આવ્યો છે. આંતરજિલ્લા સ્તરે વાહનોની ઉઠાંતરી કરતા આ રીઢા ગુનેગાર પાસેથી પોલીસે કુલ ૨.૮૦ લાખની કિંમતના પાંચ ચોરાયેલા વાહનો રિકવર કર્યા છે, જેમાં એક કાર, એક રિક્ષા અને ત્રણ મોટરસાયકલનો સમાવેશ થાય છે. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના સચોટ સમન્વયથી પોલીસે આ ઓપરેશન પાર પાડ્યું હતું.પોલીસની કડક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે અંકલેશ્વર, વાલિયા, પાનોલી અને ડેડિયાપાડા જેવા વિસ્તારોના ભરચક બજારો અને પાર્કિંગને નિશાન બનાવતો હતો. ચોરીના વાહનોના સ્પેરપાર્ટ્સ છૂટા કરી વેચી નાખવાની તેની મોડસ ઓપરેન્ડી હતી, જેથી પોલીસ પકડથી બચી શકાય. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે રાજેન્દ્ર વસાવા અગાઉ પણ આવા ૮ થી વધુ ગુનાઓમાં સંડોવાયેલો છે. પાનોલી પોલીસે તમામ વાહનો જપ્ત કરી આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જેનાથી ભરૂચ અને આસપાસના વિસ્તારોમાં વાહન ચોરીની ઘટનાઓમાં ઘટાડો થવાની આશા સેવાઈ રહી છે.

# સીતાનગર બ્રિજ નીચે પે એન્ડ પાર્કના ઈજારદારને અધિકારીઓનું રક્ષણ

## ૪ મહિનાથી ઈજારદારે એક રૂપિયો પણ જમા નથી કરાવ્યો છતાં તંત્રનું અકળ મૌન : વિપુલ સુહાગીયા

સુરત, તા.૫

સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન-એ માં અધિકારીઓ અને ઈજારદારોની મિલીભગતનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સીતાનગર બ્રિજ નીચે પે એન્ડ પાર્કનો કોન્ટ્રાક્ટ ધરાવતા ઈજારદાર દ્વારા મહિનાઓથી લાખો રૂપિયાની ફી જમા ન કરાવી હોવા છતાં, તંત્ર દ્વારા તેની સામે કોઈ કડક કાર્યવાહી ન કરાતા અનેક સવાલો ઉભા થયા છે. આ ગંભીર બેદરકારી મામલે આમ આદમી પાર્ટીના કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ મનપા કમિશનરને લેખિત રજૂઆત કરી કડક પગલાં લેવાની માંગ કરી છે.

વિપુલ સુહાગીયાએ પત્રમાં જણાવ્યું હતું કે, સીતાનગર બ્રિજ નીચે પે એન્ડ પાર્ક ચલાવવાનો ઈજારો ૧૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ આપવામાં આવ્યો હતો. શરત મુજબ, વર્ક ઓર્ડરના ૧૫ દિવસમાં ઈજારદારે સિક્યોરીટી ડિપોઝીટ અને લાયસન્સ ફી પેટે કુલ ?૩,૯૫,૬૨૦/- પાલિકામાં જમા કરાવવાના હતા. જોકે, ૪ મહિના વીતી ગયા હોવા છતાં અને આજે ૨ માર્ચ ૨૦૨૬ સુધી ઈજારદારે એક પણ રૂપિયો જમા કરાવ્યો નથી. નોંધનીય છે કે, ઈજારદાર રકમ ન ભરે તો તુરંત નોટિસ આપવાની હોય છે, પરંતુ વરાછા ઝોનના અધિકારીઓએ છેક સાડા ત્રણ મહિના પછી (૦૨/૦૨/૨૦૨૬) પ્રથમ નોટિસ આપી હતી. કોર્પોરેટર વિપુલ સુહાગીયાએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ જાણીજોઈને ઈજારદારને છાવરી રહ્યા છે અને પાલિકાની તિજોરીને નુકસાન પહોંચાડી રહ્યા છે. કોર્પોરેટર વિપુલ સુહાગીયાની મનપા કમિશનર સમક્ષ મુખ્ય માંગણીઓ કરી છે કે, ઈજારદાર પાસેથી ઓક્ટોબર-૨૦૨૫ થી આજ સુધીનું ભાડું વ્યાજ

અનુસંધાન પાના ૭ પર



# ૧૭મા 'જનજાતીય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ'નું સુરતમાં સમાપન

## મેયર દક્ષેશભાઈ માવાણીએ જનજાતીય યુવાનોને સુરતની સ્વચ્છતા અને વિકાસથી માહિતગાર કર્યા

સુરત, તા.૫

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય તેમજ ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત ૧૭મા જનજાતીય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનો સાત દિવસીય સફળ પ્રવાસ આજે સુરતમાં ભવ્ય સમાપન સમારોહ સાથે સંપન્ન થયો હતો. ઓડિશા, છત્તીસગઢ, ઝારખંડ અને મહારાષ્ટ્ર જેવા નક્સલ પ્રભાવિત વિસ્તારોના ૨૫૦ જનજાતીય યુવાનો સુરતના મહેમાન બની ગુજરાતની પ્રગતિ અને આતિથ્યની ઝાંખી કરી હતી.

સમાપન વેળાએ મેયર શ્રી દક્ષેશભાઈ માવાણીએ દેશના અંતરિયાળ આદિજાતિ વિસ્તારોમાંથી આવેલા આ યુવાનોને સંબોધતા સુરત મહાનગરપાલિકાની સિદ્ધિઓ અને સ્વચ્છતા મોડેલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે યુવાનોને પોતાના વિસ્તારમાં જઈ સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણી માટે જાગૃતિ લાવવા અનુરોધ કર્યો હતો. આવા રાષ્ટ્રીય એકતાના કાર્યક્રમો આયોજિત કરવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વની પ્રશંસા કરી હતી. મેયરે વિશેષમાં જણાવ્યું કે, નક્સલ પ્રભાવિત અને ઉત્તર-પૂર્વના રાજ્યો માટે આવા વધુ કાર્યક્રમો યોજવા જોઈએ જેથી ત્યાંના યુવાનો દેશના વિકાસ સાથે સીધા જોડાઈ શકે એમ જણાવી મેયરે ગુજરાતના યુવાનો સાથેના આદાન-પ્રદાન અને સક્રિય સહભાગિતા બદલ જનજાતીય યુવાનોની સરાહના કરી હતી. સમારોહમાં સામાજિક અગ્રણીઓ નંદકિશોર શર્મા, બાબુભાઈ ગુજરાતી, મનીષ કાપડિયા અને પરેશ લાઠિયાએ ઉપસ્થિત રહી યુવાનોને રાષ્ટ્રસેવા અને સામાજિક ઉત્તરદાયિત્વનું માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે અમીષા જોગિયા તેમજ અન્ય મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં

અનુસંધાન પાના ૭ પર

# શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ દ્વારા તિલક હોલી ઉત્સવ

## હોળી મહોત્સવમાં હાસ્ય કવિ સંમેલન પણ યોજાયું



સુરત, તા.૫

દર વર્ષે મોઢ વણિક સમસ્ત પંચ અને સાંસ્કૃતિક સમિતિ દ્વારા હોળી નિમિત્તે નીત નવું અર્પણ કરવાના હેતુસર આ હોળીના પર્વમાં તિલક હોલી સાથે હાસ્ય કવિ સંમેલન નું આયોજન કરવામાં આવ્યું .

સમસ્ત પંચના પ્રમુખ ધર્મેશ તમાકુવાળા અને સાંસ્કૃતિક સમિતિ ના કન્વીનર અમિષાબેન ગાંધી ના માર્ગદર્શન હેઠળ કવિ લેખક ગાયક અને હાસ્યકાર શ્રી કિરણસિંહ ચૌહાણ અને કવિત્રી પ્રજ્ઞાબેન વશી એ હાસ્ય કવિ સંમેલનને રંગારંગ બનાવ્યો હતો. મોઢ વણિક સમાજના તમામ યુવક મંડળો,મહિલા મંડળો,પંચ અને સમસ્ત પંચના હોદ્દેદારો અને કારોબારી સભ્યો ની વિશાળ સંખ્યામાં તિલક હોળી ની સાથે હાસ્ય કવિ સંમેલન ને રંગે ચંગે માણ્યો. સમસ્ત પંચ ના પ્રમુખ ધર્મેશ તમાકુવાળા એ સ્વાગત પ્રવચનમાં હોળીના પર્વ માં મનમાં રહેલા રાગ દ્વેષ ગમા અણગમા ને હોળીની આગમાં ભસ્મી ભૂત કરી સૌ સાથે મળીને સેવા કાર્ય કરતા રહીએ નો સંદેશ આપ્યો. સાંસ્કૃતિક સમિતિના સ્મિતાબેન મોદીએ શ્રી

અનુસંધાન પાના ૭ પર

# ધારાસભ્ય કસવાળા હસ્તે કુતાણા ગામે નવા બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું

## આ નવો બ્રિજ બનવાથી ખારી નદી ઉપર બનાવથી કુતાણા,ભોરીગડા,ખારા ગામો તેમજ ગારીયાધાર તાલુકા ને જોડતો બ્રીજ લોકોની સુવિધામાં થશે વધારો



સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલા લીલીયા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે કુતાણા ગામ ખાતે ખારી નદી ઉપર અંદાજિત ?૨૫૦ લાખના ખર્ચે બનનારા નવા બ્રિજના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત વિધિવત રીતે યોજાયું. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના શુભારંભથી ગામ તથા આસપાસના વિસ્તારોના વિકાસને નવી દિશા મળશે. ખારી નદી પર બનનારો આ નવો બ્રિજ લાંબા સમયથી વિસ્તારના લોકોની માંગ હતી. ખાસ કરીને ચોમાસા દરમિયાન નદીમાં પાણીની આવક વધતા ગામજનોને અવરજવર માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા બ્રિજના નિર્માણથી હવે વર્ષભર સુગમ, સરળ અને સુરક્ષિત અવર-જવર સુલભ બનશે. વિદ્યાર્થીઓ, ખેડૂતો, વેપારીઓ તથા રોજગાર માટે જતા નાગરિકોને આ પ્રોજેક્ટથી વિશેષ લાભ મળશે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, આ બ્રિજ માત્ર પરિવહન સુવિધા પૂરતી સીમિત નહીં રહે, પરંતુ સ્થાનિક આર્થિક વિકાસને પણ પ્રોત્સાહન આપશે. ખેતી ઉત્પાદનને બજાર

અનુસંધાન પાના ૭ પર

# મોટી દેવરુપણ ગામે ખેડૂતોને જીવામૃત બનાવવાની તાલીમ

સુરત, તા.૫

ગુજરાત પ્રાકૃતિક બોર્ડ અંતર્ગત ઉમરપાડા તાલુકાના મોટી દેવરુપણ ગામે ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઈ હતી. જેમાં ખેડૂતોને પ્રકૃતિનું જતન કરતી અને ન્યુનતમ ખર્ચે મહત્તમ નફો આપતી પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિષે અવગત કરી રાસાયણિક ખેતી છોડવા અને પ્રાકૃતિક ખેતી અપનાવવા આહ્વાન કરાયું હતું. સાથે જ મોટી દેવરુપણ ગામે ખેડૂતોને દેશી ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ, દાળનો લોટ, અને ખેતરની માટીમાંથી બનતું અત્યંત પોષક અને પ્રાકૃતિક પ્રવાહી ખાતર 'જીવામૃત' બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. જમીનમાં સૂક્ષ્મજીવોની પ્રવૃત્તિ વધારીને ફળદ્રુપતા વધારતાં અને પાક માટે "જીવનના અમૃત" સમાન કામ કરતા જીવામૃતનો ઉપયોગ કરી ઝેર મુક્ત ઉત્પાદન મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા.

# પ્રકૃતિના જતનનો સાચો માર્ગ: રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વિનાની પ્રાકૃતિક ખેતી

## ભૂમિ અન્નપૂર્ણા છે, ખેતી પાકોની વૃદ્ધિ માટે જરૂરી ૯૮ ટકા તત્વો હવા, પાણી અને સૂર્યપ્રકાશ દ્વારા કુદરત મફત આપે છે

સુરત, તા.૫

પ્રાકૃતિક કૃષિ શું છે? આ પ્રશ્નનો ઉત્તર મેળવતા પહેલા આપણે કુદરતની અજાયબી પર નજર કરીએ. જંગલના ઘટાદાર વૃક્ષોને કોઈ યુરિયા કે ડી.એ.પી. આપવા જતું નથી, કોઈ જંતુનાશક દવાઓનો છંટકાવ કરતું નથી કે નથી કોઈ પાઈપલાઈન દ્વારા પાણી પાતું. તેમ છતાં, વર્ષો વર્ષ આ વૃક્ષો મબલખ અને મીઠા ફળો આપે છે. લેબોરેટરી ટેસ્ટમાં પણ આ વનસ્પતિઓમાં ક્યારેય પોષક તત્વોની ઊણપ દેખાતી નથી. જંગલની આ સહજ અને સ્વાભાવિક વ્યવસ્થાને ખેતરમાં અમલી બનાવવી એટલે જ 'પ્રાકૃતિક ખેતી'.

**સહજીવી ખેતી મુખ્ય પાક સાથે બોનસની આવક**

પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે. આ પાકો એકબીજાને પોષણ આપે છે. ખેડૂતનો મુખ્ય પાક લેવાનો ખર્ચ તો આ સહજીવી પાકની આવકમાંથી જ નીકળી જાય છે અને મુખ્ય પાક એક 'બોનસ' સમાન બની રહે છે. આ પદ્ધતિનો નારો છે: "ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં." કારણ કે ખેતી માટે જરૂરી તમામ સંસાધનો ખેડૂતના ઘરે જ ઉપલબ્ધ હોય છે.

**વિજ્ઞાન શું કહે છે?**

શું તમે જાણો છો કે આપણા પાકો જમીનમાંથી ફક્ત ૧.૫ થી ૨% ખનીજ તત્વો જ લે છે? બાકીના ૯૮% થી ૯૮.૫% તત્વો હવા, સૂર્યપ્રકાશ અને પાણી દ્વારા કુદરતી રીતે મળે છે. વનસ્પતિનું લીલું પાન એ ખોરાક બનાવવાનું 'કુદરતી કારખાનું' છે. આ પાન પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ, જમીનમાંથી ભેજ અને આકાશમાંથી સૌર ઊર્જા મેળવીને ખોરાક તૈયાર કરે છે. જ્યારે કુદરત આ બધું મફતમાં આપે છે, ત્યારે મોંઘા રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોની જરૂરિયાત જ ક્યાં રહે છે?

**જમીનનું જૈવિક સ્વાસ્થ્ય અને અળસિયાનું મહત્વ**

ઘણીવાર જમીનમાં પોષક તત્વો હોય છે પણ છોડ તેને ગ્રહણ કરી શકતો નથી. આનું કારણ જમીનના જૈવિક સ્વાસ્થ્યની ઊણપ છે. પ્રાકૃતિક ખેતી જમીનમાં 'વાપ્સા' અને 'હ્યુમસ'નું નિર્માણ કરે છે. જમીનની નીચેની પ્રતમાં જમા થયેલા પોષક તત્વોને ઉપરની સપાટીએ લાવવાનું મહાન કાર્ય આપણા દેશી અળસિયાં કરે છે. આ અળસિયાઓ વિઘટન અને કેશાકર્ષણ શક્તિ દ્વારા પોષક તત્વોને ખેંચી લાવી મૂળને ઉપલબ્ધ કરાવવાનું કાર્ય કરી જમીનને જીવંત બનાવે છે.

**દેશી ગાય પ્રાકૃતિક ખેતીનો મજબૂત આધાર**

પ્રાકૃતિક કૃષિ માટે સૌથી મહત્વનું તત્વ દેશી ગાયનું છાણ છે. દેશી

અનુસંધાન પાના ૭ પર

# ઉનાળામાં કોટન પેન્ટ્સ બેસ્ટ ઓપ્શન

કોટન પેન્ટ્સ એ સૌથી વધુ આરામદાયક અને વર્સેટાઈલ બોટમ વેર છે. કોટન ફેબ્રિક શ્વાસ લેવા યોગ્ય, હલકું અને ત્વચા પર નરમ હોય છે, જેથી મુંબઈ જેવા ગરમ અને ભેજવાળા વાતાવરણ માં પણ તમે આખો દિવસ કમ્ફર્ટેબલ રહી શકો છો.કોટનના પેન્ટ્સને ઓફિસ વેર અને કેઝ્યુઅલ વેર બંનેમાં સરળતાથી સ્ટાઈલ કરી શકાય છે. અહીં આપણે બંને પ્રકારની સ્ટાઈલ વિશે વિગતવાર જાણીશું, જેથી તમે તમારા વોર્ડરોબમાં નવા આઈડિયા ઉમેરી શકો.ઓફિસ વેરમાં કોટનના પેન્ટ્સ કેવી રીતે પહેરવા?ઓફિસમાં પ્રોફેશનલ લૂક માટે કોટનના પેન્ટ્સ તમને સ્માર્ટ અને પૉલિશ્ડ લૂક આપી શકે. સૌથી પહેલા સ્ટ્રેટ લેગ અથવા સ્લિમ ફિટ કોટન ટ્રાઉઝર પસંદ કરવા. જેમાં પ્લીટ્સ અથવા બેલ્ટ લુપ્સ હોય. જેમનું શરીર ભરેલું છે તેમણે પ્લીટ્સ વાળા પેન્ટ્સ ન પહેરવા. તેનાથી કમરનો ભાગ દેખાવમાં વધારે લાગશે. તેઓ કોટન હોઝિયરીના સ્ટ્રેચેબલ પેન્ટ્સ પહેરી શકે, અથવા ટમી ટક્કર વાળા પેન્ટ્સ પહેરી શકાય. તેનાથી પેટનો ભાગ થોડો ઓછો લાગશે.

જેનું શરીર સુડોળ છે તેઓ પ્લીટ્સ વાળા પેન્ટ્સ પહેરી શકે. જો તમે ફોર્મલી આ પંત પહેરવાના હોવ તો ખાસ ધ્યાન એ રાખવું કે, પેન્ટમાં બેલ્ટ લુપ્સ હોય. તમે તમારી બોડી ટાઈપ પ્રમાણે બેલ્ટની સાઈઝ પસંદ કરી શકો.જો તમારી હાઈટ સારી હોય તો તમે બેલ બોટમ પેન્ટ્સ પહેરી શકો. હાઈટ હશે તો જ પેન્ટની પેટર્ન દેખાશે. બેલ બોટમ પેન્ટ્સ સાથે સિલ્ક શર્ટ કે પછી ફેન્સી ટોપ્સ પહેરીને એક ફોર્મલ લૂક આપી શકાય.

હેવી શરીરવાળી યુવતીઓએ પેન્ટના કલર પસંદ કરવામાં ખાસ ધ્યાન રાખવું જેમકે, ડાર્ક કલર્સ જેવા કે રોયલ બ્લુ, બ્લેક, ઓલિવ ગ્રીન કે બ્રાઉન. ડાર્ક કલર્સ તમારી બોડી ફ્રેમને કટ કરે છે. જો તમારું સુડોળ શરીર હોય તો તમે બધી જ જાતના કલર્સ પહેરી શકો. જો કોટન પેન્ટ્સને ઈન્ટક કરીને પહેરવામાં આવશે તો વધારે સ્માર્ટ લુક આવશે.

જો તમે હાઈ વેસ્ટેડ કોટન ટ્રાઉઝર પહેરવા માગતા હોવ તો, તેની સાથે પ્રિન્ટેડ ફેબ્રિકવાળું જેકેટ કે પછી લિનનનું શર્ટ કે જેકેટ પહેરી શકાય. જેમનું શરીર ભરેલું હોય તેમણે તો ખાસ હાઈ વેસ્ટ ટ્રાઉઝર પહેરવા જોઈએ જેથી કરી પેટ અને કમરનો ભાગ વધારે ન દેખાય. આ લૂકમાં કોટનના પેન્ટ્સનો ફાયદો એ છે કે તે રિંકલ ફ્રી હોવાને કારણે આખો દિવસ ફ્રેશ લૂક આવે છે..

કેઝ્યુઅલ વેરમાં કોટનના પેન્ટ્સ કેવી રીતે સ્ટાઈલ કરવા?

કોટન પેન્ટ્સ તમે કેઝ્યુઅલી પણ પહેરી શકો. જેમકે, પ્લાઝો પેન્ટ્સ, સ્ટ્રેટ પેન્ટ્સ કે પછી બેલ બોટમ પેન્ટ્સ. કોટન પેન્ટ્સ સાથે કેઝ્યુઅલ લૂક આપવા માટે તમે ક્રોપ ટોપ્સ, ઓફ શોલ્ડર ટોપ્સ કે પછી કોઈ ફેન્સી ટોપ્સ પહેરી શકાય..જેમકે, વાઈટ કોટન પેન્ટ સાથે બ્લેક ટેંક ટોપ અને કોઈ સ્ટેટમેન્ટ જ્વેલેરી પહેરી શકાય.

જો તમે કોફી ડેટ માટે જાવ છો તો, કોટન પેન્ટ સાથે કાફતાન કે ઓવર સાઈઝ ટોપ પહેરી શકાય. જો તમે કોટન પેન્ટ સાથે ઈન્ડિયન લૂક જોઈએ છે તો તમે કુર્તી પહેરી શકો. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાં પણ કોટન પેન્ટ આવે છે, તેની સાથે તમે પ્લેન ટી શર્ટ પહેરી શકો કે પછી હોલ્ટર ટોપ કે સ્પેગેટી ટોપ પણ પહેરી શકાય.

કોમન ટિપ્સ -પેન્ટની સાઈઝ તમારા બોડી ટાઈપ અનુસાર લેવી. ખાસ કરીને પેન્ટ હાઈ વેસ્ટ પસંદ કરવા જેથી પહેરવામાં કમ્ફર્ટેબલ રહે. વોશેબલ અને ક્વિક ડ્રાઈ હોવાને કારણે કોટન પેન્ટ પહેરવામાં આરામદાયક લાગે છ. કોટન પેન્ટ્સ બજેટ ફ્રેન્ડલી હોવાને કારણે તમે અલગ અલગ સ્ટાઈલના વાસવવા ભારે નથી પડતા.

કોટન પેન્ટ્સ તમારા વોર્ડરોબમાં હોવા જ જોઈએ. કોટન પેન્ટ્સ ઓફિસમાં પ્રોફેશનલ અને કેઝ્યુઅલી એફર્ટલેસ લૂક આપે છે.કોટન પેન્ટ્સ હંમેશાં એન્કલ લેન્થના સારા લાગશે. જો વાઈડ લેગ્સ પેન્ટ હશે તો તેની લેન્થ થોડી લાંબી હોવી જોઈએ. તમારા બોડી અને હાઈટને અનુસાર પેન્ટની સ્ટાઈલ નક્કી કરી શકાય.

કોટન પેન્ટ સાથે ફોર્મલ લૂક માટે પગમાં હિલ્સ અથવા બેલીસ પહેરી શકાય અને કેઝ્યુઅલ લૂક માટે લોફર્સ કે સ્નીકર્સ પહેરી શકાય.





# મગજ મંથનઃ રંગ ને રીત ભલે અલગ હોય, પણ પ્રેમ - આનંદ ને ભાવ એક...

ભારત ઉત્સવોની ભૂમિ છે. અહીં દરેક ઋતુ, દરેક ભાવના અને દરેક પરિવર્તનને ઉત્સવ રૂપે ઉજવવામાં આવે છે. એમાં પણ હોળી-ધુળેટી એવો ઉત્સવ છે, જે રંગ, પ્રેમ, સમાનતા અને આનંદનો સંદેશ આપે છે. વસંતઋતુના આગમન સાથે આવતો આ ઉત્સવ માત્ર રંગે રમવાનો દિવસ નથી, પરંતુ, અહંકાર પર વિનમ્રતાની વિજયગાથા અને માનવ વચ્ચેના ભેદભાવને ભૂલવી દેવાનો પાવન અવસર છે.

ધુળેટી એટલે રંગો દ્વારા સમાનતાનો ફેલાતો સંદેશ.

હોળી પછી આવતી ધુળેટીના દિવસે લોકો એકબીજાને રંગ લગાવે છે. અહીં રાજા-રંક, ધનવાન-ગરીબ, ઊંચ-નીચ બધો ભેદ ભૂલીને લોકો એકબીજાને ગળે મળે છે. રંગો એ ભાષા બની જાય છે - જેમાં પ્રેમ, આનંદ અને મિત્રતાનો સંદેશ છુપાયેલો છે.

ભારતની વિશેષતા એ છે કે એક જ ઉત્સવ દરેક રાજ્યમાં અલગ સ્વરૂપે, અલગ રંગે અને અલગ ભાવથી ઉજવાય છે. હોળીની ઉજવણી પણ પ્રદેશ અને સમાજની પરંપરા મુજબના રંગો ધારણ કરે છે. ઉત્તરના પર્વતીય વિસ્તારોથી કેરળના દક્ષિણી વિસ્તારો હોય કે પશ્ર્ચિમના રાજસ્થાનથી પૂર્વના બંગાળ ક્ષેત્ર હોય, એક દિવસથી

માંડીને બાર દિવસના સમયગાળા દરમિયાન હોળી મનાવવામાં આવે છે. ધાર્મિક, સાંસ્કૃતિક અને પરંપરાગત રીતે હોળી અને વસંતના વધામણાંનો અનોખો સંયોગ રચાય છે, જેમકે...

ઉત્તર પ્રદેશઃ બરસાના અને નંદગાવમાં રાધા અને કૃષ્ણની હોળીની લોકવાયકાને જીવંત કરવામાં આવે છે. મથુરા-વૃંદાવન વિસ્તારમાં લઠમાર હોળી ખૂબ પ્રસિદ્ધ છે. અહીં મહિલાઓ લાકડાની લાઠીથી પુરુષોને મજાકીય રીતે મારતી હોય છે અને પુરુષો ઢાલથી બચાવ કરે છે. આ ઉજવણી રાધા-કૃષ્ણની લીલાઓ સાથે જોડાયેલી છે. વિખ્યાત લઠમાર હોળીની ખ્યાતિ દેશની સરહદો ઓળંગી ગઈ છે. રંગોમાં રમમાણ ભાવિકો આ લોકવાયકાને માણવા દેશ અને વિદેશમાંથી આવે છે.

રાજસ્થાનઃ રાજસ્થાનમાં હોળી રાજસી ભવ્યતા સાથે ઉજવાય છે. જયપુર, ઉદયપુર જેવાં શહેરોમાં શોભાયાત્રા, લોકનૃત્ય, ઢોલ-નગારાં અને અગ્નિકુંડ સાથે હોળી દહન થાય છે. અહીં હોળી વીરતા, શૌર્ય અને પરંપરાનો ઉત્સવ બની જાય છે. રજવાડી રાજ્ય રાજસ્થાનમાં મહેલો અને રાજવી પરિવારોની ભવ્યતા હોળીના ઉત્સવમાં પણ પ્રતિબિંબિત થાય છે. રાજવી પરિવારોમાં તેમની હેરિટેજ પ્રોપર્ટીમાં પરંપરાગત નૃત્યો સંગાથે સરઘસનું આયોજન કરવામાં આવે છે. સહેલાણીઓ રંગના તહેવારને માણી શકે એટલા માટે મહેલોના પ્રાંગણ અને ફાઈવ સ્ટાર હોટલોમાં પણ આગવી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે.

ગુજરાતઃ ગુજરાતમાં હોળી-ધુળેટી ફાગણ મહિનાની લોક પરંપરાઓ સાથે જોડાયેલી છે. હોળી દહન પછી ધુળેટીના દિવસે લોકો રંગ-ગુલાલ સાથે રાસ-ગરબા, ફાગણી ગીતો અને મીઠાઈઓ સાથે ઉત્સવ મનાવે છે. અહીં હોળી સામૂહિક આનંદ અને લોકસંસ્કૃતિનું પ્રતિબિંબ છે.

પંજાબઃ હોળીના સમયે વિરતા અને શિસ્તનું વિશેષ પ્રદર્શન એટલે હોલા મહોલ્લા. ગુરુ ગોવિંદસિંહે શરૂ કરેલી આ વિશેષ પરંપરામાં સૌથી મોટી ઉજવણી આનંદપુર સાહિબ ખાતે થાય છે. શીખ યુવકો વીરતોના દાવો રજૂ કરે છે. ઘોડે સવારી, તલવારબાજી જેવા હિંમત ભર્યા ખેલ કરીને દિલેરી સાથે વસંતને વધાવતા હોય છે. આ ઉજવણીની સાથોસાથ શેરીઓમાં લંગર લગાવીને પ્રસાદ વિતરણ પણ કરવામાં આવે છે.

વારાણસીઃ વારાણસીમાં વિખ્યાત મણિકર્ણિકા ઘાટ પર મસાણ હોળી સાવ અલગ ભાત પાડે છે. સતત જલતી ચિતાની રાખ વડે હોળી રમીને ભાવિકો જીવન અને મૃત્યુના તાદાત્મયને સાર્થક કરે છે.

પશ્ચિમ બંગાળઃ બંગાળમાં હોળીને દોલ યાત્રા તરીકે ઉજવવામાં આવે છે. અહીં શ્રીકૃષ્ણની મૂર્તિને ઝૂલામાં બેસાડીને ભક્તિ ગીતો સાથે યાત્રા કાઢવામાં આવે છે. રંગ રમવાની સાથે ભક્તિ અને કળાનો સંગમ જોવા મળે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે શરૂ કરેલી બસંત ઉત્સવની પરંપરાને આજે પણ શાંતિનિકેતને જાળવી રાખી છે. વિદ્યાર્થીઓ પીળાં વસ્ત્રો ધારણ કરીને ગીતો, કવિતાઓ અને નૃત્યો વડે વસંતને આવકારે છે. હોળીની આ ઉજવણી સાહિત્યિક વર્તુળોમાં ભારે લોકપ્રિય છે.

બિહારઃ બિહારમાં ભોજપુરી રીતે ફાગણના વધામણાં કરવામાં આવે છે. ફાગુનવાની આ ખાસ હોળી ઉજવણી આમતો વસંત પંચમીથી શરૂ થઈ જાય છે. ગામ અને નગરના ચોકમાં સાંજે લોકો એકઠા થઈને ભોજપુરી ગીતોની રમઝટ બોલાવે છે. માલપુવા, પકોડા અને ગુંજિયા જેવાં પરંપરાગત વ્યંજનો સંગાથે પરિવારો અને મિત્ર વર્તુળો આનંદમાં ગુલતાન બને છે.

આમ પ્રદેશ કોઈ પણ હોય, પણ એ દરેક જગ્યાએ હોળી માત્ર ઉત્સવ નથી; તે માનવતાનો પાઠ છે. દ્વેષ ભૂલીને માફી માગવાનો દિવસ છે. તૂટેલા સંબંધોને ફરી જોડવાનો અવસર છે. આ દિવસે 'બુરા ના માનો, હોલી હૈ' માત્ર વાક્ય નથી, પરંતુ જીવનદૃષ્ટિ છે.

હોળી-ધુળેટી ભારતના આત્માનો ઉત્સવ છે. વિવિધ રાજ્યોમાં વિવિધ રૂપે ઉજવાતી હોળી આપણને એક જ સંદેશ આપે છે - 'રંગ અલગ હોઈ શકે, રીત અલગ હોઈ શકે, પણ - પ્રેમ, સમાનતા આનંદ અને ભાવ એક જ છે....'

# ઘડો લેવા જેવી વાતઃ દીકરી ને વહુ એ બેમાં મોટું અંતર શું?





એક વખત હું મારે ગામ ચીત્રાવડ, ગીર ગઈ હતી. વળતી વખતે વેરાવળથી મુંબઈ આવવા હું રેલવેમાં મુસાફરી કરતી હતી. વેકેશનનો સમય હતો અને ઉનાળાના દિવસો! મારી સામેની સીટ પર એક વૃદ્ધ માજી બેઠાં હતાં. એમના ખોળામાં માથું રાખીને એક તરુણી સૂતી હતી.

રાતની મુસાફરી. એમાંય ઉનાળાનો તાપ.

તરુણીને ઊંઘ આવતાં જ ડોશીના ખોળામાં માથું નાખીને સૂઈ ગઈ.

ડોશીએ તેને હળવેથી પંખો નાખવા માંડ્યો અને બીજા હાથે તેનું માથું દાબવા માંડ્યું. તેમની મમતાએ મને પૂછવા પ્રેરીઃ

'માજી આ કોણ છે?' 'મારી દીકરી છે!' વૃદ્ધાએ ટૂંકો જવાબ વાળ્યો. આ દૃશ્ય જોતાં જ મને વિચાર સ્ફૂર્યો કે આ દીકરી જ્યારે સાસરે જશે ત્યારે આ મમતામયી માના હૃદયમાં કેવો આઘાત થશે!

આ ઘરડાં મા આવી પ્રેમાળ દીકરીનો વિયોગ શી રીતે સહન કરી શકશે?

રાતના ત્રણેક વાગ્યા એટલે તરુણીએ જાગીને માના હાથમાંથી પંખો લઈ લેતાં કહ્યુંઃ

બા, હવે તમે સૂઈ જાવ. તમે તો જરાય આડે પડખે થયાં જ નથી. હવે આરામ કરો...!

'વહુ! અમને ઘરડાંને આમેય ઊંઘ ઓછી હોય. તું તારે આરામ કર...!'

વહુએ લાડભર્યા સ્વરમાં કહ્યું,

'ના બા. હવે તમે સૂઈ જાઓ. ઊંઘ ન આવે તો કંઈ નહીં, જરા આડાં તો પડો...!'

વહુએ આગ્રહ કરતાં કહ્યું અને વૃદ્ધાએ તરુણીના ખોળામાં માથું મૂક્યું.

તરુણીએ પોતાની વૃદ્ધ સાસુનું માથું દબાવતાં પંખો નાખવા માંડ્યો.

બંને વચ્ચેનો વાર્તાલાપ સાંભળીને હું ચમક્યો.

આ મા-દીકરી નથી.

આ તો સાસુ-વહુ છે.

વાહ... વાહ... જે ઘરમાં સાસુ-વહુ વચ્ચે આવો નિર્મળ પ્રેમ હોય તે ઘરમાં જગતભરનું સુખ આવીને વસ્યું હશે!

મારાથી રહેવાયું નહીં એટલે મેં પૂછ્યુંઃ

'મા તમે તો કહેતાં હતાં કે આ મારી દીકરી છે, પણ તમે તો એને વહુનું સંબોધન કરો છો!'

જવાબમાં વૃદ્ધાએ હસતાં ચહેરે જે કહ્યું તે દરેક સાસુએ સ્મરણમાં રાખવા જેવું છેઃ

'ભાઈ! દીકરી અને વહુ એ બેમાં મોટું અંતર શું છે એજ મને સમજાતું નથી...!

'દીકરીને આપણે પાળી-પોષીને મોટી કરીએ છીએ અને ઉંમર લાયક થતાં તેને પારકે ઘરે વળાવી દઈએ છીએ. એ દીકરીના બદલામાં આપણે બીજાના ઘરમાંથી કોઈની દીકરી લાવીએ છીએ!'

'હવે તો જ્યારે મારી દીકરી સાસરેથી આવે છે ત્યારે મારે ત્યાં મહેમાન બનીને આવે છે. પણ સદાય મારી સાથે આ મારી વહુ દીકરી જ રહે છે...!'

'મને તો મારી વહુમાં જ મારી દીકરીનાં દર્શન થાય છે.

'પહેલાં હું મારી દીકરીઓની સારસંભાળ લેતી હતી. હવે હું વહુની સંભાળ લઉં છું. એના સુખમાં મને મારું સુખ દેખાય છે. એને પ્રસન્ન જોઈને મારું મન મલકાઈ ઊઠે છે.

'ચાર દિવસના ચાંદરણા જેવી આ જિંદગીમાં મારે શા માટે કોઈનું દિલ દુભવવું જોઈએ...?'

વૃદ્ધાનો જવાબ સાંભળીને મને એમ થઈ ગયું કે,

દરેક સાસુના દિલમાં આવી સમજણ પ્રગટે તો?

'આંતરે દિવસે ઘરઘરમાં જે હોળી સળગે છે એને બદલે દિવાળીના દહાડા જેવો આનંદ થાય ને!'સાસુ સમતાવાન હતાં. તેમના હૈયે પુત્રી અને વહુ વચ્ચે કોઈ અંતર ન હતું અને તેથી જ વહુમાં તેને પોતાની દીકરીનું દર્શન થયું...!

થાકને લઈને વહુને તેમના ખોળામાં નીંદર આવી ગઈ ત્યારે તેમને પહેલાં પોતાની પુત્રી યાદ આવી ગઈ. તેમને વિચાર આવ્યો કે મારી પુત્રી યાદ આવી ગઈ. તેમને વિચાર આવ્યો કે મારી પુત્રી આ જગ્યાએ હોય તો હું શું કરત? પોતાના આત્માએ જે જવાબ આપ્યો તે પ્રમાણે જ તેઓએ વહુ સાથે વ્યવહાર કર્યો અને પરિણામે વહુ તેમના માટે સગી દીકરી બની રહી. 'લાડકી પૂર્તિ'ની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

# ઔર યે મૌસમ હંસી...: માણસને કશું માણવું નથી પણ જલદી ભોગવવું છે...

આજના દિવસોમાં જ્યારે તમે મોબાઈલ પર સ્ક્રોલ કરો છો તો એક ૧૫ સેકન્ડનો વીડિયો પણ જોવાની ધીરજ રહી નથી. થોડું ઘણું સમજી લો છો અને આગળ ધપો છો. આમ છતાં વ્યક્તિ રીલ્સ જોવામાં કલાકો કાઢી નાખે છે. ભલે વ્યક્તિ મોબાઈલ પર કલાકો કાઢતી હોય પણ કોઈ એક વાત શીખવા થોડી સેકન્ડ પણ ખર્ચ કરવા તૈયાર નથી.દુનિયા ભલે ઝડપી ભાગતી હોય પણ માણસે એનાથી વધુ ઝડપી ભાગવાનું શરૂ કરી દીધું છે. એ તો સારું છે કે ઊંઘમાં જોવાતાં સ્વપ્ન પર કાબૂ ધરાવતો નથી. બાકી સ્વપ્ન પણ પંદર વીસ સેકન્ડમાં પૂરા કરી નાખે. જેમ માણસ ફાસ્ટ ભાગવા લાગ્યો છે એમ સમયે પણ તેની ગતિ પકડી છે. વર્ષ ૨૦૨૬માં માર્ચ શરૂ થઈ ગયો અને અગાઉનાં વર્ષો ક્યાં પૂરા થઈ ગયાં એની કશી ખબર રહેતી નથી.માર્ચ મહિનાથી આઈપીએલ શરૂ થતી હોય છે, વર્લ્ડ કપ પણ ગતિમાં છે. ક્રિકેટમાં ટેસ્ટ જોવામાં કોને રસ છે? ઈવન વન ડે ફોર્મેટ પણ લાંબું લાગે છે. જેન્ટલમેન કહેવાતી ગેમ્ ૨૦માં બદલાઈ ગઈ છે, જ્યાં દરેક બોલ પર એક્શન હોય છે. દરેક બોલ પર પરફોર્મ કરવાનું નવું પ્રેશર ફક્ત ક્રિકેટમાં જ નથી પણ જિંદગીની રમતમાં પણ ચાલુ થઈ ગયું છે. 'આજકાલ સમય મળતો જ નથી' એ વાક્ય ગુજરાતીઓનું રાષ્ટ્રીય ગર્વ બની ગયું છે.અડધો કલાક સુધી ન્યુઝ જોતી પ્રજાતિ લાપતા થઈ ગઈ છે. ન્યૂઝ શોર્ટ રીલ્સમાં આવે છે અને ટ્વિટ્સ માત્ર ૨૮૦ અક્ષરમાં વિશ્વની વાત કરી દે છે. પ્રશ્ન એ આ બધું અચાનક કેમ થઈ રહ્યું છે? શું આ આપણી માનસિક બીમારી છે કે આધુનિક સમયની જરૂરિયાત? આપણે અચાનક કેમ બીઝી થઈ ગયા છીએ કે બીઝી હોવાના દંભમાં ભેરવાઈ ગયા છીએ? માણસ જમવામાં ય શાંતિ નથી રાખતો, કદાચ ભવિષ્યમાં સ્વાદની અનુભૂતિ વિષય પર ટ્રેનિંગ પ્રોગ્રામ થાય તો નવું નહી લાગે.એ પણ હકીકત છે કે આપણું વ્યસ્ત જીવન, કામ, પરિવાર, ભોજન, ભજન, સોશ્યલ મીડિયા સહિત શ્વાસ લેવાની ઝડપ પણ મલ્ટિટાસ્કિંગમાં ફસાયેલી છે. અકારણ ફાસ્ટ જીવવાની તલપમાં સમયની અછત થવા લાગી છે. વ્યક્તિની પસંદમાં ઝડપી અને ટૂંકું હોવું ચોઈસ બનવા લાગી છે, જેમાં શોર્ટકટ માર્ગે સુખ જોઈએ છે. ટેક્નોલોજીએ આ વાતને જ માર્કેટની જરૂરિયાત સમજીને જિંદગીને સરળ બનાવતી પ્રોડક્ટમાં કરોડો ડૉલરની કમાણી કરી છે. ભવિષ્યમાં છૈં પણ સરળતાથી કામ કરવા સાથે ઝડપ પર વધુ ફોકસ કરશે. કપડાં ધોવાના ડિટરજન્ટની જાહેરાતમાં સ્વચ્છ કપડાં ફોર્મ્યુલા જૂની થઈ પણ કપડામાં સુગંધ આવે છે એ વાત પર વધુ ફોકસ થવા લાગ્યું છે.જિંદગીની બદલાતી પદ્ધતિ અને વધુ પડતી ઝડપથી માણસજાત શું સાબિત કરવા માગે છે? શું આ માનસિક બીમારી છે? કેટલાક કહે છે હા, કારણ કે આપણું અટેન્શન સ્પેન એટલે કે કોઈપણ બાબતમાં ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા ઘટી રહી છે. એક વૈજ્ઞાનિક પરીક્ષણ પછી સમજાયું છે કે વર્ષ ૨૦૦૦માં એક વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અઢી મિનિટ આસપાસ હતી, જે આજે ઘટીને ૮ સેકન્ડથી પણ ઓછી થવા લાગી છે. છૈં ના યુગમાં બે કે ત્રણ સેકન્ડ થાય તો એનો અર્થ થયો કે વ્યક્તિ શાંતિથી સેક્સ પણ ભોગવી નહી શકે.આજકાલ રીલ્સ જોવી એ જીવનનો એક ભાગ બની ગયો છે. અમેરિકાની એક વેબસાઈટ મુજબ સરેરાશ ભારતીય પાંચ કલાકથી વધુ સમય ઓન સ્ક્રીન રહે છે અને બે અઢી કલાક એ ફક્ત રીલ્સ જોયા કરે છે. આ શોર્ટ વીડિયોનું વ્યસન મગજની ડોપામીન સિસ્ટમને ઓવરસ્ટિમ્યુલેટ કરે છે, જે એન્ઝાઈટી જેવી બીમારી વધારે છે. પ્રતિ સપ્તાહમાં દસ કલાક પણ જો ઓનસ્ક્રીન રહેતા હોય તો કોઈ પણ વાતનું રિએક્શન કરવામાં વ્યક્તિ ધીમો પડવા લાગે છે. આપણી સરેરાશ ઝડપભેર જવાબ આપવાની ક્ષમતા ઘટી રહી છે, કારણ કે અતિશય ઝડપી જીવન જીવવાની તલપમાં શબ્દોનો ભંડાર જ ઘટવા લાગ્યો છે.જો કે સાવ નિરાશ થવા જેવું પણ નથી. રીલ્સ કે ઝડપી જિંદગી થકી કેટલાક ફાયદા પણ થયા છે. જે લોકો પાસે સમયનો અભાવ હોય એમના સુધી માહિતી પહોંચવા લાગી છે. જેમની પાસે કોઈ વિષયનું મર્યાદિત જ્ઞાન હોય એવા લોકો પણ નાનકડી રીલ્સ બનાવવા લાગ્યા. કન્ટેન્ટ ઓછું જોઈતું હોવાથી જ્ઞાનની આ દુનિયામાં દરેક વ્યક્તિ સહભાગી થવા લાગ્યો. ઝડપી જ્ઞાન મળતું હોવાથી જેમને સામાન્ય મનોરંજન મળતું ન હતું એ બધાને ખુશીઓમાં ભાગ લેવાનો મોકો મળવા લાગ્યો.સૌથી વધુ સમસ્યા સાહિત્ય જગતમાં થવા લાગી છે. વિસ્તૃત અભ્યાસ કરાવતો આર્ટિકલ અને નવલકથા વાંચવી જાણે કોઈ ટાસ્ક હોય એવું લાગે છે. લેખકોએ માઈક્રો ફિક્શન કે શોર્ટ કથા અથવા અત્યંત ટૂંકા આર્ટિકલ લખવાના શરૂ કર્યા છે. માઈક્રો ફિક્શન કથાઓને તો બહોળો પ્રતિભાવ સાંપડ્યો છે. સિનેમામાં સમય ઘટવા લાગ્યો છે. આમ છતાં કેટલીક ફિલ્મો તેની કથા અને પ્રેઝન્ટેશનના જોર પર ચાલે છે. સિનેમાને સાવ ટૂંકી કરીને તેની શોર્ટ ફિલ્મને સારા દર્શકો મળે છે. સિનેમાએ અને સાહિત્યને કલાના ભોગે ઝડપી જીવન સામે અનેકવાર લાલ બત્તી કરી છે પણ ફાસ્ટ દુનિયામાં કોઈને રસ જ નથી.આજની ઝડપી દુનિયામાં શોર્ટકટ લેવાની આદત તો બધાને ગમશે. ટ્રાફિકમાં ગ્જીનો શોર્ટ રસ્તો બતાવે અને તમે વિચારશો કે સમય બચી ગયો પણ ક્યારેક રસ્તો અચાનક જામ પણ થઈ જાય. ભવિષ્યમાં તમે એઆઈને એક આઈડિયા આપશો અને તે એક જ આઈડિયા પરથી દશ પંદર રીલ્સ બનાવી આપશે. તમને નવું સર્જન કરવા માટે સમય વધુ મળશે પણ નવા સર્જન માટે તમારું મગજ તૈયાર રહેવું જોઈએ.

એક દિવસ અઈથી બનેલું કન્ટેન્ટ એટલું વધી જશે કે તેની ઝડપ અને આઈડિયાથી લોકો થાકી જશે અને ઓરિજિનલ મટીરીયલ શોધશે.છૈં યુગમાં ઝડપ વધશે અને રૂટિન કામ ઝડપથી થવા લાગશે, આમ છતાં માનવીય સંવેદનાની સહુને જરૂર પડશે. ભવિષ્યના તમામ સર્જનમાં માનવીય અભિગમ હશે તો એ ચોક્કસ સફળતાને વરશે એ નક્કી જ છે. જોકે , બીજી તરફ છૈં જિંદગીની પેટર્ન બદલી નાખશે અને અંતે માણસ થાકવાનો જ છે. એ ફરીથી તેના મૂળિયાં શોધશે. વાર્તાઓ કહેવાવાળાઓની જરૂર પડશે, બેંકમાં મશીનને બદલે કર્મચારી સાથે વ્યક્તિ વધુ સહજતા અનુભવશે. જો વ્યક્તિ છૈંના ઝડપી યુગમાં સેટ થઈ ગયો તો પછી તેને મશીન બનતા જરા પણ વાર લાગવાની નથી. સમય મળે તો ચાર્લી ચેપ્લિનની ફિલ્મ 'ટાઈમ મશીન' જોઈ લેવી.

તંત્રી લેખ...-

ગુરૂવાર, તા. ૦૫ માર્ચ ૨૦૨૬

## સીબીઆઈ અને ઈડીની શાખ સુધારવી જરૂરી

ભારતની ટોચની તપાસનીશ એજન્સીઓ તેમની તપાસ અને ગુનો સાબિત કરવામાં નબળી પડતી હોવાની છાપ દિવસોદિવસ મજબૂત બનતી રહી છે. દિલ્હીના હાઈપ્રોફાઈલ શરાબ ગોટાળાકાંડમાં જે રીતે માજી મુખ્યમંત્રી કેજરીવાલ અને તેમના સાથીદારોને જે રીતે ક્લીનચીટ આપીને અદાલતે સીબીઆઈની જે રીતે ઝાટકણી કાઢી તેનાથી આ છાપને જાણે અદાલતી મહોર લાગી ગઈ હોય તેવો તાલ સર્જાયો છે. આ આખાં પ્રકરણે સીબીઆઈની સાથોસાથ કેન્દ્ર સરકારને ભારે શરમજનક સ્થિતિમાં મૂકી દીધું છે. દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટના ન્યાયધીશે જે રીતે આ કેસમાં તપાસથી માંડીને ચાર્જશીટ સુધી તમામ બાબતોમાં સીબીઆઈનો જે રીતે ઉધડો લીધો તે ભારે ચિંતાજનક છે. આ કેસમાં સીબીઆઈની સામેના અદાલતનાં વલણ બાદ હવે ઈડીના કેસમાં પણ અદાલત એવો મિજાજ બતાવશે એવી અટકળો તેજ બની છે, પણ દેશની આ બન્ને ટોચની એજન્સીઓની સામેના રાજકીય આરોપો ફરી એકવાર ચર્ચામાં આવી ગયા છે. સીબીઆઈએ શરાબ ગોટાળાકાંડમાં નીચલી કોર્ટના આ ચુકાદા સામે દિલ્હીની વડી અદાલતમાં અપીલ કરી છે, પણ મુખ્ય સવાલ એ છે કે, સીબીઆઈ અને ઈડી બન્ને તેમના મોટાભાગના કેસોમાં

ગુનો સાબિત કરવામાં સફળતા હાંસલ કરી શકતી નથી. આરંભમાં હાઈપ્રોફાઈલ કેસોમાં મોટા વેપારીઓથી માંડીને રાજકારણીઓની સામે ગુનો નોંધીને ધરપકડ સહિતનાં પગલાંથી ભારે ચકચાર જગાવતી આ એજન્સીઓ આગળ જતાં નબળી પડી જાય છે. ભ્રષ્ટાચાર વિરોધી કાયદા તળે સીબીઆઈ અને મની લોન્ડરિંગ વિરોધી કાયદા તળે ઈડી પાસે અમાપ સત્તા છે. મોટભાગના કેસમાં પૂરતા પુરાવા એકઠા થતા નથી હોતા, જેને લીધે ગુનો સાબિત થઈ શકતો નથી. માત્ર સાંયોગિક પુરાવાના આધારે કરાતી કાર્યવાહીમાં સંબંધિત આરોપીને જે માનહાનિ થાય છે તેની અદાલતી કાર્યવાહીના અંતે કોઈ ભરપાઈ થઈ શકતી નથી હોતી. વેપારીઓ તો તેમની સામેની આ અજેન્સીઓની કાર્યવાહીને લીધે આર્થિક રીતે પણ ભારે નુકસાની વેઠે છે. રાજકીય નેતાઓની પ્રતિષ્ઠા પણ ઝંખવાય છે. જો કે, કેજરીવાલની જેમ અદાલતમાંથી નિર્દોષ જાહેર થાય એટલે આવા નેતાઓ તેમની સામે રાજકીય બદલાની કાર્યવાહી થઈ હોવાના આરોપો સરકારની સામે મૂકવા લાગે છે. તેમને આવા સંજોગોમાં રાજકીય લાભ મળવાનો માર્ગ મોકળો બની જાય છે. આ અગાઉ સર્વોચ્ચ અદાલતે સીબીઆઈને પિંજરામાં બંધ પોપટ ગણાવી હતી. આમ અદાલતી વલણે ફરી એક વખત સીબીઆઈ અને ઈડીની કામગીરીને વધુ અસરકારક બનાવવા અને તેને રાજકીય પ્રભાવના આરોપોથી અળગી રાખવા માટે સરકારે હવે ધ્યાન આપવાની ખાસ જરૂરત છે. દેશની આવી ટોચની એજન્સીઓ તેમની કામગીરીમાં વધુ કાબેલ બનીને ગુનાને સાબિત કરવામાં સફળ રહે એ હવે અનિવાર્ય બની ગયું છે.

## નફરતને પણ ‘પક્ષ’ હોતો નથી

કોંગ્રેસના સિનિયર નેતા, દેશના અગ્રિમ પંક્તિના વકીલ કપિલ સિબ્બલની ’હેટ સ્પીચ’ અંગેની અરજી સાંભળવાનો સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. કોર્ટને લાગ્યું કે, આ યાચિકા ફક્ત ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવી છે. કપિલ સિબ્બલનો ઈરાદો એવો છે કે, ભાજપના જ નેતા -મુખ્યમંત્રીઓ હેટ સ્પીચ આપે છે, તેવું અવલોકન કોર્ટનું છે. ’હેટ સ્પીચ’ અલબત્ત, નવો મુદ્દો નથી. શેરીમાં યોજાતી ચૂંટણીસભાથી લઈ વિધાનગૃહ કે સંસદના સદન સુધી આ દૂષણ છે. દેશની જનતા જેમને અનુસરતી હોય, ચૂંટતી હોય તેવા લોકો જ્યારે સંયમ ગુમાવે ત્યારે તેની નોંધ લેવાય જ, પરંતુ આ મુદ્દે બધા પક્ષો સરખા છે કોણ, ક્યારે શું બોલે તે નક્કી હોતું નથી. નફરતી ભાષણોને નિયંત્રિત કરતી માર્ગદર્શિકાની જરૂર છે, પરંતુ તે સરળ નથી. પ્રશ્ન તો એ છે કે, જે લોકો દેશના એક ચોક્કસ વિસ્તાર, નિશ્ચિત સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે, નેતૃત્વ કરે છે તેમને વળી કોઈ નિયમ કે માર્ગદર્શિકાની જરૂર ખરી ? આ જવાબદાર નેતાઓને પણ એવું કહેવું પડે કે, તમારે શું બોલવું, શું ન બોલવું ? પહેલાં તો એ નક્કી કરવું પડે કે, જે વક્તવ્યોની વાત થાય છે તેને ’નફરત ફેલાવનારા’ કેવી રીતે ગણવા? ઘણીવાર કડવું સત્ય બયાન થાય તેને દ્વેષ ફેલાવનારું કહી દેવાય છે. ક્યારેક આવા ભડકામણા ભાષણોને ’અતિવ્યક્તિ સ્વતંત્રતા’નું આવરણ પહેરાવવાનો પ્રયાસ થાય છે, જે નેતાઓ આવા ભાષણ આપે છે તેમાંથી બહુ ઓછા સામે પગલાં લેવાયાં હોવાના દૃષ્ટાંત જોવા મળ્યા છે. કાં તો તેમનો પક્ષ તરત તેના બચાવમાં આવી જાય છે કે પછી તે એવું કહી દે છે કે, આ તો એમનો અંગત અભિપ્રાય છે. તેની સાથે પક્ષને કોઈ નિસબત નથી. વારંવાર આવા બનાવ બનતા રહે છે. જો આવું નિવેદન જાહેર માધ્યમો પરથી થયું હાય તો લોકલાજે પણ પગલાં લેવા પડે. નુપૂર શર્માએ ટીવી ડિબેટમાં કરેલાં નિવેદન પછી તેઓ પડદે દેખાતા બંધ થયા હતા. તામિલનાડુના મંત્રી ઉદય નિધિએ સનાતન ધર્મને ડેન્ગ્યૂ-મેલેરિયા જેવો કહીને તે ખતમ કરવાની વાત કરી હતી, પરંતુ ત્યાંની રાજ્ય સરકારે તેમની વિરુદ્ધ કોઈ પગલાં ભર્યાં નહોતાં. આવાં ઝેરીલાં પ્રવચનો ઉપર નિયંત્રણ વિવિધ પક્ષોએ મૂકવા જોઈએ, કાયદાકીય રીતે પણ મુકાવા જોઈએ. ચૂંટણી સમયે ’આચારસંહિતા’ નામની એક ઔપચારિકતા હોય છે. ભડકામણા ભાષણ તો તે સિવાય પણ ચાલુ રહે છે. આ મુદ્દે સિબ્બલે સર્વોચ્ચ અદાલતના દ્વારે જઈને પોકાર તો કર્યો, પરંતુ તેઓએ ભાજપશાસિત રાજ્યોનો જ ઉલ્લેખ કર્યો. સર્વોચ્ચ અદાલતની વાત સાચી છે. આ સમસ્યા તો સર્વગ્રાહી છે, પક્ષીય નથી.

**ઘણીવાર કડવું સત્ય બયાન થાય તેને દ્વેષ ફેલાવનારું કહી દેવાય છે. ક્યારેક આવા ભડકામણા ભાષણોને ‘અતિવ્યક્તિ સ્વતંત્રતા’નું આવરણ પહેરાવવાનો પ્રયાસ થાય છે,**

**ઈરાન અમેરિકા-ઈઝરાયલનું નાક દબાવીને મોં ખોલાવવામાં સફળ થાય કેમ કે યુદ્ધ કોઈના ફાયદામાં નથી.**

# ઈરાને આરબ દેશોનું નાક દબાવ્યું, અમેરિકા સમજે તો સારું

## સંયુક્ત આરબ અમીરાત, કુવૈત, ઈરાન અને ઇરાક એ છ દેશોમાંથી જાય છે.

ઈઝરાયલ-અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ખતરનાક બની રહ્યું છે. ઈઝરાયલ-અમેરિકાએ ઈરાનમાં ઘૂસીને ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામનેઈને ઉડાવી દીધા પછી ભૂરાંટા થયેલા ઈરાને સઉદી અરેબિયા સહિતના દેશો પર મિસાઈલમારો શરૂ કરીને તબાહી મચાવવા માંડી છે. સામે ઈઝરાયલ પણ મચ્યું છે અને ઈરાનની સાથે સાથે લેબેનોન પર પણ બૉમ્બમારો શરૂ કરી દીધો છે. અમેરિકા અને ઈઝરાયલે અત્યાર સુધી ઈરાનના ૧૦૦૦થી વધુ ઠેકાણાં પર હુમલા કરીને ૨૦૦૦થી વધુ બૉમ્બ ઝીંક્યા છે. આ બૉમ્બમારામાં સત્તાવાર રીતે ૭૪૨ લોકોનાં મોત થયાં છે પણ મોતનો આંકડો વધારે હોઈ શકે છે કેમ કે ઈરાનમાં અંદર જઈને ખરેખર કેટલી તબાહી થઈ છે એ જાણવું અશક્ય છે. ઈરાન પણ ચૂપ નથી અને ઈઝરાયલ ઉપરાંત અમેરિકાના સાથી એવા ડઝનથી વધારે આરબ દેશો પર મિસાઈલો ઠોકવા માંડી છે. અમેરિકાએ હુમલામાં પોતાના ત્રણ સૈનિકો માર્યા ગયા હોવાનું સ્વીકાર્યું છે પણ અમેરિકાના કિસ્સામાં પણ વાસ્તવિક નુકસાન વધારે હોઈ શકે છે.

ઈરાને અમેરિકા તથા તેના સાથીઓનું નાક દબાવવા હોર્મુઝની ખાડી પણ બંધ કરી દીધી છે. અમેરિકાનો દાવો છે કે, ઈરાન ટાઢા પહોરનું ગપ્પું મારે છે અને હોર્મુઝની ખાડીમાંથી બેરોકટોક જહાજો પસાર થાય જ છે પણ અત્યારે જે રિપોર્ટ છે એ પ્રમાણે, ક્રુડ ઓઈલનાં ૭૦૦ જેટલાં તોતિંગ ટેન્કર અટવાઈ ગયાં છે તેથી ઈરાનની વાત સાચી લાગે છે. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ છાતી ઠોકીને સરકારી ટીવી પર હુંકાર કર્યો છે કે, હવે પછી કોઈ જહાજને આ માર્ગેથી પસાર નહીં થવા દેવાય અને છતાં કોઈ દોઢદાડ્યું થશે તો તેને ઉડાવી દઈશું.

હોર્મુઝની ખાડી બંધ થઈ હોય તો એ ભારત માટે બહુ ચિંતાના સમાચાર બની શકે છે કેમ કે ભારતનું લગભગ ૫૦ ટકા ક્રૂડ ઓઈલ સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝના રસ્તે આવે છે. અત્યારે ભારત પાસે પૂરતા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ અને ગેસનો જથ્થો છે પણ યુદ્ધ ચાલુ રહે ને અમેરિકા-ઈઝરાયલ ઈરાનને પછાડીને સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ એટલે કે હોર્મુઝની ખાડીને ખોલાવવામાં સફળ ના રહે તો ભારત સહિત ઘણા દેશોને તકલીફ પડી શકે.

આરબ દેશોમાંથી જતું મોટા ભાગનું ક્રૂડ ઓઈલ તોતિંગ જહાજો મારફતે આ રૂટ પરથી પસાર થાય છે તેથી ભારતની જેમ તોતિંગ સ્ટોરેજ ક્ષમતા ના ધરાવતા ઘણા દેશોમાં તો બે-ચાર દાડામાં પેટ્રોલ-ડીઝલ ને ગેસની અછત વર્તવા માંડે એવું બને. ભારતના ઈરાન સાથેના સારા સંબંધોને જોતાં ઈરાન ભારત આવતાં જહાજોને ના રોકે એવું બને પણ એ શક્યતા બહુ પાતળી છે. સૂકા ભેગું લીલું બળે એ હિસાબે બીજાં જહાજોની સાથે ભારતનાં જહાજ પણ રોકાય તો લાંબા ગાળે ભારતમાં પણ પેટ્રોલ-ડીઝલની અછત સર્જાઈ શકે. ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરીને અમેરિકાને સીધો પડકાર ફેંક્યો છે અને હવે સવાલ અમેરિકાની આબરૂનો છે. હોર્મુઝની ખાડી અમેરિકાના સાથી આરબ દેશો માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વની છે કેમ કે તેમનું અર્થતંત્ર ક્રૂડ ઓઈલ પર નિર્ભર છે. ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરીને અમેરિકાના પીઠ્ઠુ એવા સઉદી અરેબિયા સહિતના દેશોનું નાક દબાવવા પ્રયત્ન કર્યો છે. તેના કારણે અમેરિકા-ઈઝરાયલ હુમલા ઘટાડવા પડે એવું બને કેમ કે સઉદી સહિતના દેશો માટે તો હોર્મુઝની ખાડી લાઈફલાઈન છે. ઓમાનની ખાડીને અરબી સમુદ્ર સાથે જોડતી હોર્મુઝની સામુદ્રધૂની અત્યંત સાંકડી છે. મધ્યપૂર્વના પેટ્રોલિયમ ઉત્પાદક દેશોને એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકાના બજારો સાથે જોડતી આ ખાડી ઈરાનના સીધા કબજા હેઠળ નથી પણ વરસોથી ખાડીમાં ઈરાનના આર્મીનાં જહાજોની હાજરીના કારણે તેનું વર્ચસ્વ છે. અમેરિકાનો દાવો છે કે, હવે આ વિસ્તારમાં ઈરાનનાં કોઈ જહાજ નથી પણ આ દાવો સાચો નથી એ જહાજો રોકાતાં સાબિત થયું છે.

અત્યારે દુનિયાભરમાં મોટા ભાગનું ક્રૂડ ઓઈલ સઉદી અરેબિયા, ઈરાન, સંયુક્ત આરબ અમીરાત, કુવૈત, ઈરાન અને ઈરાક એ છ દેશોમાંથી જાય છે. આ છ દેશો બીજા દેશો સુધી ક્રૂડ ઓઈલ પહોંચાડવા માટે હોર્મુઝની ખાડીના રસ્તાનો ઉપયોગ કરે છે. આ જ રસ્તે લિક્વિડ નેચરલ ગેસ એટલે કે પ્રવાહી કુદરતી ગેસ પણ બીજા દેશોમાં જાય છે.

અમેરિકા અને ઈઝરાયલ પાસે જોરદાર હવાઈ તાકાત છે તેથી ઈરાનનાં જહાજો પર બૉમ્બમારો કરી શકે પણ એ બૉમ્બમારામાં ક્રૂડ ઓઈલ ભરેલાં ટેન્કરોમાં પણ આગ લાગે તો આખો દરિયા ભડભડ સળગે. ઈરાન પોતે પણ સઉદી સહિતના દેશોને ડરાવવા તેમનાં ક્રૂડ ઓઈલ લઈ જતાં ટેંકરોને ઉડાવી શકે છે. આ ખતરાને ટાળીને ફરી ખાડી ખોલાવવી અમેરિકા માટે મોટો પડકાર છે.

ઈરાને હોર્મુઝની ખાડીનું કાર્ડ ખેલીને ને ભૂતકાળમાં ઈરાકના સદ્દામ હુસૈન અને અમેરિકા-ઈઝરાયલને હંફાવી દીધાં હતાં. ૧૯૮૦ના દાયકામાં ઈરાન અને ઈરાક વચ્ચે યુદ્ધ થયું ત્યારે બંને દેશોએ એકબીજાની પેટ્રોલિયમ પેદાશોની નિકાસને અવરોધવાના પ્રયાસ કર્યા હતા ને જોરદાર ટેન્કર વોર ચાલેલી. આ ટેન્કર વોરમાં ઈરાનનો હાથ ઉપર રહ્યો હતો. ઈરાકના સરમુખત્યાર ને એ વખતે અમેરિકાના પીઠ્ઠુ સદ્દામ હુસૈન ઈરાન સામેના જંગમાં હાંફી ગયા તેનું કારણ આ ટેન્કર વોર હતી.

ઈરાન ભૂતકાળની આ સફળતાને દોહરાવવા માગે છે. એ વખતની પરિસ્થિતિ અને અત્યારની સ્થિતિમાં આભ-જમીનનો ફરક છે. અત્યારે અમેરિકા અને ઈઝરાયલની તાકાત અનેક ગણી વધારે છે એ સાચું પણ ઈરાન ભારે નુકસાન કરવાની સ્થિતિમાં છે એ પણ એટલું જ સાચું છે. આ સંજોગોમાં અમેરિકા-ઈઝરાયલે ઈરાન પરના હુમલા બંધ કરવા પડે ને ઈરાન સાથે મંત્રણા કરવી પડે એવું બને.

આપણે ઈચ્છીએ કે એવું જ થાય ને ઈરાન અમેરિકા-ઈઝરાયલનું નાક દબાવીને મોં ખોલાવવામાં સફળ થાય કેમ કે યુદ્ધ કોઈના ફાયદામાં નથી. અમેરિકા પોતાની લશ્કરી અને આર્થિક તાકાતના મદમાં મત્ત છે ને ઈરાનને કટ્ટરવાદનો કેફ છે તેથી બંને જંગે ચડ્યા છે પણ આ બે આખલાની લડાઈમાં દુનિયાના ભારત સહિતના શાંતિપ્રિય દેશોનો ખો નીકળી રહ્યો છે. યુદ્ધ લાંબું ચાલે તો ઈઝરાયલ-અમેરિકા અને ઈરાનનું જે થવાનું હોય એ થાય પણ બીજા દેશો વગર લેવેદેવે લાંબા થઈ જશે એ જોતાં યુદ્ધ અટકે એ જરૂરી છે. ચાર દિવસના યુદ્ધે એક વાત સાબિત કરી જ દીધી છે કે, ઈરાન વેનેઝુએલા નથી કે અમેરિકા મનફાવે એ રીતે વર્તી શકે. અમેરિકા-ઈઝરાયલ ઈરાનને ચાર દિવસમાં મસળી નાખશે એવી વાતો થતી હતી પણ ઈરાને સાબિત કરી દીધું છે કે, તેને ઝડપથી નમાવી શકાય તેમ નથી એ જોતાં યુદ્ધવિરામ સૌના ફાયદામાં છે.

**૧૯૯૩માં તાલિબાનના ઉદય પછી સત્તા માટેનો સંઘર્ષ શરૂ થયો એ પછી પણ મસૂદ સરકારમાં મંત્રી હતા**

# જેવા સાથે તેવાઃ ભારત તાલિબાનને મદદ કરે તેમાં ખોટું શું?

- **તાલિબાન પાકિસ્તાને પેદા કરેલો જીન છે. અફઘાનિસ્તાનમાં રશિયાનું લશ્કર આવ્યું ત્યારે તેની સામે લડવા અમેરિકાની મદદથી દુનિયાભરના કટ્ટરવાદી મુસ્લિમ આતંકવાદીઓને પાકિસ્તાનમાં ભેગા કરાયેલા.**

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે પાછું યુદ્ધ શરૂ થઈ ગયું છે અને આ વખતે મામલો ગંભીર છે કેમ કે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે અફઘાનિસ્તાન સામે ઓપન વોરનું એલાન કર્યું છે. પાકિસ્તાને અફઘાનિસ્તાન સરહદે બલૂચ અને પખ્તૂનો પર પણ હુમલા શરૂ કરતાં આ બંને સમુદાયનાં સંગઠનો પણ પાકિસ્તાનને પછાડવા અફઘાન તાલિબાન સાથે હાથ મિલાવી લે અને જંગ વકરે એવી શક્યતા પ્રબળ બની છે. તેનું પરિણામ પાકિસ્તાનના ભાગલામાં આવે એવી શક્યતા પણ નકારી ના શકાય. પાકિસ્તાન મરણિયું બન્યું છે કેમ કે તેના અસ્તિત્વ સામે ખતરો છે. વીસેક દિવસ પહેલાં એટલે કે ૬ ફેબ્રુઆરીએ ઈસ્લામાબાદમાં શુક્રવારની નમાઝ દરમિયાન શિયા મસ્જિદમાં આત્મઘાતી હુમલો થયો તેમાં લગભગ ૧૦૦ લોકોનાં મોત થયાં હતાં. આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી ત્યારથી પાકિસ્તાન અફઘાનિસ્તાનને પાઠ ભણાવવા ઊંચુંનીચું થવા માંડેલું ને ઓપરેશન ’ગઝબ લિલ હક’ની તૈયારીઓ શરૂ કરી દીધેલી. બે દિવસ પહેલાં પાકિસ્તાનની એરફોર્સે કાબુલ, નંગરહાર પ્રાંત સહિત અનેક શહેરો પર બૉમ્બમારો કરેલો. આ હુમલામાં ૧૩૩ અફઘાન તાલિબાની સૈનિકોનાં ઢીમ ઢળ્યાં હોવાનો દાવો છે. સામે તાલિબાને પાકિસ્તાનનું ફાઈટર જેટ તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો છે અને ૨૩ પાકિસ્તાની સૈનિકોને ઉડાવી દીધા હોવાનો દાવો કર્યો છે. ભારતે અફઘાનિસ્તાન-પાકિસ્તાન યુદ્ધ સાથે પોતાને નાહવા નિચોવવાનો સંબંધ નહીં હોવાની ચોખવટ કરી છે પણ પાકિસ્તાન એ વાત માનવાનું નથી. પાકિસ્તાન લાંબા સમયથી ગાઈવગાડીને કહે છે કે, તાલિબાન ભારતના પીઠ્ઠુ તરીકે વર્તી રહ્યા છે અને પાકિસ્તાનમાં અરાજકતા ઊભી કરી રહ્યા છે. પાકિસ્તાનની વાતો ઊલટા ચોર કોટવાલ કો ડાંટે એવી છે. તાલિબાન પાકિસ્તાને પેદા કરેલો જીન છે. અફઘાનિસ્તાનમાં રશિયાનું લશ્કર આવ્યું ત્યારે તેની સામે લડવા અમેરિકાની મદદથી દુનિયાભરના કટ્ટરવાદી મુસ્લિમ આતંકવાદીઓને પાકિસ્તાનમાં ભેગા કરાયેલા. તેમાંથી જ તાલિબાન પેદા થયા. આ તાલિબાન એક સમયે પોતાના પાકિસ્તાની આકાઓના ઈશારે ખૂનામરકી કરતા. રશિયાનું લશ્કર અફઘાનિસ્તાનમાંથી જતું રહ્યું પછી તાલિબાન સત્તા કબજે કરવા બીજાં સંગઠનો સાથે લડવા માંડ્યા ને અફઘાનિસ્તાનમાં સત્તા કબજે કરી. અફઘાનિસ્તાનમાં સત્તા મળ્યા પછી તાલિબાને ઓસામા બિન લાદેન સહિતના આતંકવાદીઓનો ખડકલો કર્યો ને તેમના ઈશારે અમેરિકામાં નાઈન ઈલેવનનો કાંડ કરી નાખ્યો. ધૂંધવાયેલા અમેરિકાએ તાલિબાનની ઓખાત બગાડી નાખી ત્યારે પણ પાકિસ્તાન પાછલા બારણે તો તાલિબાનને પોષતું જ હતું. ઓસામા બિન લાદેન પાકિસ્તાનના કબજા હેઠળના અબોટ્ટાબાદમાંથી અમસ્તો પકડાયેલો ? અમેરિકાનું લશ્કર અફઘાનિસ્તાનમાં હતું ત્યાં લગી તો તાલિબાન ને પાકિસ્તાન એક જ થાળીમાં જમતા હતા પણ અમેરિકાનું લશ્કર ગયું ને તાલિબાન પાસે સત્તા આવી પછી બંનેને મનમેળ રહ્યો નથી. તેનું કારણ અફીણ સહિતના ડ્રગ્સના બિઝનેસમાં ભાગબટાઈ છે. તાલિબાન પાસે આ ડ્રગ્સના ધંધાનો કંટ્રોલ છે. પહેલાં અમેરિકાના લશ્કરની ધોંસના કારણે તાલિબાન પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ મારફતે આ ધંધો ચલાવતા. હવે અમેરિકા ખસી ગયું તેથી તાલિબાનને કોઈ ડર નથી. અમેરિકાના તાલિબાન સાથે સંબંધો પણ સારા છે તેથી અમેરિકા તાલિબાનના ધંધામાં ટાંગ નથી અડાવતા તેથી એ લોકો સીધો ધંધો કરવા માંડ્યા તેમાં પાકિસ્તાન સાથે વાંકું પડ્યું છે. પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈનો ગરાસ લૂંટાઈ ગયો તેની ખીજ તાલિબાન પર હુમલા કરીને કઢાઈ રહી છે. ભારતને પહેલાં તાલિબાન સાથે સારા સંબંધો નહોતા. અફઘાનિસ્તાનમાં ભારતે વરસો લગી અહમદ શાહ મસૂદ સહિતના તાલિબાન વિરોધી નેતાઓને મદદ કરી હતી. મસૂદ પણ સોવિયેત રશિયાના લશ્કર સામે લડેલા પણ રશિયન લશ્કરની વિદાય પછી ૧૯૯૨માં તેમના નોર્ધર્ન એલાન્સને સત્તાની કમાન સોંપાયેલી. ૧૯૯૩માં તાલિબાનના ઉદય પછી સત્તા માટેનો સંઘર્ષ શરૂ થયો એ પછી પણ મસૂદ સરકારમાં મંત્રી હતા. મસૂદ સહિતના નેતાઓએ અફઘાનિસ્તાનને ભારતમાં આતંકવાદ ફેલાવવાથી દૂર રાખ્યું તેથી ભારતે મસૂદને મદદ કરી. ૧૯૯૬ પછી નોર્ધર્ન એલાયન્સ અને તાલિબાન વચ્ચે જોરદાર જંગ શરૂ થયો ત્યારે પણ ભારત મસૂદની પડખે હતું તેથી તાલિબાન ભારતને દુશ્મન જ માનતા. અત્યારે સમીકરણો બદલાઈ ગયાં છે. અફઘાનિસ્તાનમાં તાલિબાન સત્તાવાર રીતે શાસક છે અને તાલિબાનની સરકાર છે તેથી ભારતે તાલિબાન સાથે રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા છે. અફઘાનિસ્તાનમાં લાંબા સમયથી ભારતનાં વ્યાપક આર્થિક હિતો હોવાથી તાલિબાન સરકાર સાથે ઘણા મોરચે ભારત સહકાર પણ વધારી રહ્યું છે. ભારતીય વિમાનોને ગલ્ફમાં કે આગળ જવા માટે અફઘાનિસ્તાન એર સ્પેસ આપે છે અને ભારતના માલની હેરફેરમાં પણ સહકાર આપે છે. પાકિસ્તાનની આડોડાઈમાં અફઘાનિસ્તાને સાથ આપ્યો નથી તેથી ભારતે પણ દોસ્તીનો હાથ લંબાવીને અફઘાનિસ્તાન સાથેના સંબંધો મજબૂત બનાવ્યા છે. પાકિસ્તાનને આ બધું ખૂંચે છે તેથી અફઘાનિસ્તાન ભારતનું આંગળિયાત બની ગયું હોવાના ટોણા માર્યા કરે છે. ભારત અફઘાનિસ્તાનને પાકિસ્તાન સામે લડવામાં મદદ કરી રહ્યું છે એવા આક્ષેપો પણ કર્યા કરે છે પણ ભારત ને અફઘાનિસ્તાન બંને પાકિસ્તાનની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખીને સંબંધો આગળ વધારવા પર ધ્યાન આપી રહ્યા છે. પાકિસ્તાનના આક્ષેપોમાં દમ નથી અને પુરાવા પણ નથી પણ માનો કે ભારત અફઘાનિસ્તાનને પાકિસ્તાન સામે લડવા માટે ઉશ્કેરતું હોય કે મદદ કરતું હોય તો તેમાં કશું ખોટું નથી. રાજદ્વારી કારણોસર ખુલ્લેઆમ તેનો સ્વીકાર ના કરી શકાય પણ અંદરખાને ભારત મદદ કરતું હોય તો એ એકદમ યોગ્ય છે. પાકિસ્તાન વરસોથી જમ્મુ અને કાશ્મીરની આઝાદીના નામે આતંકવાદ ફેલાવતાં સંગઠનોનો પંપાળીને ભારતમાં હિંસા ફેલાવે છે અને નિર્દોષોનાં લોહી વહાવે છે. પાકિસ્તાન પ્રેરિત આતંકવાદના કારણે ભારતના અર્થતંત્રને પણ મોટો ફટકો પડેલો જ છે છતાં પાકિસ્તાન પોતાની નીચ હરકતો છોડતું નથી.હવે પાકિસ્તાન સાવ છેલ્લા પાટલે બેઠેલું હોય ત્યારે આપણે સિદ્ધાંતોનું પૂંછડું પકડીને બેસી રહીએ એ ના ચાલે. પાકિસ્તાન પાંસરું કરવા માટે જે રસ્તો અપનાવવો પડે એ અપનાવવો જોઈએ ને તેમાં અફઘાનિસ્તાનને મદદ પણ આવી ગઈ. મોદી સરકાર એ મદદ કરતી હોય તો આ વ્યૂહરચના યોગ્ય છે અને દેશના હિતમાં પણ છે. લોઢું લોઢાને કાપે એ હિસાબે પાકિસ્તાનના આતંકવાદનો જવાબ આતંકવાદીમાંથી શાસક બનેલા તાલિબાનના માધ્યમથી આપવામાં કશું ખોટું નથી.

**સ્વસ્થ- ફિટ રહેવા માટે હમેંશા ભુખ કરતા ઓછા પ્રમાણમાં જમો**

# હમેંશા ચુસ્ત અને ફિટ રહેવા શુ કરવુ

**કારણ કે વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે.**

કોરોના વાયરસના કારણે હાલમાં લોકોમાં ભારે ફફડાટ છે ત્યારે લોકો ફિટનેસને જાળવવા માટે દરેક પ્રવૃતિ કરી રહ્યા છે. રોગ પ્રતિકારક ક્ષમતાને લોકો વધારી રહ્યા છે. વધતા જતા કોરોનાના ખતરા વચ્ચે ફિટનેસને જાળવી રાખવા માટે મોટા ભાગના લોકો ધ્યાન આપી શકતા નથી. શિસ્ત નહીં પાળનાર લોકો કેટલીક વખત ભુખ કરતા વધારે ભોજન કરી લે છે. આરામ કરવાના ઈચ્છુક લોકો આવી ટેવ ધરાવે છે. જો કે હાલમાં સ્વસ્થ અને ફિટ રહેવા માટે લોકો બનતા તમામ પ્રયાસો કરે તે જરૂરી છે. કેટલાક લોકો તો ફિટનેસને હાંસલ કરવા માટે જંગી રકમ ખર્ચ કરી નાંખે છે. છતાં કેટલાક લોકો આરોગ્ય મેળવી લેવામાં સફળ રહેતા નથી. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સારી હેલ્થ રાખવા માટે હમેંશા જેટલી ભુખ હોય તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવુ જોઈએ. આંતરડા અમારા પાચન તંત્રના મુખ્ય અંગ તરીકે છે. મોટા આંતરડા અને નાના આંતરડા અમારી પાચન ક્રિયામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. નિષ્ણાંત તબીબો કહે છે કે અમે જે ભોજન કરીએ છીએ તેમાંથી આંતરડા સારી અને સ્વસ્થ તેમજ પૌષ્ટિક ચીજો કાઢે છે. જ્યારે ઝેરી ચીજોને શરીરની બહાર કાઢી નાંખે છે. આંતરડા પણ યોગ્ય રીતે કામ કરી શકે તે માટે પણ કેટલાક પગલા લેવાની જરૂર હોય છે. આંતરડાને સ્વસ્થ રાખવા માટે પણ કેટલાક પગલા લેવા જોઈએ. નિષ્ણાંત લોકો કહે છે કે પોતાની ભુખ કરતા હમેંશા ઓછા પ્રમાણમાં ભોજન કરવાથી લાભ થાય છે. જ્યારે ભુખ કરતા વધારે પ્રમાણમાં જમવાના કારણે આરોગ્યની સમસ્યા ઉભી થઇ શકે છે. વધારે જમવાથી માત્ર વજન વધતુ નથી. સાથે સાથે અમારા આંતરડાની સક્રિયતા ઓછી હોય છે

. કારણ કે વધારે પ્રમાણમાં ભોજન કરવાથી આંતરડાને પાચનમાં ભારે તકલીફ પડે છે. પોતાના ભોજનમાં ઉચ્ચ ફાયબરમુક્ત ભોજનને સામેલ કરવાથી આના કારણે ફાયદો થાય છે. ફાયબરયુક્ત ભોજન કરવાથી ફાયદો થાય છે. તે સારી રીતે પચી જાય છે. તે આંતરડાને વધારે સક્રિય પણ રાખે છે. વાસી ભોજન કરવાથી દુર રહેવાની પણ હમેંશા જરૂર હોય છે. વાસી ચીજો ખાવાથી કેટલીક તકલફ ઉભી થઇ જાય છે. ખોરાકી ઝેરની અસર થઇ શકે છે. તે પાચન સંબંધિત તકલીફને જન્મ આપે છે. ફાઇબરયુક્ત સંતુલિત ચીજો ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે તે જરૂરી છે. શાકભાજી, ફળફળાદી , અનાજ અને નટ્સમાં ફાઇબર ચીજો વધારે પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી ફાયદો થાય છે. ફાઇબર આપના આંતરડાને સ્વસ્થ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પાણી પિવાના કેટલાક ફાયદા છે. આના કારણે અમે અમારા શરીરમાં રહેલા ઝેરી પદાર્થોને બહાર કરી દઇએ છીએ. આંતરડાને પણ સ્વસ્થ રાખીએ છીએ. જો તમે વધારે પ્રમાણમાં ફાયબર ભોજનમાં લઇ રહ્યા છો અને સાથે સાથે પુરતા પ્રમાણમાં પાણી પિતા નથી તો આપના આંતરડાને નુકસાન થઇ શકે છે. જેથી પુરતા પ્રમાણમાં પાણી પિવામાં આવે તે જરૂરી છે.

જો તમે માંસાહારી છો અથવા તો નોન વેજેટેરિયન છો તો લીન મીટનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે આંતરડાની ગતિવિધી સ્વસ્થ રહે છે. લીન મીટના કારણે ભોજન સરળતાથી પચી જાય છે. સાથે સાથે આંતરડા સારી રીતે કામ કરે છે. તેમાં પોષ્ટિક તત્વો હોય છે. જે ઈમ્યુનિટી પાવરને મજબુત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. લીન મીટ જેમ કે ફિશનો ઉપયોગ કરવાથી વધારે ફાયદો થાય છે. તેમાં પુરતા પ્રમાણમાં પ્રોટીન હોય છે. જે પાચન ક્રિયાને મજબુત બનાવે છે. સાથે સાથે પ્રોટીનની કમીને દુર કરે છે. રેડ મીટનો ઉપયોગ ન કરવાની સલાહ નિષ્ણાંતો આપે છે. રેડ મિટમાં વાસી પદાર્થોનુ પ્રમાણ વધારે હોય છે. જેના કારણે શરીરમાં વજન વધી શકે છે. આ ઉપરાંત તેમાં રહેલ કોલેસ્ટ્રોલ આંતરડા પર માઠી અસર કરે છે. આયુર્વેદ નિષ્ણાંત કહે છે કે આંતરડાને સ્વસ્થ રાખવા માટે આરામ કરવાની જરૂર હોય છે. પુરતા પ્રમાણમાં ભોજન કરવાની ટેવ હમેંશા ઉપયોગી રહે છે.

# GIFA ૨૦૨૫-૧૦મું વર્ષ ભવ્ય સફળતા સાથે પૂર્ણ








## અમદાવાદ સ્થિત Narayani Heights ખાતે યોજાયેલ આ મહાસંમેલન હાઉસફુલ રહ્યું, જેમાં ૭,૦૦૦થી વધુ પ્રેક્ષકો, ઉદ્યોગના અગ્રણીઓ, સેલિબ્રિટીઓ અને ફિલ્મપ્રેમીઓએ હાજરી આપી

ગુજરાતી સિનેમાના ગૌરવપૂર્ણ ઇતિહાસમાં ૨૮મી ફેબ્રુઆરીની સાંજ એક સુવર્ણ અધ્યાય બની ગઈ, જ્યારે ગુજરાતી આઇકોનિક ફિલ્મ એવોર્ડ – NUVOCO GIFA ૨૦૨૫ એ પોતાની ૧૦મી વર્ષગાંઠ અદભૂત ભવ્યતા અને સફળતા સાથે ઉજવી. અમદાવાદ સ્થિત Narayani Heights ખાતે યોજાયેલ આ મહાસંમેલન હાઉસફુલ રહ્યું, જેમાં ૭,૦૦૦થી વધુ પ્રેક્ષકો, ઉદ્યોગના અગ્રણીઓ, સેલિબ્રિટીઓ અને ફિલ્મપ્રેમીઓએ હાજરી આપી.

દાયકાની આ ઉજવણી માત્ર એક એવોર્ડ નાઈટ નહોતી, પરંતુ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના વિકાસ, સિદ્ધિઓ અને સંકલ્પની ઉજવણી હતી. GIFA એ છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતી સિનેમાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, અને ૨૦૨૫નું આયોજન આ યાત્રાનો સર્વોચ્ચ શિખર સાબિત થયું. GIFA ૨૦૨૫ ના સ્પોન્સર્સ માં ટાઈટલ સ્પોન્સર નુવોકો સિમેન્ટ, મુખ્ય સ્પોન્સર વસંત મસાલા, ઇન એસોસિએશન વીથ ગુજરાત ટુરિઝમ અને વ્રજ જ્વેલર્સ, પાવર્ડ બાય તલોદ ફૂડ્સ, મુંબઈયા મિસળ & વડાપાવ, એલિસ ફેશન અને ઓફિશિયલ બ્રોડકાસ્ટ પાર્ટનર કલર્સ ગુજરાતી, ન્યૂઝ પ્રિન્ટ પાર્ટનર સંદેશ, રેડિયો પાર્ટનર ફીવર એફ એમ રહ્યા.

આ એવોર્ડ્સ માત્ર ટ્રોફી નહીં, પરંતુ વર્ષોથી ગુજરાતી સિનેમાને નવી દિશા આપનારા કલાકારો અને ટેક્નિકલ ટીમની મહેનતનો માન-સન્માન હતો. આયોજન, વ્યવસ્થાપન, સમયપાલન અને પ્રેક્ષકોના ઉત્સાહે આ કાર્યક્રમને દાયકાનો સૌથી સફળ અને સૌથી મોટો ગુજરાતી ફિલ્મ એવોર્ડ સમારોહ બનાવ્યો.

GIFA ૨૦૨૫ એ ફરી એકવાર સાબિત કર્યું કે ગુજરાતી સિનેમા આજે નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે અને તેની લોકપ્રિયતા સતત વધી રહી છે.

દાયકાની આ ઉજવણીમાં મંચ પર ગુજરાતી ફિલ્મ જગતના જાણીતા કલાકારો અને પરફોર્મર્સ હિતુ કનોડિયા અને મોના કનોડિયા,યોગિતા પટેલ અને ઉત્સવ નાયક, દેવર્ષિ શાહ, માનસી પારેખ, કરણ જોષી, રેવા સાચ અને શ્રૂહદ ગોસ્વામી, આર્જવ ત્રિવેદી અને વિનીતા જોષી, મૌલિક ચૌહાણ અને પાયલ પ્રજાપતિ, તથા ઢીંગલી સોંગ પર તક્ષ શાહ, સિદ્ધાર્થ ડોલી, રાકેશ બારોટ જેવા કલાકારો એ રંગત જમાવી દીધી અને પ્રેક્ષકોને ઝૂમી ઉઠવા મજબૂર કર્યા. આ તમામ પરફોર્મન્સ ની કોરિયોગ્રાફી ક્રિશ સંગીત મેકર્સ દ્વારા કરવા માં આવી હતી અને આ કાર્યકર્મ નું સંચાલન શૌનક વ્યાસ, શીતલ શાહ, મૌલિક ચૌહાણ, ઉત્સવ નાયક તથા વિનીતા જોષી દ્વારા કરવામાં આવ્યું.

NUVOCO GIFA 2025 With VASANT MASALA દરમિયાન ૪૦થી વધુ વિવિધ કેટેગરીમાં એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા. અભિનેતા, અભિનેત્રી, દિગ્દર્શક, સંગીતકાર, લેખક, ટેક્નિશિયન સહિત તમામ ક્ષેત્રોમાં કાર્યરત પ્રતિભાઓને મંચ પર સન્માનિત કરવામાં આવી.

દમદાર રેડ કાર્પેટ એન્ટ્રીથી લઈને ધમાકેદાર પરફોર્મન્સ અને ભાવુક સ્વીકાર ભાષણો સુધી— NUVOCO GIFA ૨૦૨૫ With VASANT MASALA એ ફરી એકવાર સાબિત કર્યું કે તે ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીનું સૌથી પ્રતિષ્ઠિત એવોર્ડ પ્લેટફોર્મ છે. સમગ્ર સાંજ ઉત્સાહ, તાળીઓ અને યાદગાર ક્ષણોથી ગૂંજી ઉઠી.

આ વર્ષના એવોર્ડ્સમાં વિવિધ સર્જનાત્મક, ટેક્નિકલ અને પરફોર્મન્સ કેટેગરીમાં ઉત્તમ યોગદાન આપનાર પ્રતિભાઓને સન્માનિત કરવામાં આવ્યા. ઉદ્યોગના વ્યાપક સમર્થન અને રેકોર્ડબ્રેકિંગ પ્રતિસાદ સાથે GIFA ૨૦૨૫ ગુજરાતી સિનેમાના વિકાસમાં એક વધુ માઈલસ્ટોન સાબિત થયું.

જીફા ના પ્રેસિડેન્ટ હેતલ ઠક્કર અને વાઈસ પ્રેસિડેન્ટ અરવિંદ વેગડા એ વધુ માં જણાવ્યું કે GIFA ૨૦૨૫ એ ફરી એકવાર સાબિત કર્યું કે ગુજરાતી સિનેમા આજે નવા શિખરો સર કરી રહ્યું છે. દાયકાના આ અવસરે યોજાયેલ આ ભવ્ય આયોજન માત્ર એક એવોર્ડ નાઈટ નહીં, પરંતુ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના વિકાસ, ગૌરવ અને એકતાનો મહોત્સવ બન્યો.GIFA ૨૦૨૫ – દાયકાનો ગૌરવ, ગુજરાતી સિનેમાનો સૌથી મોટો એવોર્ડ સમારોહ!





**જીફા ના પ્રેસિડેન્ટ હેતલ ઠક્કર અને વાઇસ પ્રેસિડેન્ટ અરવિંદ વેગડા એ વધુ માં જણાવ્યું કે GIFA ૨૦૨૫ એ ફરી એકવાર સાબિત કર્યું કે ગુજરાતી સિનેમા આજે નવા શિખરો સર કરી રહ્યું છે. દાયકાના આ અવસરે યોજાયેલ આ ભવ્ય આયોજન માત્ર એક એવોર્ડ નાઇટ નહીં, પરંતુ ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના વિકાસ, ગૌરવ અને એકતાનો મહોત્સવ બન્યો.**



**ગુજરાતી સિનેમાના ગૌરવપૂર્ણ ઇતિહાસમાં ૨૮મી ફેબ્રુઆરીની સાંજ એક સુવર્ણ અધ્યાય બની ગઈ, જ્યારે ગુજરાતી આઇકોનિક ફિલ્મ એવોર્ડ-NUVOCO GIFA ૨૦૨૫ એ પોતાની ૧૦મી વર્ષગાંઠ અદભૂત ભવ્યતા અને સફળતા સાથે ઉજવી**




## GIFA ૨૦૨૫-સત્તાવાર વિજેતાઓની યાદી

## મુખ્ય એવોર્ડ્સ

- ફિલ્મ ઓફ ધ યર – (Laalo – Krishna Sada Sahaayate)
- ડિરેક્ટર ઓફ ધ યર – રાહુલ ભોલે & વિનિત કનોજિયા (All The Best Pandya)
- એક્ટર ઓફ ધ યર – મેલ – રૌનક કામદાર (Misari)
- એક્ટર ઓફ ધ યર – ફીમેલ – માનસી પારેખ (Misari)
- NUVOCO GIFA સ્ટાર ઓફ ધ યર – શ્રુહદ ગોસ્વામી (Laalo – Krishna Sada Sahaayate)
- GIFA VASANT મસાલેદાર ફિલ્મ એવોર્ડ – Misari (VRAJ Films)
- ડેબ્યુ એક્ટર – મેલ – કરણ જોશી (Laalo – Krishna Sada Sahaayate)
- ડેબ્યુ એક્ટર – ફીમેલ – નીલા મુલ્હેરકર (Jai Mata Ji Let's Rock)
- ડેબ્યુ એક્ટર – ફીમેલ – હેલી શાહ (Surprise)
- પરફોર્મન્સ એવોર્ડ્સ
- નેગેટિવ રોલમાં શ્રેષ્ઠ અભિનેતા – અભિનય બેંકર (Bhram)
- સર્પોર્ટિંગ એક્ટર – મેલ – આર્જવ ત્રિવેદી (Umbarro)
- સર્પોર્ટિંગ એક્ટર – મેલ – ટીકુ તલસાણિયા (Misari)
- સર્પોર્ટિંગ એક્ટર – ફીમેલ – વંદના પાઠક (All The Best Pandya)
- કોમિક રોલ – સંજય ગલસર (Umbarro)
- સંગીત અને ગાયક એવોર્ડ્સ
- મ્યુઝિક ડિરેક્ટર ઓફ ધ યર – સ્મિત જય (Laalo – Krishna Sada Sahaayate)
- બેકગ્રાઉન્ડ સ્કોર – વત્સલ ગોસ્વામી & કવન ભટ્ટ (Kaashi Raghav)
- પ્લેબેક સિંગર – મેલ – કીર્તિદાન ગઢવી (Manroath Jeev – Laalo)
- પ્લેબેક સિંગર – ફીમેલ – તૃપ્તિ ગઢવી (Marasiyu - Kundaalu)
- પ્લેબેક સિંગર – ફીમેલ – એશ્વર્યા મજમુદાર (Kaan tari re – Laalo)
- લિરિસિસ્ટ ઓફ ધ યર – પ્રેમ દવે (Manroath Jeev – Laalo)
- સર્જનાત્મક અને ટેક્નિકલ એવોર્ડ્સ
- એડિટર ઓફ ધ યર – ભાગ્યશ્રી ઠાકુર & વૃતાંત જગતાપ (Bhram)
- આર્ટ ડિરેક્ટર ઓફ ધ યર – ચિન્મય નાયક (Dusshera)
- એક્શન ડિરેક્ટર ઓફ ધ યર – દિલીપ યાદવ (Vikram No. 1)
- કોસ્ટ્યુમ ડિઝાઈનર ઓફ ધ યર – પૌર્વી જોષી (Kaashi Raaghav)
- સિનેમેટોગ્રાફર ઓફ ધ યર – પ્રતિક પરમાર (Kaashi Raaghav)
- સ્ક્રીનપ્લે ઓફ ધ યર – અંકિત સખિયા, વિકી પૂર્ણિમા જોષી & કૃષાંશ વાજા (Laalo – Krishna Sada Sahaayate)
- ડાયલોગ રાઈટર ઓફ ધ યર – પ્રેમ ગઢવી, નિકિતા શાહ & અદિતી વર્મા (All The Best Pandya)
- સ્ટોરી રાઈટર ઓફ ધ યર – મનીષ સૈની & નિરેન ભટ્ટ (Jai Mata Ji Let's Rock)
- કોરિયોગ્રાફર ઓફ ધ યર – ધનંજય પવાર (Laalo – Krishna Sada Sahaayate)
- જ્યુરી અને વિશેષ સન્માન
- જીફા ગોલ્ડન એવોર્ડ – મિહિર ભુતા
- જીફા ગોલ્ડન એવોર્ડ – તુષાર શુક્લા
- જ્યુરી સ્પેશિયલ એક્ટર – મેલ – મિત્ર ગઢવી (Bhram)
- જ્યુરી ક્રિટિક્સ એક્ટર – ફીમેલ – રીવા રાચ્છ (Laalo – Krishna Sada Sahaayate)
- જ્યુરી ક્રિટિક્સ ડિરેક્ટર – અંકિત સખિયા (Laalo – Krishna Sada Sahaayate)
- જ્યુરી ક્રિટિક્સ ફિલ્મ – Jay Mataji Let's Rock
- GIFA સ્પેશિયલ મેનશન એક્ટર – હિતુ કનોડિયા
- GIFA સ્પેશિયલ મેનશન એક્ટ્રેસ – ભાવિની જાની
- GIFA સ્પેશિયલ મેનશન સિંગર – રાકેશ બારોટ
- GIFA સ્પેશિયલ મેનશન ડેબ્યુ એક્ટર – ભાવિન ભાનુશાલી (Jalso: A Family Invitation)
- GIFA સ્પેશિયલ મેનશન (ફિલ્મ રિકગ્નિશન) – હેપ્પી ભાવસાર (Kundalu)
- GIFA ૨૦૨૫ માત્ર એવોર્ડ સમારોહ નહોતો — તે ઉત્સાહ, પ્રતિભા અને ગુજરાતી સિનેમાના તેજસ્વી ભવિષ્યનો ભવ્ય ઉત્સવ હતો.

# દક્ષિણ આફ્રિકાના ૮ વિકેટે ૧૬૯ : ન્યુઝીલેન્ડે માત્ર ૧૨.૫ ઓવરમાં ટાર્ગેટ પાર પાડી દીધો

## એલનની 33 દડામાં સૌથી તેજ સદી : દક્ષિણ આફ્રિકાને કચડી કિવીઝ ફાઇનલમા




કોલકાતાઃ ન્યૂઝીલેન્ડના ઓપનર ફિન એલને દક્ષિણ આફ્રિકા સામે T20 વર્લ્ડ કપના પહેલા સેમિફાઇનલમાં માત્ર ૩૩ બોલમાં સદી ફટકારી હતી, જે ઇતિહાસની સૌથી ઝડપી સદી બની હતી. ફિનના અણનમ ૧૦૦ (૩૩ બોલ, ૧૦ ચોગ્ગા અને ૬ છગ્ગા) એ વેસ્ટ ઈન્ડીઝના ક્રિસ ગેઇલ (૪૭ બોલ વિરુદ્ધ ઈંગ્લેન્ડ, ૨૦૧૬) અને ટિમ સેફર્ટ (૫૮ રન, ૩૩ બોલ, ૭ ચોગ્ગા અને ૨ છગ્ગા) નો રેકોર્ડ તોડ્યો હતો.

ન્યૂઝીલેન્ડે ૧૭૦ રનના લક્ષ્યનો પીછો કરવા માટે ૪૩ બોલ બાકી રહેતા એક વિકેટ ગુમાવી દીધી હતી અને ૫ માર્ચે અમદાવાદમાં યોજાનારી ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. કિવીઓએ ફક્ત સેફર્ટની વિકેટ ગુમાવી હતી, જેમણે ૫૫ બોલમાં પ્રથમ વિકેટ માટે ૧૧૭ રન ઉમેર્યા હતા.

અગાઉ, મુશ્કેલ પરિસ્થિતિમાં, દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો યાનસેને (૫૫, ૩૦ બોલ, ૨ ચોગ્ગા, ૫ છગ્ગા) એ તેની ટ૨૦ કારકિર્દીની સૌથી મોટી ઇનિંગ રમી, જેના કારણે દક્ષિણ આફ્રિકાએ કુલ ૧૬૯/૮ રન બનાવ્યા. દક્ષિણ આફ્રિકાની ટીમ સંપૂર્ણપણે પાછળ પડી ગઈ હતી, અને અહીંથી માર્કો જેન્સન અને ટ્રિસ્ટન સ્ટબ્સે ઈનિંગ્સને ફરીથી બનાવવાનું શરૂ કર્યું. જેન્સને રાચિનના ઓવરમાં અને પછી મેટ હેનરીના ઓવરમાં એક-એક સિક્સ ફટકારી. સ્ટબ્સે આક્રામક બાઉન્ડ્રી ફટકારી. જ્યારે નીશમ આવ્યો, ત્યારે સ્ટબ્સે તેને મિડવિકેટ પર સિક્સ ફટકારી. ટીમનો કુલ સ્કોર ૧૮ ઓવરમાં ૭૭/૪ થી ચાર વિકેટે ૧૫૦ સુધી પહોંચી ગયો. ટીમ મુશ્કેલીમાંથી બહાર આવી રહી હતી અને પડકારજનક સ્કોર તરફ આગળ વધી રહી હતી.

૧૯મી ઓવરના પહેલા બોલ પર, ફર્ગ્યુસને સ્ટબ્સને તેના ધીમા બોલથી બોલ્ડ કર્યો, ૪૮ બોલમાં ૭૩ રનની ભાગીદારીનો અંત લાવ્યો. પાવરપ્લે સમાપ્ત થયા પછી, કેપ્ટન મિશેલ સેન્ટનર પોતે બોલિંગ કરવા માટે બહાર આવ્યા અને તેણે પોતાની સચોટ લાઇનથી દબાણ વધાર્યું. માર્કરામે આગામી ઓવરમાં પોતાની વિકેટ ગુમાવી દીધી. માર્કરામ ૨૦ બોલમાં ૧૫ રન બનાવીને આઉટ થઈ ગયો. હવે ડેવિડ મિલર ક્રીઝ પર આવ્યો. ગ્લેન ફિલિપ્સે રાચિન બોલ પર તેનો કેચ છોડ્યો ત્યારે જાણે નસીબ પણ મિલરના પક્ષમાં હોય તેવું લાગતું હતું. જોકે, તે જ ઓવરના છેલ્લા બોલ પર મિશેલે તેનો કેચ પકડ્યો. નીશમે આગામી ઓવરમાં બ્રેવિસને આઉટ કર્યો. દક્ષિણ આફ્રિકાએ ૧૧મી ઓવરમાં ૭૭ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી હતી.

**કિવીઝની ઓપનિંગ જોડીએ પ્રતિસ્પર્ધી ટીમની બોલિંગના લીરા ઉડાવ્યા : દક્ષિણ આફ્રિકાના બેટરોનો ફ્લોપ શો- માત્ર પાનસેને અણનમ ૫૫ રન કર્યા**

# અત્યાર સુધીનું પરફોર્મન્સ નહી; હવેના મેચ જ નિર્ણાયક

## ભારતીય ટીમના બોલિંગ કોચનું લડાયક વિધાન



ભારતીય ક્રિકેટ ટીમના બોલિંગ કોચ મોર્ને મોર્કેલ માને છે કે, ટીમ T20 વર્લ્ડ કપની સેમિફાઇનલમાં કેવી રીતે પહોંચી તેની ચર્ચા કરવી અર્થહીન છે. તેમના મતે, મહત્વનો મુદ્દો એ છે કે, ટીમ આગામી બે મેચોમાં કેવું પ્રદર્શન કરે છે.

ભારતે વર્લ્ડ કપ ગ્રુપ સ્ટેજમાં પોતાની બધી મેચ જીતી હતી, પરંતુ પ્રથમ સુપર જ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે તેનો પરાજય થયો હતો. બીજી મેચમાં ઝિમ્બાબ્વેને હરાવ્યા બાદ, ભારતને સેમિફાઇનલમાં ક્વોલિફાઈ થવા માટે વેસ્ટ ઈન્ડીઝ સામે ૧૯૬ રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરવો પડ્યો હતો, પરંતુ યજમાન ટીમે આખરે જીત મેળવી હતી. ઈંગ્લેન્ડ સામે સેમિફાઇનલ પહેલા પ્રેસ કોન્ફરન્સમાં, મોર્કેલને ભારતીય બોલરોના પ્રદર્શન વિશે પણ પ્રશ્ન કરવામાં આવ્યો હતો, જેમાં વણ ચક્રવર્તીનો પણ સમાવેશ થાય છે, જેમણે કેટલીક મેચોમાં ખરાબ પ્રદર્શન કર્યું છે. મોર્કેલે કહ્યું, "જો તમે સારી રમતી ટીમોને ૧૨૦ કે ૧૫૦ માટે આઉટ કરવાની અપેક્ષા રાખવી તે વાજબી નથી." પિચ અંગે, મોર્કેલે કહ્યું, "અમે ખાતરી કરી શકતા નથી કે મેચના એક દિવસ પહેલા વિકેટ કેવી રીતે રમશે."ભારતમાં અચાનક ખૂબ ગરમી પડી રહી છે, તેથી ભેજ જાળવી રાખવો અને વિકેટ સુકાઈ ન જાય તે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે, મારા મતે. ટીમની પસંદગી મેચના દિવસની પરિસ્થિતિઓના આધારે કરવામાં આવશે.

# મહિલા ક્રિકેટ ICC રેંકીગ : સ્મૃતિ મંધાના ફરી નંબર-૧



ઈરાનના હુમલાનો ભોગ બનેલા દુબઈમાં હેડ ક્વોર્ટર ધરાવતી ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ મહિલા વન-ડે ફોર્મેટના નવા રેન્કિંગ જાહેર કર્યા છે જે મુજબ ભારતીય ટીમની વાઇસ-કેપ્ટન સ્મૃતિ મંધાના ફરી એક વખત બેટર્સમાં વર્લ્ડ નંબર-વન થઈ ગઈ છે. તેણે સાઉથ આફ્રિકાની લોરા વોલ્વાર્ટને પાછળ રાખીને આ સર્વોચ્ચ ક્રમ ફરી હાંસલ કરી લીધો છે.

૨૯ વર્ષીય સ્મૃતિ તાજેતરમાં ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝમાં ૫૮ રન અને ૩૧ રન એમ બે સાધારણ ઈનિંગ્સ રમી હતી. જોકે એ બે ઈનિંગ્સની મદદથી તેના રેટિંગ પોઈન્ટ ૭૯૦ થઈ ગયા છે જે લોરા (૭૮૨ પોઈન્ટ)ને ઓળંગવા માટે પૂરતા હતા. ભારતે ઑસ્ટ્રેલિયા સામેની એ શ્રેણી ૦-૩થી ગુમાવી હતી.

ખરેખર તો સ્મૃતિ અને લોરા આ બન્ને ઓપનર થોડા સમયથી એકમેકના કબજામાંથી નંબર-વનની રેન્ક આંચકી રહી છે. હવે માર્ચ-એપ્રિલમાં સાઉથ આફ્રિકાની ન્યૂ ઝીલેન્ડ સામે જે વન-ડે સિરીઝ રમાશે એમાં સારું પર્ફોર્મ કરીને તે સ્મૃતિ પાસેથી નંબર-વન રેન્ક પાછી લઈ શકશે. ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર પણ હવે ટોપ-ટેનમાં છે. તે નવમા સ્થાને છે. તે ૧૩મા નંબર પરથી ચાર ક્રમની છલાંગ લગાવીને નવમા નંબર પર આવી ગઈ છે અને તેના નામે ૬૫૨ પોઈન્ટ છે. બોલિંગમાં ઑસ્ટ્રેલિયાની ભારતીય મૂળની બોલર અલાના કિંગ નવી નંબર-વન થઈ ગઈ છે. તેણે ઈંગ્લેન્ડની સ્પિનર સોફી એકલસ્ટનનું સ્થાન લીધું છે. સોફીએ લગભગ ચાર વર્ષે મોખરાની રેન્ક ગુમાવી છે. સ્પિનર અલાના કિંગના મમ્મી અને પપ્પા મૂળ તમિળનાડુના ચેન્નઈ શહેરના છે.

# સાંજે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે સેમીફાઈનલ મુકાબલો

## ૨૦૨૨ અને ૨૦૨૪ બાદ સળંગ ત્રીજી વખત બન્ને ટીમોની ટક્કર થશે






ગુરુવારે T20 વર્લ્ડ કપની પહેલી સેમિફાઇનલ મેચ વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાશે, જ્યાં ભારત અને ઈંગ્લેન્ડ ફરી એકવાર નોકઆઉટ શ્રેણીમાં ટકરાશે. આ મેચ ફક્ત ફાઇનલમાં સ્થાન મેળવવા માટે નથી, પરંતુ પ્રતિસ્પર્ધામાં એક નવો અધ્યાય છે.

ભારત ચોક્કસપણે ૨૦૨૨ ૨૦ વર્લ્ડ કપ સેમિફાઇનલ યાદ કરે છે, જ્યારે ઈંગ્લેન્ડે એકતરફી ૧૦ વિકેટથી વિજય મેળવ્યો હતો. ભારતે ૨૦૨૪ T20 વર્લ્ડ કપમાં તે જ ઈંગ્લેન્ડને હરાવીને આ કારમી હારનો બદલો લીધો, ફાઇનલમાં સ્થાન મેળવ્યું અને ટાઇટલ જીત્યું. ગુરુવારની મેચની વાત કરીએ તો, તે આશ્ચર્યજનક આંકડા કરતાં રણનીતિ, ગતિ નિયંત્રણ અને દબાણ સહનશીલતાની વધુ કસોટી હશે.

### ચંદ્રગ્રહણને કારણે ટીમએ પ્રેક્ટિસ મોડી શરૂ કરી

મુંબઈઃ ચંદ્રગ્રહણને કારણે ભારતીય ક્રિકેટ ટીમે મંગળવારે સાંજના પ્રેક્ટિસ મોડી શરૂ કરી. અભિષેક શર્માએ પરસેવો પાડ્યો. દૂર ફરતા બોલથી અભિષેકને થતી મુશ્કેલીને ધ્યાનમાં રાખીને, એક ઓફ સ્પિનરને બોલિંગ શરૂ કરવાનું કહેવામાં આવ્યું.

એક લેગ-સ્પિનર અને અર્શદીપ સિંહે પણ સાથે બોલિંગ કરી. લાંબા બેટિંગ સેશન પછી તિલક વર્માએ પણ અભિષેકને બોલિંગ કરી. વોર્મ-અપ દરમિયાન મુખ્ય કોચ ગૌતમ ગંભીર પણ હાજર હતા. ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ મોટાભાગની રેન્જ હિટિંગ કરી. તિલક કુલદીપ યાદવ સામે સ્લોગ સ્વીપનો ઉપયોગ કર્યો.

### અભિષેક પર નજર

સૌથી મોટી ઉત્સુકતા અભિષેક શર્મા વિશે છે. તેનું કારણ આ જ મેદાન પર ઈંગ્લેન્ડ સામે રમાયેલી તેની છેલ્લી ઈનિંગ છે. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ રમાયેલી T20 મેચમાં અભિષેકે ૫૪ બોલમાં ૧૩૫ રનની તોફાની ઈનિંગ રમી હતી.

વર્તમાન વર્લ્ડ કપમાં તેની સાતત્યનો અભાવ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. તે યુએસએ, પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ સામેની પ્રથમ ત્રણ મેચમાં અનુક્રમે શૂન્ય રન પર આઉટ થયો હતો.

દક્ષિણ આફ્રિકા સામે, તેણે ૧૨ બોલમાં ૧૫ રન, ઝિમ્બાબ્વે સામે ૩૦ બોલમાં ૫૫ રન અને વેસ્ટ ઈન્ડીઝ સામે, તેણે ૧૧ બોલમાં ૧૦ રન બનાવ્યા. આ છ ઈનિંગમાં ૧૫૦.૯૪ ના સ્ટ્રાઇક રેટથી ફક્ત ૮૦ રન છે. પરંતુ તે જ વાનખેડે પિચ, તે જ વિરોધી અને નોકઆઉટ સ્ટેજ એ આશાને મજબૂત બનાવે છે કે અભિષેકે પ્રથમ છ ઓવરમાં ફરી એકવાર મેચનું પાસુ ફેરવી નાખશે.

### જવાબદારી સંજુ-અભિષેકની જોડી પર

સંજુ સેમસને વેસ્ટ ઈન્ડિઝ સામે ઓપનિંગ પોઝિશનથી અણનમ ૯૭ રનની ઈનિંગ રમી હતી. સંજુ જમણા હાથનો બેટ્સમેન છે અને અભિષેક શર્મા, જેણે આ વર્લ્ડ કપમાં બે મેચમાં તેની સાથે ઓપનિંગ કરી હતી, તે ડાબોડી બેટ્સમેન છે.

આ જોડીએ ઝિમ્બાબ્વે સામે ૨૨ બોલમાં ૪૮ રન અને વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૮ બોલમાં ૨૯ રન બનાવીને ભારતને ઝડપી શરૂઆત અપાવી હતી. ભારતને સેમસન અને અભિષેકમાં સારું ઓપનિંગ કોમ્બિનેશન મળ્યું છે.

ટુર્નામેન્ટમાં ઓપનર તરીકે, ઈશાન કિશન પાંચ મેચમાં ઓપનિંગ કરી ચૂક્યો છે, તેણે ૩૫ ની સરેરાશ અને ૧૯૩ ના સ્ટ્રાઈક રેટથી ૧૭૬ રન બનાવ્યા છે. જોકે, સેમસનની ઓપનિંગને કારણે, તેને બે મેચમાં ત્રીજા નંબર પર બેટિંગ કરવી પડી હતી, જેમાં તે ૨૪ ની સરેરાશ અને ૧૬૦ ના સ્ટ્રાઈક રેટથી માત્ર ૪૮ રન જ બનાવી શક્યો હતો.

### ફાસ્ટ બોલિંગમાં આર્ચર V/S બુમરાહ

આ મેચમાં, બધાની નજર વિશ્વના બે શ્રેષ્ઠ ફાસ્ટ બોલરો, જસપ્રીત બુમરાહ અને જોફ્રા આર્ચરની બોલિંગ પર રહેશે. જોફ્રાએ આ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ માટે ૭ મેચમાં ૧૦ વિકેટ લીધી છે અને તેનો ઇકોનોમી રેટ પ્રતિ ઓવર ૮.૬૫ રન છે.

આર્ચરે પાવરપ્લેમાં તેની ૯૦ ટકા વિકેટ લીધી છે. બીજી તરફ, બુમરાહ ૬ મેચમાં ૯ વિકેટ લઈ ચૂક્યો છે અને તેનો ઇકોનોમી રેટ પણ ખૂબ પ્રભાવશાળી (૬.૩) છે. વેસ્ટ ઇન્ડીઝ સામેની છેલ્લી મેચમાં, બુમરાહે શિમરોન હેટમાયર અને રોસ્ટન ચેઝને એક જ ઓવરમાં આઉટ કરીને મેચમાં ભારત માટે જોરદાર વાપસી કરી હતી.

### જેક્સન મોટો પડકાર

ઈંગ્લેન્ડના સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર વિલ જેક્સે ૧૯૧ રન બનાવવા ઉપરાંત ૭ વિકેટ લીધી છે. વિલ ૪ મેચમાં (નેપાળ, ઇટાલી, શ્રીલંકા અને ન્યુઝીલેન્ડ સામે) મેન ઓફ ધ મેચ પણ રહ્યો છે. ભારતીય બોલરોએ કોઈપણ કિંમતે મુશ્કેલ પડકારનો સામનો કરવો પડશે.

વિલ ઉપરાંત, ઈંગ્લેન્ડના બે નિષ્ણાત સ્પિનરો આદિલ રશીદ (૧૧ વિકેટ) અને લિયામ ડોસન (૧૦ વિકેટ) પણ સારા ફોર્મમાં છે. જોકે, બેટિંગમાં, ઈંગ્લેન્ડ સિનિયર બેટ્સમેન જોસ બટલરના ફોર્મથી ચિંતિત છે, જે ૭ મેચમાં માત્ર ૬૨ રન જ બનાવી શક્યા છે.

### વરૂણને લઈને ચિંતા

ભારતના સ્પિન બોલિંગ આક્રમણના મુખ્ય શસ્ત્ર લેગ સ્પિનર વણ ચક્રવર્તીએ આ વર્લ્ડ કપની લીગ મેચોમાં આર્થિક રીતે બોલિંગ કરી, ૪ મેચમાં ૫.૧૭ ના ઇકોનોમી રેટથી રન આપ્યા અને ૯ વિકેટ લીધી, જેના કારણે ભારત લીગ મેચોમાં અપરાજિત રહ્યું.

જોકે, સુપર II માં, વરૂણના બોલ પર ભારે રન બન્યા. સુપર ૮ શ્રેણી માં તેનો ઇકોનોમી રેટ પ્રતિ ઓવર ૧૦.૧૭ રન હતો. આમ છતાં, તે ટુર્નામેન્ટમાં ભારતનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે. તેની અને ડાબા હાથના સ્પિનર અક્ષર પટેલ (૫ મેચમાં ૭ વિકેટ, ઇકોનોમી રેટ ૭.૫૨) ની જોડીએ ભારતના સ્પિન બોલિંગને રણનીતિ આપી છે.



# પાકિસ્તાને વર્લ્ડકપ હારનો ગુસ્સો વન-ડે ટીમ પર ઉતાર્યો

## બાબર અને સૈમ બાંગ્લાદેશ સિરીઝમાંથી બહાર, ૬ અનકેપ્ડ ખેલાડીઓને તક

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) એ T20 વર્લ્ડ કપમાં પોતાની ટીમનાં ખરાબ પ્રદર્શનનો ગુસ્સો વન-ડે ટીમ પર ઉતાર્યો. બુધવારે બાંગ્લાદેશ સિરીઝ માટે ટીમની જાહેરાત થઈ. વર્લ્ડ કપમાં ખરાબ રીતે ફ્લોપ રહેલા પૂર્વ કેપ્ટન બાબર આઝમ અને સૈમ અયુબને ટીમમાંથી બહાર કરી દેવાયા.

ટીમમાં ૬ અનકેપ્ડ ખેલાડીઓ અને વર્લ્ડ કપમાં ટોપ સ્કોરર રહેલા સાહિબઝાદા ફરહાનને સામેલ કર્યો. ફરહાને ઓક્ટોબર ૨૦૨૪ થી કોઈ ડોમેસ્ટિક લિસ્ટ-છ મેચ પણ રમી નથી. તેણે અત્યાર સુધી પાકિસ્તાન માટે વન-ડે ડેબ્યૂ પણ કર્યું નથી.

ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદી જ પાકિસ્તાનની કેપ્ટનશીપ કરશે. તેને ગયા વર્ષે જ મોહમ્મદ રિઝવાન પછી કેપ્ટન બનાવ્યો હતો. વર્લ્ડ કપ ટીમમાંથી બહાર રહેલા વિકેટકીપર રિઝવાન વન-ડે ટીમમાં પોતાની જગ્યા જાળવી રાખવામાં સફળ રહ્યો છે. T20 કેપ્ટન સલમાન અલી આગા, ઓલરાઉન્ડર ફહીમ અશરફ અને લેગ સ્પિનર અબરાર અહેમદને પણ ટીમમાં સ્થાન મળ્યું છે.

વન-ડે સિરીઝમાં ઘણા ખેલાડીઓને ડેબ્યૂ કરવાની તક મળી શકે છે. ૨૮ વર્ષીય અબ્દુલ સમદને સ્થાન મળ્યું, જેણે T20 ક્રિકેટમાં ફિનિશર તરીકે ઓળખ બનાવી. ૨૧ વર્ષીય શામિલ હુસૈન અને ૨૦ વર્ષીય માઝ સદાકત પણ સ્ક્વોડનો ભાગ છે. ૩ લિસ્ટ-છ મેચ રમનારા ૨૧ વર્ષીય શાદ મસૂદ અને ગાઝી ઘોરીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

અબરાર ઉપરાંત બોલિંગ ડિપાર્ટમેન્ટમાં મોહમ્મદ વસીમ જુનિયર અને હારિસ રઉફને સામેલ કર્યા છે. બેટિંગ ઓલરાઉન્ડર હુસૈન તલત સાથે ચાઈનામેન ફૈઝલ અકરમ પણ ટીમનો ભાગ છે, જેણે ૨૦૨૪માં વન-ડે ડેબ્યૂ કર્યું હતું. સૈમ અયૂબ અને બાબર આઝમ પોતાની કારકિર્દીમાં સૌથી વધુ મજબૂત વન-ડે ફોર્મેટમાં જ જોવા મળ્યા. છેલ્લા ૧૩ મુકાબલામાં અયુબે ૩ સદી અને ૨ ફિફ્ટી ફટકારી હતી. ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકામાં વન-ડે સિરીઝ જીતમાં અયુબે મહત્વની ભૂમિકા ભજવી હતી. અયુબ વર્લ્ડ કપમાં ભલે ફ્લોપ રહ્યો હોય, પરંતુ તેની સ્પિન બોલિંગે ટીમને મહત્વની વિકેટો અપાવી હતી. બાબર પણ વન-ડેમાં ૨૦ સદી અને ૩૭ ફિફ્ટી ફટકારી ચૂક્યો છે. તેણે અન્ય કોઈ ફોર્મેટમાં ૧૦ સદી પણ ફટકારી નથી. તેના નામે ૧૪૦ મેચમાં ૬૫૦૧ રન ચોક્કસ છે, પરંતુ ૨૦૨૫થી તે આ ફોર્મેટમાં કોઈ ખાસ પ્રદર્શન કરી શક્યો નથી. આ ઉપરાંત, ફાસ્ટ બોલર નસીમ શાહ અને લેફ્ટ આર્મ સ્પિનર મોહમ્મદ નવાઝને પણ વન-ડે ટીમમાં સ્થાન મળ્યું નથી.

પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે ૩ વન-ડેની સિરીઝ ૧૧ માર્ચથી શરૂ થશે. ૧૩ અને ૧૫ માર્ચે બાકીની ૨ મેચ રમાશે. તમામ મેચ ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં જ રમાશે. શાહીન શાહ આફ્રિદી (કેપ્ટન), અબ્દુલ સમદ, અબરાર અહેમદ, ફહીમ અશરફ, ફૈસલ અકરમ, હારિસ રઉફ, હુસૈન તલત, માઝ સદાકત, મોહમ્મદ રિઝવાન (વિકેટકીપર), મોહમ્મદ વસીમ જુનિયર, ગાઝી ઘોરી (વિકેટકીપર), સાદ મસૂદ, સાહિબઝાદા ફરહાન, સલમાન અલી આગા, શામિલ હુસૈન.

# સિલિકોન વેલી સ્થિત શ્રીમયા કૃષ્ણધામ હવેલીમાં ભવ્ય હોળીકોત્સવ

## કેલિફોર્નિયામાં ચાર હજાર જેટલા વૈષ્ણવોએ હોળીકા દર્શનનો લાભ લીધો





સુરત, તા.૫

સિલિકોન વેલી, કેલિફોર્નિયામાં સ્થિત શ્રીમયા કૃષ્ણધામ હવેલી ખાતે આ વર્ષનો હોળીકોત્સવ ની અતિ ભવ્ય અને આનંદમય રીતે ઉજવાયો. આશરે ૪,૦૦૦ જેટલા વૈષ્ણવોએ હોળી પૂજન અને દર્શનનો લાભ લીધો. પરદેશની ધરતી પર આવી વિશાળ સંખ્યામાં વૈષ્ણવો ભેગા થઈને ઉજવણી કરે તે પોતે જ એક ગૌરવની બાબત છે.

હોળી પૂજનની વિધિ મંદિરના મુખિયા જી દ્વારા શાસ્ત્રોક્ત રીતથી કરવામાં આવી અને તેમના હસ્તે હોળી પ્રગટાવવામાં આવી. સમગ્ર પરિસરમાં ભક્તિભાવ, ઉમંગ અને હરિરસની અનુભૂતિ થતી હતી. આજ બિરજ મેં હોરી રે રસિયાના ગુંજતા ધ્વનિ વચ્ચે વૈષ્ણવોહોળી દર્શનનોલાભ લીધો. મંદિર તરફથી ભક્તજનો માટે ૨૦૦ લિટર ઠંડાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાજા મસાલાઓ થી બનાવવામાં આવેલી આ ઠંડાઈ ને વૈષ્ણવોએ ખૂબ જ પ્રેમથી સ્વીકારી. પુષ્ટિમાર્ગમાં હોળી માત્ર રંગોનો ઉત્સવ નથી, પરંતુ તે વ્રજભાવ અને શ્રીકૃષ્ણ સાથેના રમણિય લીલાસ્વરૂપ સંબંધની અભિવ્યક્તિ છે.

વ્રજમાં શ્રીકૃષ્ણ ગોપીગણ સાથે રમેલાં રંગરાસ, પ્રેમ અને આનંદની યાદમાં આ ઉત્સવ ઉજવાય છે. હોળી દહન અધર્મ પર ધર્મની જીત અને અહંકારના દહનની પ્રતીક છે. વૈષ્ણવો માટે આ દિવસ આંતરિક શુદ્ધિ, ભક્તિમાં નવી તાજગી અને શ્રીઠાકોરજી પ્રત્યે પ્રેમભાવ વધારવાનો અવસર છે. હોળી પછી રંગોત્સવમાં વૈષ્ણવો ઠાકોરજી સાથેના આત્મીય સંબંધને રંગ અને રસથી ઉજવે છે, જે પુષ્ટિભક્તિનો સજીવ અનુભવ કરાવે છે. શ્રીમયા કૃષ્ણધામ હવેલી ખાતે યોજાયેલ આ હોળીકોત્સવ માત્ર ધાર્મિક વિધિ નહોતો, પરંતુ સમગ્ર સમુદાયને એકસાથે જોડતો, સંસ્કાર અને સંસ્કૃતિનો ઉત્સવ હતો. પરદેશમાં પણ વ્રજની ભાવના અને પરંપરાનો સજીવ અનુભવ થાય તેવા આ આયોજન માટે મંદિર વ્યવસ્થાપન અને સેવકો એ આ પ્રસંગને ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો. જેથી આ ઉત્સવ ભક્તિ, એકતા અને પરંપરાના સંવર્ધનનો જીવંત દાખલો બની રહ્યો છે.

# ૧૦૦થી વધુ ઘરફોડ ચોરી કરનાર આંતરરાજ્ય રીઢો તસ્કર જીમી ઝડપાયો

સુરત, તા.૫

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સુરત જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ સુરત ગ્રામ્ય એલ.સી.બી. (LCB) અને પેરોલ ફર્લો સ્ક્વોડે એક મોટી સફળતા હાંસલ કરી છે. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને હરિયાણા જેવા રાજ્યોમાં પલ્સર બાઈક પર રેકી કરી ૧૦૦થી વધુ ચોરીઓને અંજામ આપનાર કુખ્યાત આરોપી જીમી ઉર્ફે દીપક શર્માને દબોચી લેવામાં આવ્યો છે. આ ધરપકડ સાથે કુલ ૨૪ વણશોધાયેલ ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

પકડાયેલ આરોપી જીમી ઉર્ફે દીપક બિપીન શર્મા (રહે. નંદુરબાર, મહારાષ્ટ્ર) અત્યંત ચાલાકીથી ચોરી કરતો હતો. તે સુસજ્જ કપડાં પહેરી અને હેલ્મેટ લગાવી પલ્સર બાઈક પર સોસાયટીઓમાં ફરતો જેથી કોઈને શંકા ન જાય. દિવસના સમયે બંધ રહેતા મકાનો કે ફ્લેટને નિશાન બનાવી ગણતરીની મિનિટોમાં લોક તોડી ચોરી કરતો. ચોરી કરવા જતી વખતે બાઈકની નંબર પ્લેટ કાઢી નાખતો અને કામ પતાવી મુખ્ય રોડ પર આવી ફરી નંબર પ્લેટ લગાવી દેતો. ચોરીના નાણાંનો ઉપયોગ તે ગોવા અને દિલ્હીમાં મોજશોખ, કસીનોમાં જુગાર અને નશો કરવા માટે કરતો હતો. બારડોલી, માંડવી, ઓલપાડ અને કોસંબા વિસ્તારમાં વધતી ઘરફોડ ચોરીઓને પગલે સુરત રેન્જ આઈ.જી. પ્રેમ વીર સિંહ અને એસ.પી. રાજેશ ગઢિયાએ તપાસના આદેશ આપ્યા હતા. એલ.સી.બી. પી.આઈ. આર.બી. ભટોળ અને તેમની ટીમ દ્વારા ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની ઓળખ કરી હતી. ચોક્કસ બાતમી મળી હતી કે આરોપી તેની પલ્સર બાઈક (HR-36-AV-૧૧૨૯) પર જોખા-વાવ રોડથી સુરત તરફ જઈ રહ્યો છે. પોલીસે નાકાબંધી કરી તેને દબોચી લીધો હતો. તેની પૂછપરછમાં બારડોલી, માંડવી, કોસંબા અને કામરેજ સહિત રાજસ્થાનના અનેક ગુનાઓની કબૂલાત થઈ હતી. પોલીસે દિલ્હી સુધી તપાસ લંબાવી આરોપી પાસેથી નીચે મુજબનો મુદ્દામાલ રિકવર કર્યો છે. સોનાની લગડી તથા સિક્કા (૧૦૪ ગ્રામ): કિંમત રૂ. ૧૫,૫૫,૮૪૦/-, રોકડ રકમ: રૂ. ૧,૧૫,૨૫૦/-, વાહન: ૨ પલ્સર મોટર સાયકલ (કિંમત રૂ. ૨,૦૦,૦૦૦/-), અન્ય: મોબાઈલ ફોન, હેલ્મેટ, અને ઘરફોડ ચોરી કરવાના સાધનો (પેચીયું, પાનું વગેરે), આ કામગીરીમાં એલ.સી.બી.ના પી.એસ.આઈ. એન.એ. ચૌહાણ, એચ.સી. મસાણી, જે.એલ. પટેલ તથા તેમની ટીમે રાત-દિવસ મહેનત કરી આંતરરાજ્ય ગુનેગારને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.



૬ વર્ષ ની અલીના એ રમઝાન માસ ના પહેલો રોઝા રાખ્યા છે
નામ :- શેખ અલીના મુખ્તાર કોન્ટ્રાક્ટર
પિતા નું નામઃ- શેખ મુખ્તાર શબ્બીર કોન્ટ્રાક્ટર
માતા નું નામ :- રૂબીનાબાનું મુખ્તાર શેખ



# સી.આર.સી. કરંજ સંલગ્ન પ્રાથમિક શાળાઓમાં હોળી-ધૂળેટીની ઉજવણી

## શાળાઓમાં પ્રાકૃતિક રંગોની છોડા ઉડાડી ઉજવાયો રંગોત્સવ

સુરત, તા.૫

ભારતભરમાં ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક અને સાંસ્કૃતિક રીતે ઉજવાતાં હોળીનાં પરંપરાગત તહેવારની ઓલપાડ તાલુકાનાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, કરંજમાં સમાવિષ્ટ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ કરંજ, પારડીઝાંખરી, મંદરોઈ, નઘોઈ, જીણોદ, કમરોલી, મીંઢી, મોરમુખ્ય, ભગવા, મીરજાપોર, નવજીવન વિદ્યાલય તથા મોર હાઈસ્કૂલ માં રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીનાં ભાગરૂપે દરેક પ્રાથમિક શાળાઓમાં આચાર્યશ્રીઓ દ્વારા બાળકોને હોળી પર્વનું મહાત્મય સમજાવવામાં આવ્યું હતું. આ સાથે બાળકોને પર્યાવરણ જતન સંદર્ભે પણ જાગૃત કરવામાં આવ્યા હતાં. સૌને ઈકો ફ્રેન્ડલી ધૂળેટી ઉજવવા હાકલ કરવામાં આવી હતી. આ તકે બાળકો તથા શિક્ષક ભાઈ-બહેનોએ એકબીજા ઉપર પ્રાકૃતિક રંગોની છોળો ઉડાડી રંગોત્સવનો ભરપૂર આનંદ લૂંટ્યો હતો. બાળકોએ આ પ્રસંગે ધાણી, ચણા, મમરા, ખજૂર, કોપરાની લિજ્જત માણી હતી. કેન્દ્રાચાર્યા મિનાક્ષી પટેલ તથા ઈન્ચાર્જ સી.આર.સી. કો-ઓર્ડિનેટર રાકેશ પટેલે સૌને આ પાવન પર્વની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# પાંચ ચોપડી પાસ 'મિરેકલ મેન' દિપક પટેલ પશુપાલકો માટે આશિર્વાદરૂપ

## કુત્રિમ બિજદાન ક્ષેત્રે ૮૦ ટકાનાં ગર્ભાધાનનાં સફળતાનાં દર સાથે દિપક પટેલ છેલ્લા બે દાયકાથી સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન ધરાવે છે

સુરત, તા.૫

સુરત જિલ્લાનાં વહેવલ ગામનાં દિપક પટેલ પશુઓમાં કુત્રિમ બિજદાનનું કાર્ય કરે છે. કુત્રિમ બિજદાન ક્ષેત્રે ૮૦ ટકાનાં (કન્શેપપ્શન રેટ) સફળતાનાં દરને કારણે સમગ્ર દેશમાં ડેરી ઉદ્યોગ તેમને 'મિરેકલ મેન' તરીકે ઓળખે છે.

દેશમાં એક શંકર ગાય (ક્રોસ બ્રિડ) સરેરાશ પ્રતિ દિવસ ૭.૪ લિટર દૂધ આપે છે. ગુજરાતમાં એક શંકર ગાય સરેરાશ પ્રતિ દિવસ ૮.૦૫ લિટર દૂધ આપે છે પણ સુરત જિલ્લાનાં મહુવા તાલુકામાં એક શંકર ગાય પ્રતિ દિવસ ૧૧.૩ લિટર દૂધ આપે છે. મહુવા તાલુકાનાં ગામડાઓમાં હજ્જારો પશુપાલકોની આવક વધી તેની પાછળ દિપક પટેલની કુશળતા અને સમર્પણ છે. સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત ટોચ પર છે. દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં અને ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેનાં માર્ગદર્શનમાં ગુજરાત ડેરી ઉદ્યોગ ક્ષેત્રે નવા આયામો સર કરી કરી રહ્યું છે ગાંધીનગર (૦૩ માર્ચ, ૨૦૨૬): ગુજરાતના સુરત જિલ્લાના મહુવા તાલુકાનાં વહેવલ ગામના ૬૩ વર્ષીય દિપક પટેલની આર્ટિફિશિયલ ઈન્સેમિનેશન (કુત્રિમ બિજદાન) ટેકનિશિયન તરીકેની અસાધારણ કુશળતાને કારણે તેઓ સમગ્ર દેશમાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે 'મિરેકલ બોય' તરીકે ઓળખાવા લાગ્યા છે. દક્ષિણ ગુજરાતનાં સુરત જિલ્લાનાં છેવાડાનાં ગામનાં વતની અને માત્ર પાંચ ધોરણ ભણેલા દિપક પટેલે પશુઓમાં કુત્રિમ બિજદાન થકી ૮૦ ટકા (કન્શેપ્શન રેટ) ગર્ભાધાનનાં સફળતાનો દર હાંસલ કર્યો છે અને ભારતમાં તેઓ આ કામગિરીમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. તેમની આ વિશિષ્ટ સિદ્ધિ માટે ભારતનાં ડેરી ઉદ્યોગ ક્ષેત્રે સંકળાયેલા લોકો તેમને 'મિરેકલ બોય' કહે છે. દિપક પટેલ વર્ષ-૧૯૯૯થી સુરત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ (સુમુલ ડેરી) સાથે જોડાયેલા છે અને કુત્રિમ બિજદાનની પ્રવૃતિ કરે છે. છેલ્લા બે દાયકાથી તેમણે કુત્રિમ બિજદાનમાં ૮૦ ટકા (કન્સેપ્શન રેટ) સફળતાનો દર જાળવી રાખ્યો છે જે એક અસામાન્ય કહી શકાય તેવી સિદ્ધિ છે. સમગ્ર વિશ્વમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે ભારત ટોચ પર છે. દેશનાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં અને ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેનાં માર્ગદર્શનમાં ગુજરાત ડેરી ઉદ્યોગ ક્ષેત્રે નવા આયામો સર કરી કરી રહ્યું છે અને પશુ સુધારણા માટે પશુપાલન વિભાગ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.



૪ વર્ષ ના ઉમર એ રમઝાન માસ ના પહેલો રોઝા રાખ્યા છે
નામ :- શેખ ઉમર શેખ હસન
પિતા નું નામઃ- શેખ હસન શેખ કલીમ
માતા નું નામ :- શાઈસ્તા બી શેખ હસન



૬ વર્ષ ની અઝરા એ રમઝાન માસ ના પહેલો રોઝા રાખ્યા છે
નામ :- અઝરા અઝહરઅહમદ શેખ
પિતા નું નામઃ- શેખ અઝહરઅહમદ નિસાર ભાઈ લાઈટવાલા
માતા નું નામ :- હિના કૌસર અઝહરઅહમદ શેખ

એટલું જ નહી, ભૂકંપ, સુનામી, પૂર કે યુક્રેન-રશિયા યુદ્ધ જેવી વૈશ્વિક આફતો હોય, કે પછી સમાજમાં વ્યસનમુક્તિ અને પર્યાવરણ જતનનું કાર્ય હોય - આ સંતોના નેતૃત્વમાં BAPS સંસ્થાએ વૈશ્વિક સ્તરે માનવ સેવાની ભાગીરથી વહાવી છે. સનાતન ધર્મનાં મૂલ્યો આજે પણ જીવંત છે, તેની પ્રતીતિ આ યુવાન સંતોના અદભુત સમર્પણ પરથી થાય છે.

# ચેક રિટર્ન કેસમાં દિશા જરીવાલાને એક વર્ષની સજા ફટકારતી અદાલત

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ટેક્સટાઈલ સિટી સુરતમાં વેપારીઓ સાથે છેતરપિંડી અને ચેક રિટર્નના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે સુરતની કોર્ટે યાર્ન ખરીદીના પેમેન્ટ પેટે આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં એક મહિલા આરોપીને સજા ફટકારી હતી. શહેરના કુંભાલ વિસ્તારમાં રહેતા અને 'શ્રી બાલાજી યાર્ન્સ'ના નામે વ્યવસાય કરતા સત્યનારાયણ તારાચંદ અગ્રવાલ પાસેથી ખટોદરાની દિશા અલ્પેશકુમાર જરીવાલા અને તેમના પતિએ વર્ષ ૨૦૧૯માં વિશ્વાસ કેળવીને કુલ રૂા. ૧૨.૧૫ લાખથી વધુનો યાર્નનો માલ ઉધારમાં ખરીદ્યો હતો. આ વ્યવહારમાં રૂા. ૪,૨૩,૧૧૮ ની રકમ બાકી નીકળતી હતી. વારંવારની ઉઘરાણી બાદ, દિશા જરીવાલાએ રૂા. ૩,૧૮,૯૧૬નો ચેક આપ્યો હતો. જોકે, આ ચેક બેંકમાં જમા કરાવતા 'એકાઉન્ટ ક્લોઝડ' ના શેરા સાથે પરત ફર્યો હતો. વેપારીએ એડવોકેટ નિમેષ પી. દલાલ મારફતે નોટિસ મોકલવા છતાં પેમેન્ટ ન મળતા અંતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષ દ્વારા રજૂ કરેલા પુરાવાઓ અને દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટેઆરોપી દિશા જરીવાલાને તકસીરવાર ઠરાવી ૧ વર્ષની કેદની સજા હતી.

### નેપાળમાં

પહેલા પાનાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે સાંજે ૫ વાગ્યે જ્યારે ચૂંટણી પૂર્ણ થશે ત્યારે જ બોર્ડર ખોલવામાં આવશે એવું નેપાળના અધિકારીઓએ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદથી નેપાળ ગયેલા ભૂપેન્દ્ર શાહએ જણાવ્યું હતું કે નેપાળ ફરવા માટે ગયા હતા આજે ભારત પાછા આવવાના હતા, પરંતુ નેપાળમાં ચૂંટણીના કારણે બોર્ડર બંધ કરી દેવામાં આવી છે. ભારતના ઉત્તરપ્રદેશ પાસેની નેપાળને જોડતી સૌનોલી બોર્ડર પર અત્યારે ૬૦થી વધારે ગુજરાતીઓ છે. અમદાવાદ-મહેસાણા સહિત અલગ અલગ શહેરોમાંથી નેપાળ આવેલા ગુજરાતીઓને આજે ગુજરાત પરત ફરવાનું છે, પરંતુ બોર્ડર બંધ છે જેના કારણે તેઓ ત્યાં ફસાયેલા છે.

### હોળીનો રંગ

પહેલા પાનાનું ચાલુ

ગયો હતો. બાળકને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ડોકટરોના જણાવ્યા મુજબ, બાળક લગભગ ૪૫ ટકા બળી ગયું હતું અને તેની હાલત ગંભીર છે. બાળકના પિતા વેકોલીમાં WCL નામની કંપનીમાં કામ કરે છે.

આ ઘટનાનો કાળજું કંપાવતો વીડિયો સામે આવ્યો છે. તેમાં સ્પષ્ટપણે દેખાય છે કે કેવી રીતે એક મહિલાએ વિચાર્યા વિના એક નાના બાળક પર ભયાનક કૃત્ય કર્યું. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં નાની સામે લોકોમાં ભારે રોષ ફેલાયો છે. લોકો આરોપી મહિલા સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. વાયરલ સીસીટીવી ફૂટેજના આધારે, પોલીસે આ કેસની નોંધ લીધી છે. તેઓએ તપાસ શરૂ કરી છે અને આરોપી મહિલા સામે કાયદેસરની કાર્યવાહી કરી રહી છે.

### ઉત્તર અને મધ્ય

પહેલા પાનાનું ચાલુ

અને ઉત્તરાખંડમાં હવામાનનો મિજાજ બદલાવાનો છે. શિમલા સહિત ઊંચાઈવાળા વિસ્તારોમાં બે દિવસ પછી હળવા વરસાદ અને હિમવર્ષાની શક્યતા છે.

ઉત્તરાખંડમાં દેહરાદૂન સહિત મેદાની જિલ્લાઓમાં તાપમાન વધી રહ્યું છે, જ્યારે ૮ માર્ચથી ૫ જિલ્લાઓમાં વરસાદ અને હિમવર્ષા થશે. તેમજ ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### ગુજરાતમાં ધુળેટી

પહેલા પાનાનું ચાલુ

બહાર કાઢ્યા હતા. યારબાદ તેમને પોસ્ટ મોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. બીજી ઘટનામાં સુરતના બારડોલીના ઈસરોલી ગામની નદીમાં પાંચ યુવક ડૂબ્યા હતા. ધૂળેટી રમ્યા બાદ નદીમાં ન્હાવા પડેલા પાંચમાંથી ચાર યુવક ડૂબી ગયા હતા અને એકનો બચાવ શક્ય બન્યો હતો, તેવી માહિતી સ્થાનિક સૂત્રોએ આપી હતી.

અમદાવાદના કોતરપુરમાં સાબરમતી નદીમાં નાહવા પડેલા ચાર યુવક ડૂબ્યા હતા. મળતી માહિતી અનુસાર ત્રણ યુવકના પાણીમાં જ ડૂબી જતાં મોત થયા હતા અને એક યુવકનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ ચારેય યુવક શહેરના કુબેરનગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. આવી જ દુ:ખદ ઘટના મહીસાગરના કોઠંબા નજીક આવેલા મુવાડા ગામે પણ બની હતી. અહીં રંગોથી રમી તળાવમાં ન્હાવા પડેલા ચાર યુવાન ડૂબી ગયા હતા. લુણાવાડાની બચાવ ટીમે ચારેય યુવાનના મૃતદેહ કલાકો બાદ બહાર કાઢ્યા હતા. અમિતકુમાર વિનોદભાઈ બારીયા, તુષારકુમાર રુદ્રનાથ બારીયા, જયેશકુમાર જશવંતભાઈ બારીયા, વિપુલકુમાર જશવંતભાઈ બારીયા મૃત્યુ પામ્યા હતા, જેમાં બે સગા ભાઈનો સમાવેશ થાય છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

બીજી બાજુ સૌરાષ્ટ્રના અમરેલીમાં શેત્રુંજી નદીમા ન્હાવા પડેલો એક યુવક ડૂબી જતા મોત થયું હતું. અહીંના બહારપરા વિસ્તારમાં રહેતો એક યુવક ધૂળેટી રમ્યાં બાદ શેત્રુંજી નદીમાં નાહવા માટે ગયો હતો, ઊંડા પાણીમાં યુવક ગરકાવ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડે જહેમત બાદ તેને બહાર કાઢ્યો હતો.

આ સાથે મહેસાણાના કડીના થોળ રોડ પર આવેલી નર્મદા કેનાલમાં ડૂબી જતા એક યુવકનું મોત નિપજ્યું હતું. બીજી આવી ઘટના પણ મહેસાણામાં બની હોવાનું જાણવા મળ્યું હતું. અહીંની મોટી દઉં કેનાલમાં ચાર યુવક ન્હાવા પડ્યા હતા, જેમાંથી ડૂબી જતાં ૨ના મોત થયાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### પ.પૂ. મહંતસ્વામી

પેજ-૨ પાનાનું ચાલુ

દિવસ પૂર્વે મહંતસ્વામી મહારાજે ૨૯ યુવાનોને પાર્ષદી દીક્ષા આપી હતી. આજની દીક્ષા સાથે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના વરદ હસ્તે અત્યાર સુધીમાં કુલ ૩૫૨ યુવાનો દીક્ષિત થયા છે. આ સાથે જ BAPS સંસ્થાના સંતોની કુલ સંખ્યા ૧૨૩૪ ના આંકડા પર પહોંચી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN) માં માન્યતા ધરાવતી BAPS સંસ્થાના આ ઉચ્ચ શિક્ષિત સંતો એક પણ દિવસની રજા કે કોઈપણ પ્રકારના વેતન વિના સમગ્ર જીવન ગુરુની આજ્ઞા મુજબ સેવા અને ભક્તિમાં વિતાવે છે. આ સંતો ચારિત્ર્યવાન, મૂલ્યનિષ્ઠ અને આધ્યાત્મિક રીતે જાગૃત એવા સમાજના નિર્માણમાં પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

### લીગલ એડ દ્વારા

પેજ-૨ પાનાનું ચાલુ

અધિકારોના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ મકામ સાબિત થયો છે. લેગલ એડ દ્વારા ન્યાય મેળવવાની પ્રક્રિયા સરળ અને અસરકારક બની શકે છે તેનો આ કેસ જીવંત દાખલો છે. એડવોકેટ મયુર આર. પટેલે જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકો સામે થતા અન્યાય સામે કાયદો મજબૂત રીતે તેમની સાથે છે. અને જરૂર પડે ત્યારે વરિષ્ઠ નાગરિકો લીગલ એડ દ્વારા મફત કાનૂની સહાય મેળવી શકે છે.

### સીતાનગર બ્રીજ

પેજ-૨ પાનાનું ચાલુ

સહિત વસૂલવામાં આવે. ઢીલી નીતિ અપનાવનાર જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવે. જો રકમ જમા ન થાય તો કોન્ટ્રાક્ટ રદ કરી ઈજારદારને બ્લેકલિસ્ટ કરવામાં આવે. આમ, સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન-એ માં ફરી એકવાર પાલિકાનું હિત કોરાણે મૂકીને પાર્કિંગ કોન્ટ્રાક્ટને લઈને પાલિકા તંત્રઅને કોન્ટ્રાક્ટરોનું મેળાપીપણું સામે આવ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### ધારાસભ્ય કસવાલા

પેજ-૨ પાનાનું ચાલુ

સુધી ઝડપથી પહોંચાડવામાં સહાય મળશે તેમજ ઈમરજન્સી સેવા માટેનો સમય પણ ઘટશે. ગ્રામજનોમાં આ પ્રોજેક્ટને લઈને આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી. તેમણે વિકાસલક્ષી કામગીરી માટે આભાર વ્યક્ત કર્યો અને ભવિષ્યમાં પણ આવા જનહિતના કાર્યો સતત આગળ વધે તેવી અપેક્ષા વ્યક્ત કરી. અંતમાં, વિકાસના માર્ગે આગળ વધતા કુતાણા ગામ માટે આ બ્રિજ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે એવી આશા વ્યક્ત કરવામાં આવી.

૧૭મા જનજાતિય

પેજ-૨ પાનાનું ચાલુ

વક્તૃત્વ સ્પર્ધા અને સાંસ્કૃતિક સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. કાર્યક્રમના અંતે માય ભારત-સુરતના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી સચિન શર્માએ આ સાત દિવસીય મિશનને સફળ બનાવવામાં સહયોગ આપનાર તમામ હિતધારકો, સુરક્ષા દળો અને ઉદ્યોગપતિઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં ભાવનગરના જિલ્લા યુવા અધિકારીશ્રી ભૂપેન્દ્રસિંહ ગિલ, સુરતના પ્રોગ્રામ સુપરવાઈઝરની ટીમ અને માય ભારત-સુરતના તમામ સ્વયંસેવકોએ દિવસ-રાત મહેનત કરી પ્રશંસનીય ફાળો આપ્યો હતો.

### શ્રી સુરત મોઢવણિક

પેજ-૨ પાનાનું ચાલુ

કિરણસિંહ ચૌહાણનો પરિચય આપ્યો. પ્રજ્ઞાબેન વશી નો પરિચય પીનકેશ વાણીયાવાલા એ આપ્યો. આ કાર્યક્રમનું સંચાલન કન્વીનર અમીશા બેન ગાંધીએ કરતા જણાવ્યું કે આ કાર્યક્રમ લાફિંગ થેરાપી નો પણ કહી શકાય. સુંદર સંચાલન કરી શ્રોતા ઓ અને મંચને જકડી રાખ્યા હતા કાર્યક્રમના અંતે આભાર વિધિ દક્ષાબેન ગાંધીએ કરી કાર્યક્રમનો સમાપન જાહેર કર્યું હતું.

### પ્રકૃતિના જતનનો

પેજ-૨ પાનાનું ચાલુ

ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ હોય છે, જે જમીનને ભોજન ઉપલબ્ધ કરાવે છે. એક ગાયનું એક દિવસનું છાણ એક એકર જમીનને એક મહિના માટે પોષણ આપવા સક્ષમ છે. એટલે કે, માત્ર એક ગાય દ્વારા ૩૦ એકર સુધીની ખેતીને એક મહિનામાં પોષણ પૂરું પાડી શકાય છે. આમ, પ્રાકૃતિક ખેતી એ માત્ર પદ્ધતિ નથી, પણ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનો માર્ગ છે. ચાલો, રાસાયણિક મુક્ત ખેતી અપનાવીએ, જમીનનું સ્વાસ્થ્ય સુધારીએ અને પ્રકૃતિના સંવર્ધન સાથે ઉત્તમ અર્થોપાર્જન તરફ આગળ વધીએ.

છેલ્લા પાનાનું ચાલુ

### ગુજરાત ગેસ

ટ્રાન્સપોર્ટેશન ન ખોરવાય તે માટે વાહનોનો પુરવઠો હાલ પુરતો યથાવત રાખવામાં આવ્યો છે.

પણ આગામી દિવસોમાં એલપીજી જે સિલીન્ડર મારફત ગેસ પુરવઠો અપાય છે તેમાં મુશ્કેલી આવી શકે છે. હોર્મુઝની ખાડીમાં ભારતના ગેસ ટેન્ડરો ફસાઈ ગયા છે અને તેથી ચાલુ માસમાં જે પુરવઠો મળે છે તેમાં મોટી મુશ્કેલી બની શકે છે.

હાલ દેશ પાસે એલપીજીનો ૩૦ દિવસનો સ્ટોક છે પણ આગામી દિવસોમાં તેમાં પુરવઠો કેમ જળવાય છે તેના પર નજર છે. દેશની શહેરી ગેસ કંપનીઓના સંગઠન એસોસીએશન ઓફ સીજીડી એન્ટીટીઝ એ કેન્દ્રને પત્ર લખીને ગેપ ઉપલબ્ધતા અંગે ચિંતા દર્શાવી છે.

### પોર્ટુગલના

પડ્યું કે તેણે પોર્ટુગલની સરકારની કચેરીઓમાં બોગસ દસ્તાવેજો રજૂ કરી ત્યાંની નાગરિકતા મેળવી લીધી હતી અને તેના આધારે મેળવેલ પાસપોર્ટ સંપૂર્ણપણે ગેરકાયદેસર હતો.

દુમસ પોલીસ સ્ટેશનમાં આ મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં છેતરપિંડી અને બનાવટી દસ્તાવેજો બનાવવા બદલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 'ધી પાસપોર્ટ એક્ટ, ૧૯૬૭' ની કલમ ૧૨(૧)(બી) મુજબ પણ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ નવા કાયદા હેઠળ સુરત પોલીસ દ્વારા કરવામાં આવેલી આ એક મહત્વની કાર્યવાહી ગણાય છે.

આરોપી ભાવેશભાઈએ માત્ર પાસપોર્ટ જ નહીં, પણ ભારતમાં પ્રવેશવા માટે વિઝા મેળવવામાં પણ છેતરપિંડી કરી હતી. તેણે કાલ્પેશકુમાર બામણિયાના નામે ઈ-ટુરિસ્ટ વિઝા એપ્લિકેશન (નં. I001V5C3A025) કરી હતી અને વિઝા મેળવ્યા હતા. આ નકલી ઓળખ સાથે તેણે મુંબઈ અને સુરત એરપોર્ટનો ઉપયોગ કરી ભારતની સુરક્ષા એજન્સીઓને ગુમરાહ કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમગ્ર કૌભાંડ બાબતે સુંદરાગીરી ચંદનગીરી નામના અધિકારીએ ફરિયાદ નોંધાવી છે. તેમની ફરિયાદના આધારે ડુમસ પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આરોપીને આ બોગસ દસ્તાવેજો બનાવવામાં કોણે મદદ કરી હતી અને આ પાછળ કોઈ મોટું એજન્ટોનું નેટવર્ક કાર્યરત છે કે કેમ.

સુરત પોલીસ કમિશનરની સૂચના મુજબ, એરપોર્ટ પર સુરક્ષા અને દસ્તાવેજોની ચકાસણી સઘન બનાવવામાં આવી છે. આ કેસમાં પકડાયેલા ભાવેશ બોરડ પાસેથી અનેક ચોંકાવનારી વિગતો મળવાની શક્યતા છે. ખાસ કરીને પોર્ટુગલ જેવા દેશના દસ્તાવેજો ગુજરાતમાં બેસીને કેવી રીતે મેનેજ થયા તે તપાસનો વિષય છે. હાલમાં આરોપીના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### ડુમસના વ્યસન

દિલીપ નીચે જઈ લાકડી લઈ આવ્યો હતો. ત્યારબાદ રોહન, શૈલેષ અને દિલીપે ધવલને પલંગ પર ઊંધો સુવડાવી દીધો હતો. ત્રણેય શખ્સોએ ધવલના હાથ અને પગ એટલી મજબૂતીથી પકડી રાખ્યા હતા કે ધવલ સહેજ પણ હલી શકે તેમ નહોતો.

જિગ્નેશ દેસાઈએ દિલીપ પાસેથી લાકડી લઈ ધવલ પર અત્યાચાર શરૂ કર્યો હતો. લાકડીના એક પછી એક ફટકા ધવલના શરીર પર પડવા લાગ્યા હતા. ધવલ આજીજી કરી રહ્યો હતો, "મારી ભૂલ થઈ ગઈ છે, મને માફ કરી દો, હવે હું ગોળીઓ લઈ લઈશ." પરંતુ જિગ્નેશના માથે ખૂન સવાર હતું. તેણે ગર્જના કરતા કહ્યું, "તું મને ઓળખતો નથી, મારી સામે બોલવાની હિંમત કેમ કરી?" જિગ્નેશે ધવલને માથાના ભાગે, કમર પર અને શરીરના અન્ય નાજુક ભાગો પર લાકડીના જીવલેણ ફટકા માર્યા હતા.

માત્ર લાકડીથી મન ન ભરાતા અન્ય આરોપીઓએ પણ પોતાના હાથ સાફ કર્યા હતા, જેમાં ડ્રાઈવર દિલીપે પલંગ પર બંધાયેલા ધવલના ગળાના ભાગે ૪થી ૫ જોરદાર મુક્કા માર્યા હતા, જેના કારણે ધવલનો શ્વાસ રૂંધાયો હતો. શૈલેષ તેણે ધવલના ગાલ અને કાનના ભાગે ૪થી ૫ જોરદાર ઝાપટો ઝીકી દીધી હતી. રોહન તેણે ધવલની છાતી અને પેટના ભાગે ખુલ્લા હાથના પંજા વડે નિર્દયતાથી હુમલો કર્યો હતો. ચારેય જણાએ ભેગા મળી ધવલને લોહીલુહાણ અને અધમૂવો કરી નાખ્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

**યુદ્ધના કારણે કતારમાં ગેસનું ઉત્પાદન સંપૂર્ણ બંધ**

# ગુજરાત ગેસ કંપની દ્વારા ઉદ્યોગો માટેના ગેસ પુરવઠામાં ૫૦ ટકા કાપ જાહેર કરાયો

## ઘરેલું તથા વાહનોના વપરાશનો પૂરવઠો જાળવી રાખવા ગુજરાતની સૌથી મોટી ગેસ કંપનીનો નિર્ણય

**નવી દિલ્હી, તા. ૫**

ઈરાન સામે અમેરિકા અને ઈઝરાયેલના સૈન્ય આક્રમણથી ખાડીના દેશો પણ વોરઝોન બનતા જ ભારતની સૌથી મોટી ચિંતા ક્રુડતેલ અને એલએનજી સહિતની ગેસની સપ્લાયની બની છે તો બીજી તરફ આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડતેલ અને ગેસના ભાવ વધ્યા છે. શીપીંગ અને વિમા ખર્ચ પણ વધ્યા છે જેથી દેશમાં ગેસનો ભાવવધારો આવી શકે છે.

બીજી તરફ દેશની એલએનજીનો સૌથી વધુ ૪૦% પુરવઠો પુરો પાડતા કતરનું દુનિયાનું સૌથી મોટુ ગેસ ઉત્પાદન એકમ બંધ થતા ભારતને અહીથી મળતો પુરવઠો પુરી રીતે બંધ થયા છે. જેના કારણે દેશમાં ઔદ્યોગીકથી ઘરેલુ વપરાશના ગેસની મોટી તંગીનો સામનો કરવો પડી રહ્યો છે.

ગુજરાતમાં ઔદ્યોગીક અને ઘરેલુ ગેસના સૌથી મોટા સપ્લાયર ગુજરાત ગેસ દ્વારા હવે ગેસની સપ્લાયમાં ફોર્સ મેન્યોર એટલે કે કાનુની રીતે જોઈએ તો રાજક-દૈવક આવતીની નોટીસ ફટકારી છે. જેનો અર્થ એ છે કે કંપની જે ગેસ સપ્લાય કરે છે તેમાં તા.૬ માર્ચથી ઉપલબ્ધતા મુજબ સપ્લાય કરવામાં આવશે.

જે મુજબ ગુજરાતમાં મોરબી સીરામીક એકમ જે આ ગેસનો સૌથી મોટો વપરાશકાર છે તેનો ૫૦% પુરવઠો અપાશે. ભારત દર વર્ષે ૨.૭ કરોડ ટન એમએનજીની આયાત કરે છે. જેમાં કતરનો ૪૦% હીસ્સો છે જે આગામી તા.૨થી છ માસ માટે હવે અનિશ્ચિતતા બની ગઈ છે. જો કે સરકારે ઘરેલું વપરાશ અને વાહનો માટે ડોમેસ્ટીક પીએનબી અને સીએનજીમાં હાલ કોઈ પુરવઠાની મર્યાદા મુકી નથી.

રહેણાંકઃ ઘરગથ્થુ રાંધણગેસ પ્રાથમિક અને આવશ્યક જરૂરિયાત હોવાથી, રહેણાંક વિસ્તારોના ગેસ સપ્લાય પર હાલ કોઈ કાપ મૂકવામાં આવ્યો નથી. કંપનીઓને ડોમેસ્ટીક ગેસ માટે રિઝર્વ જથ્થો અકબંધ રાખ્યો છે. જેથી ગૃહિણીઓને મુશ્કેલી ન પડે.

વાહનોઃ વાહનો માટેના સીએનજી પંપો પર પણ અત્યારે કોઈ મોટો કાપ ઝીંકાયો નથી. સામાન્ય જનજીવન અને

**અનુસંધાન પાના ૭ પર**





**ગઈકાલે ધૂળેટી પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. રંગ પર્વમાં લોકોએ એક બીજાને રંગીને રંગારંગ ઉજવણી કરી હતી સુરતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા વયસ્ક નાગરિકો સાથે ધૂળેટીનો તહેવાર ઉજવાયો હતો અને પોલીસ કમિશનર અનુપમસિંહ ગહેલોત પરિવાર દ્વારા પમ રંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.**

# રાંદેરમાં ઉગ્ર ઝઘડામાં પિતરાઈ ભાઈ દ્વારા ભાઈની ઘાતકી હત્યા

## રમઝાનમાં માતાને મળવા આવેલા ભાઈ સાથે માથાકુટમાં ખૂન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરતના રાંદેરમાં ભાઈએ ભાઈની હત્યા કરી હોવાની વાત સામે આવી છે અને ઝઘડો ઉગ્ર બનતા પિતરાઈ ભાઈ પર હુમલો કર્યો હતો અને ત્યારબાદ મોત થયું છે.

સુરતના રાંદેરમાં ભાઈએ કરી ભાઈની હત્યા અને સામાન્ય બાબતે બે ભાઈ વચ્ચે થયો હતો ઝઘડો અને ઝઘડો ઉગ્ર બનતા પિતરાઈ ભાઈ પર હુમલો કર્યો અને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે, રમઝાન મહિનો ચાલતો હોવાથી મૃતક માતાને મળવા માટે આવ્યો હતો અને બન્ને ભાઈ વચ્ચે માથાકૂટ ઉભી થતા બબાલ થઈ હતી.

સુરતના રાંદેરમાં ચપ્પુના ઘા ઝીંકી સુલતાન અહેમદની હત્યા કરવામા આવી છે અને રમઝાન મહિનો હોવાથી મૃતક તેની માતાને મળવા આવ્યો હતો અને બન્ને ભાઈઓ વચ્ચે માથાકૂટ થઈ હતી, તો પોલીસે સમગ્ર ઘટનામાં હત્યાનો ગુનો નોંધ્યો છે અને આરોપી ભાઈની અટકાયત કરી છે, કેમ આ હત્યા કરવામાં આવી તે બાબતે પોલીસે આરોપીની પૂછપરછ શરૂ કરી છે, તો ભાઈએ જ ભાઈની હત્યા કરી દેતા પરિવારજનો પણ કંઈ કહેવા માટે તૈયાર નથી.

પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે, રમઝાન મહિનો પવિત્ર મહિનો માનવામાં આવે છે અને તે જ મહિનામાં હત્યા થતા પરિવારમાં પણ શોકની લાગણી છે.

# રંગોત્સવની ઉજવણી બાદ કીમ નદીમાં ન્હાવા પડેલા ત્રણ યુવાન મિત્રો ડુબી ગયા

## ફાયર બ્રિગેડે કલાકોની જહેમતે કીમ નદીમાંથી ત્રણેય યુવકોના મૃતદેહો શોધી કાઢ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરતના માંગરોળમાં પાનસરા ગામ પાસે કીમ નદીમાં ન્હાવા ગયેલા ૩ યુવાનોના ડૂબી જવાથી મોત થયા છે. ધુળેટીના દિવસે બનેલી આ ઘટનાથી શોક ફેલાયો છે.

ગુજરાતમાં ધુળેટીના રંગોત્સવ વચ્ચે શોકના સમાચાર સામે આવ્યા છે. અરવલ્લીના માલપુરમાં બે પિતરાઈ ભાઈઓના ડૂબી જવાથી મોતની શાહી હજુ સુકાઈ નહોતી ત્યાં સુરત જિલ્લામાં પણ આવી જ એક હૃદયદ્રાવક ઘટના બની છે. માંગરોળ તાલુકાના પાનસરા ગામ પાસેથી પસાર થતી કીમ નદીમાં ન્હાવા ગયેલા ત્રણ મિત્રોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યા છે.



ધુળેટીના દિવસે રંગે રમ્યા બાદ ગરમીથી રાહત મેળવવો અને ન્હાવા માટે ત્રણ યુવાનો પાનસરા ગામ પાસે આવેલી કીમ નદીના કિનારે ગયા હતા. જોકે, નદીના પાણીના પ્રવાહ અને ઊંડાણનો અંદાજ ન રહેતા ત્રણેય યુવાનો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ક્ષણભરમાં જ હસતા-રમતા ચહેરાઓ પાણીમાં વિલીન થઈ જતા કિનારે હાજર લોકોમાં બૂમાબૂમ મચી ગઈ હતી.

આ અત્યંત દુઃખદ અને કમનસીબ ઘટનામાં ચંદ્રભૂષણ સિંગ, હેપ્પી ભાઈ સિંગ અને સંજય ધનજી માંગુકિયા નામના ત્રણ આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવ્યા છે. તેમના અકાળે થયેલા મૃત્યુને કારણે તેમના પરિવારજનો માથે આભ તૂટી પડ્યું છે, જ્યારે સમગ્ર પંથકમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે.ઘટનાની જાણ થતાં જ સુમિલન ફાયર બ્રિગેડની ટીમ અને સ્થાનિક તરવૈયાઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ભારે જહેમત બાદ નદીના ઊંડા પાણીમાંથી ત્રણેય યુવાનોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા.

કોસંબા પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે કીમ PHC સેન્ટર ખાતે ખસેડ્યા હતા. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પોર્ટુગલના બોગસ પાસપોર્ટ પર ભારત આવેલા અમરેલીના આધેડની ધરપકડ

## સુરત એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓની તપાસમાં ભાંડો ફૂટ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ફરી એકવાર ડોક્યુમેન્ટ ફ્રોડનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોર્ટુગલની નકલી નાગરિકતા અને બોગસ પાસપોર્ટના આધારે ભારત આવેલા અમરેલીના એક શખ્સને ડુમસ પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીએ વિદેશમાં સેટલ થવા માટે પોતાની ઓળખ બદલી 'કાલ્પેશકુમાર' નામે દસ્તાવેજો બનાવ્યા હતા, પરંતુ ઈમિગ્રેશન અધિકારીઓની તપાસમાં તેનો ભાંડો ફૂટી ગયો હતો.

મૂળ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના કમી કેરાળા ગામના વતની અને હાલ સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા ૪૯ વર્ષીય ભાવેશભાઈ ધીરુભાઈ બોરડની આ મામલે ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, ભાવેશભાઈએ પોર્ટુગલ જવા માટે અને ત્યાંની નાગરિકતા મેળવવા માટે 'બામણિયા કલ્પેશકુમાર રતિલાલ' તરીકેનું ખોટું નામ ધારણ કર્યું હતું. આ માટે તેણે બોગસ દસ્તાવેજો અને કિંમતી જામીનગીરીઓ પણ ઊભી કરી હતી.

ઘટનાની વિગત મુજબ, આરોપી ગત તારીખ ૨ માર્ચ, ૨૦૨૬ પહેલા કોઈપણ સમયે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટના ફર્સ્ટ ફ્લોર પર આવેલા ઈન્ટરનેશનલ અરાઈવલ એરિયામાં પહોંચ્યો હતો. અહીં ઈમિગ્રેશન ઓફિસ ખાતે જ્યારે તેના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી, ત્યારે અધિકારીઓને શંકા ગઈ હતી. સઘન તપાસ દરમિયાન માલૂમ

**અનુસંધાન પાના ૭ પર**

# ડુમસના વ્યસન મુક્તિ કેન્દ્રમાં યુવકને તાલીબાની સજા કરનાર ૪ની ધરપકડ

## યુવક ધવલ રાઠોડને ચાર લોકોએ ક્રુરતાપૂર્વક માર મારતા મોત થયું હતું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

સુરત શહેરના ડુમસ રોડ પર સુલતાનાબાદ ખાતે આવેલા 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં માનવતાને શર્મસાર કરતી અને કાયદો-વ્યવસ્થાને પડકારતી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. વ્યસન મુક્તિની સારવાર માટે આવેલા ૩૨ વર્ષીય યુવક ધવલ જયંતીભાઈ રાઠોડની સંસ્થાના કાઉન્સિલરો અને ડ્રાઈવરે ભેગા મળીને કરપીણ હત્યા કરી નાખી છે. મૃતક ધવલભાઈ પોલીસ ઈન્સ્પેક્ટરના ભાઈ હતા, તેમ છતાં આ નરાધમોએ જરા પણ ખૌફ રાખ્યા વગર તેમને તાલિબાની સજા આપી મોતને ઘાટ ઉતારી દીધા છે. ચારેય આરોપીની ધરપકડ કરાઈ છે.

ઘટનાની શરૂઆત ગત ૧ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે ૯ વાગ્યાના અરસામાં થઈ હતી. ધવલ રાઠોડને વ્યસન મુક્તિની સારવાર માટે ૨૮ ફેબ્રુઆરીએ જ ડુમસના સુલતાનાબાદ સ્થિત 'રિવા વ્યસન મુક્તિ અને રિહેબ સેન્ટર'માં સારવારમાં દાખલ કરવામાં આવ્યા હતા. રવિવારની રાત્રે સંસ્થાના કાઉન્સિલર જિગ્નેશ ભાસ્કરભાઈ દેસાઈ ધવલ પાસે ગયા હતા અને તેમને સારવારની ગોળીઓ લેવા જણાવ્યું હતું. ધવલે આ ગોળીઓ લેવાની ના પાડતા જ જિગ્નેશ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો. તેણે કોઈપણ જાતની સમજાવટ વગર ધવલને જોરદાર તમાચો મારી દીધો હતો. આ વાતને લઈને ધવલ અને જિગ્નેશ વચ્ચે ઝપાઝપી શરૂ થઈ હતી.

જ્યારે ધવલે પોતાનો બચાવ કરવા બૂમાબૂમ કરી, ત્યારે નીચેના માળેથી સંસ્થાના અન્ય કાઉન્સિલરો રોહન, શૈલેષ અને સંસ્થાની ગાડીનો ડ્રાઈવર દિલીપ ઉપર દોડી આવ્યા હતા. આ ચારેય જણાએ ધવલ સાથે ગાળાગાળી શરૂ કરી હતી. આરોપી રોહને તો ધવલની આંખમાં આંખ પરોવી ધમકી આપી હતી કે, "તારા જેવા ઘણાને મેં સીધા કરી દીધા છે, તારી અમારી સામે થવાની હિંમત કેમ થઈ? આજે તો તને છોડવાનો નથી, તને મારી જ નાખવાનો છે."

આરોપીઓએ ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી હતી. ડ્રાઈવર

**અનુસંધાન પાના ૭ પર**

# કતારગામમાં માથાભારે તત્વોનો પરિવાર પર હુમલો : ૧૨ ઈજાગ્રસ્ત

## માથાભારે તત્વોએ પાણીની કોથળી ફેંકતા મારા મારીમાં મહિલાઓના કપડા ફાડ્યાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૫**

ડાયમંડ સિટીમાં શાંતિપૂર્ણ રીતે ઉજવાતા ધુળેટીના પર્વમાં કતારગામ વિસ્તારમાં અસામાજિક તત્વોએ માઝા મૂકી હતી. કતારગામના બાપાસીતારામ ચોક પાસે આવેલી રૂક્ષ્મણી સોસાયટી નજીકથી પસાર થઈ રહેલા એક નિર્દોષ પરિવાર પર લુખ્ખા તત્વોએ હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ હિચકારા હુમલામાં મહિલાઓ સહિત ૧૨ જેટલા લોકોને ઈજા પહોંચી છે.

ધુળેટીના દિવસે એક પરિવાર પોતાની ગાડીમાં સવાર થઈને રૂક્ષ્મણી સોસાયટી પાસેથી પસાર થઈ રહ્યો હતો. તે સમયે રસ્તા પર ઉભેલા કેટલાક લુખ્ખાતત્વોએ ગાડી પર ગંદા પાણીની કોથળીઓ ફેંકી હતી. પરિવારે આ બાબતે વિરોધ કરતા મામલો બિચક્યો હતો. અસામાજિક તત્વોએ દાદાગીરી કરી ગાડીની ચાવી કાઢી લીધી હતી અને અભદ્ર ગાળાગાળી શરૂ કરી દીધી હતી.

ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે લુખ્ખાતત્વોએ ઉશ્કેરાઈ જઈને પરિવાર પર હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ હાથમાં પહેરેલા ભારે કડા અને લાકડાના ફટકાઓ વડે પરિવારના સભ્યોને બેરહેમ રીતે માર માર્યો હતો. આ દરમિયાન બચાવવા વચ્ચે પડેલા અન્ય યુવકો અને મહિલાઓને પણ છોડવામાં આવ્યા નહોતા. કુલ ૧૨ જેટલા મહિલા અને પુરુષોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક અસરથી સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.આ હુમલાની સમગ્ર ઘટના નજીકમાં લાગેલા ઝઝ્રફ કેમેરામાં કેદ થઈ ગઈ છે. ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે કઈ રીતે લુખ્ખાતત્વો રસ્તા પર આતંક મચાવી રહ્યા છે અને નિર્દોષ લોકોને નિશાન બનાવી રહ્યા છે. ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો સ્મીમેર હોસ્પિટલ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તોના નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી હતી. પોલીસે ઝઝ્રફ ફૂટેજ કબજે કર્યા છે અને તેના આધારે હુમલાખોરોની ઓળખ કરી તેમને ઝડપી પાડવા માટે કાર્યવાહી હાથ ધરી છે.

# સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ૩૭ ડીગ્રી જેટલુ ઉંચુ તાપમાન

## માર્ચ મહિનાના આરંભ રાજ્યના અનેક વિસ્તારોમાં કાળઝાળ ગરમી

**સુરત, તા.૦૫**

દક્ષિણ ગુજરાતમાં ઉનાળાએ સત્તાવાર રીતે દસ્તક આપી દીધી હોય તેમ તાપમાનમાં ધરખમ વધારો જોવા મળી રહ્યો છે. આજે ૫ માર્ચ, ૨૦૨૬ના રોજ સુરતનું મહત્તમ તાપમાન ૩૭.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાતા શહેરીજનોએ અંગ દઝાડતી ગરમીનો અનુભવ કર્યો હતો. માર્ચ મહિનાના પ્રારંભિક દિવસોમાં જ ગરમીનો પારો ૩૮ ડિગ્રીની નજીક પહોંચી જતાં આગામી દિવસોમાં આકરા ઉનાળાના સંકેતો મળી રહ્યા છે.

હવામાન વિભાગના આંકડા અનુસાર, શહેરમાં લઘુત્તમ તાપમાન ૨૦.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. આનો અર્થ એ થયો કે વહેલી સવારે ગુલાબી ઠંડી અને બપોરે આકરો તાપ એમ બેવડી ઋતુનો અનુભવ સુરતીઓ કરી રહ્યા છે. તાપમાનમાં જોવા મળતો આ મોટો તફાવત સામાન્ય જનજીવન પર અસર પાડી રહ્યો છે, જેના કારણે સવાર-સાંજ અને બપોરના વાતાવરણમાં મોટો ફેરફાર દેખાઈ રહ્યો છે.

ગરમીની સાથે હવામાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર જોવા મળ્યું છે. આજે હવામાં ભેજનું સ્તર ૮૦% જેટલું ઊંચું રહ્યું હતું. જ્યારે તાપમાન ઊંચું હોય અને ભેજનું પ્રમાણ વધારે હોય, ત્યારે પવનની ગતિ સામાન્ય હોવાને કારણે બફારો અને અકળામણ વધુ વર્તાય છે. પવનની ગતિ શૂન્ય જેવી રહેતા પરસેવાથી તરબતર થતા લોકોએ ઓફિસ અને ઘરોમાં એસી-પંખાનો આશરો લેવો પડ્યો હતો.વાતાવરણમાં આવેલા આ અચાનક બદલાવની અસર આરોગ્ય પર પણ જોવા મળી રહી છે. હવામાં ભેજ અને બપોરના આકરા તાપને કારણે ડિહાઈડ્રેશન અને વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો થવાની ભીતિ સેવાઈ રહી છે. આરોગ્ય નિષ્ણાતોએ નાગરિકોને સીધા તડકામાં જવાનું ટાળવા અને બને તેટલું વધુ પાણી તથા પ્રવાહી આહાર લેવાની સલાહ આપી છે, જેથી શરીરમાં પાણીનું સ્તર જળવાઈ રહે.સ્થાનિક હવામાન કચેરીના જણાવ્યા અનુસાર, વાતાવરણનું દબાણ ૧૦૧૪.૭ hpa નોંધાયું છે. આગામી અઠવાડિયામાં જો પશ્ચિમી પવનો ફૂંકાવાનું શરૂ થશે તો ગરમીના પારામાં હજુ પણ ૧થી ૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

**અમેરીકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધ**

# એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરના ઉદ્યોગો ચિંતિત

## યુધ્ધ લાંબુ ચાલશે તો આયાત-નિકાસમાં ૩૦ ટકા ઘટાડો થવાની સંભાવના

**અંકલેશ્વર, તા.૫**

અમેરિકા અને ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલ યુદ્ધની અસર એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરના ઉદ્યોગો પર જોવા મળી શકે છે.ખાડી દેશોમાં યુદ્ધની પરિસ્થિતિના પગલે ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળતા તેની અસર પ્રોડકશન સાથે ટ્રાન્સપોર્ટેશન પર પણ થઈ શકે છે.

અમેરિકા અને ઈઝરાઈલે ઈરાન પર કરેલાં હુમલાની અસર એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહત અંકલેશ્વરના ઉદ્યોગો પર પડી શકે છે. ઈરાન સહિતના ખાડી દેશો વિશ્વની ખનીજતેલની જરૂરિયાત પૂર્ણ કરે છે ત્યારે આગામી દિવસોમાં ખનીજતેલના ભાવ વધવાની શક્યતાઓ રહેલી છે. આ યુધ્ધ લાંબુ ચાલશે તો અંકલેશ્વરના ઉદ્યોગોમાંથી આયાત અને નિકાસ ૨૫ થી ૩૦ ટકા જેટલી ઘટવાની સંભાવના છે.અમેરિકા સાથે ટ્રેડ ડિલ બાદ રશિયા અને વેનેઝુએલાથી આવતો ક્રૂડ ઓઈલનો જથ્થો ઓછો થઈ ગયો છે. આ ઉપરાંત ભારત ઈરાન પાસેથી પણ ખનીજતેલની ખરીદી કરે છે. ઈરાને હવે હોમુર્ઝની ખાડીવાળો દરિયાઈ માર્ગ બંધ કરીને ઓઈલ ટેન્કરોને મધદરિયે રોકી દીધાં છે. ખનીજતેલની માગની સામે જથ્થો ઓછો થઈ જતાં આગામી દિવસોમાં તેના ભાવ વધવાની સંભાવના છે. જેના પગલે ભરૂચ જિલ્લામાં આવેલાં ફાર્મા, બલ્ક ડ્રગ્સ, એગ્રો તથા પેટ્રો કેમિકલના ઉદ્યોગો પર અસર થઈ શકે છે.

ઈરાન અને ઈઝરાઈલ વચ્ચે યુધ્ધ લાંબુ ચાલશે તો ખનીજ તેલની સાથે તેની બાય પ્રોડકટના ભાવ પણ ભડકે બળશે. રો- મટીરીયલ મોંઘુ થવાથી કંપનીઓનો ઉત્પાદન ખર્ચ વધી જશે. જેની સીધી અસર ભરૂચ જિલ્લામાંથી થતી આયાત અને નિકાસ પર પડશે. ઉદ્યોગકારોના મતે આયાત અને નિકાસમાં ૨૫ થી ૩૦ ટકાનો ઘટાડો થવાની સંભાવના છે.